ગુજરાતીઓએ લખેલા

ફારસી ગ્રંથો



ગુજરાત વર્નાક્યુલર સોસાયટી · અમદાવાદ


ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો.

મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધિયા ગ્રંથમાળા—પુ૦ ૧૦

ગુજરાતીઓએ લખેલા

ફારસી ગ્રંથો

દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
એમ. એ., એલએલ. બી., જે. પી.



ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

આવૃત્તિ ૧લી
પ્રત ૧૭૫૦

કીમત એક રૂપિયો

ઈ. સ ૧૯૪૫
વિ. સં. ૨૦૦૧

અનુક્રમ

ઉપયોગમાં લીધેલાં સાધનોની યાદી

૧. ભરૂચના કાજી સાહેબ સૈયદ નુરૂદ્દીન હુસેને આપેલાં વ્યાખ્યાનો તથા પોતાને ત્યાંના સંગ્રહ તથા બીજા સંગ્રહો પરથી તૈયાર કરી આપેલી નોંધ.
૨. શ્રી ફૉર્બસ ગુજરાતી સભાની ફારસી હસ્તલિખિત પ્રતો પર ભાઈ મહમદ ઉમર કોકિલે તૈયાર કરેલી નોંધ.
૩. સર જદુનાથ સરકાર—ઔરંગઝેબનો સમય.
૪. મિરાતે સિકંદરી–Bayley નો તરજુમો.
૫. મિરાતે અહમદી–ફારસી
૬. મુંબઈની જામે મસ્જિદના કિતાબખાનાનું કેટલૉગ,
૭. Catalogue of Persian Manuscripts in the Library of The University of Bombay.
૮. Catalogue of Books in the K. R. Cama Oriental Institute, Bombay.
૯. Dr. J. M Unvala's collection of Colophons in Manuscripts bearing on Zoroastrianism in some Libraries of Europe.
૧૦. પારસી પ્રકાશ-બધાં દફતર.
૧૧. એરવદ જમશેદ કાવસજી કાત્રકનો ગુજરાતમાં હસ્તલિખિત પ્રતોનો રિપોર્ટ.

પ્રકાશક : **જેઠાલાલ જીવણલાલ ગાંધી** : આસિસ્ટન્ટ સેક્રેટરી,
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ

મુદ્રક : મણિલાલ પુ. મિસ્ત્રી, બી. એ. આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ.

મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધિયા ગ્રંથમાળા.

પરિચય

મુસલમાન કોમમાં સાંસારિક રીતરિવાજોમાં સુધારો થાય, નીતિની વૃદ્ધિ થાય અને સામાન્ય જ્ઞાન તથા વિદ્યાનો પ્રચાર થાય એવાં પુસ્તકો ઇનામ આપીને રચાવવા માટે કાઠિયાવાડના ધોરાજી ગામના વતની અને વેપાર અર્થે દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં રહેતા તથા "પૃથ્વી-પ્રદક્ષિણા" નામના પુસ્તકના કર્તા મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધિયાએ રૂ. ૨૫૦૦) ની ત્રણ ટકાની સરકારી પ્રોમિસરી નોટો સન ૧૯૦૩ માં સોસાયટી હસ્તક સોંપી હતી. ફંડની આવકમાં કાયમનો વધારો થાય એ માટે સોસાયટીએ એ જ સાલમાં સદરહુ નોટો વેચી એનાં અમદાવાદ મ્યુનિસિપાલિટીનાં સવાચાર ટકાનાં રૂ. ૨૨૦૦) નાં ડિબેન્ચરો લીધાં છે. એના વ્યાજમાંથી "મેમણ હાજી સુલેમાન શાહ-મહમદ લોધિયા ગ્રંથમાળા"ના નામથી આજસુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો રચાવી સોસાયટીએ છપાવી પ્રસિદ્ધ કર્યાં છેઃ—

પુસ્તક	લેખક	કીમત
૧. મુસલમાનોની રાજકીય તેમ જ વિદ્યાસંબંધી ચડતીનો ઇતિહાસ અને તેમની પડતીનાં કારણો	મહેબૂબમિયાં ઇમામબક્ષ કાદરી	૦–૨–૦
૨. ઇસ્લામની ભરતીઓટ	નનામિયાં રસૂલમિયાં	૦–૮–૦
૩. સર સૈયદ એહમદનું જીવનચરિત્ર	મહેબૂબમિયાં ઈમામબક્ષ કાદરી	૦–૮–૦
૪. મિરાતે સિકંદરી	આત્મારામ પો. દીવાનજી	૧–૦–૦
૫. અચામા	અમીરમિયાં હમદુમિયાં ફારૂકી	૦-૧૦-૦
૬. મિરાતે અહમદી વૉ. ૨. ખંડ ૧	દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી	૧–૦–૦
૭. ,, ,, ખંડ ૨	,,	૧–૦–૦
૮. ,, ,, ખંડ ૩	,,	૧–૦–૦
૯. ,, ,, ખંડ ૪	,,	૧–૦–૦
૧૦. ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો	,,	૧–૦–૦

ગુ. વ. સોસાયટી — **જેઠાલાલ જીવણલાલ ગાંધી**

અમદાવાદ, તા. ૧૫–૬–'૪૫ — આસિસ્ટન્ટ સેક્રેટરી

પ્રસ્તાવના

સ્વ. ભાઈ હીરાલાલ પારેખને આજથી બાર પંદર વરસ ઉપર એ વિચાર આવેલો કે ગુજરાતીઓની કલમે લખાયેલા ફારસી ગ્રંથો સંબંધી એક નાનોસરખો લેખ પણ લખાય તો એ બહાને ગુજરાતીઓના એ ભાષાના અભ્યાસના અવશેષો જળવાઈ રહે. એમણે મને એક ટૂંકો લેખ તૈયાર કરી આપવા સૂચવેલું. મેં હા કહી. પછી એ કામ વિલંબમાં પડ્યું. પછી પાછી ઈ. સ. ૧૯૪૦ માં સોસાયટી તરફથી ઉઘરાણી થઈ ને મેં અધૂરું રહેલું કામ હાથમાં લીધું. સને ૧૯૪૧ ના જૂનની આખરમાં મારી નોંધ સોસાયટીને સોંપી દીધી, તે હવે પ્રસિદ્ધ થાય છે.

એ નોંધ ઘણી અધૂરી છે, પરંતુ જે સાધન પ્રાપ્ય હતાં તેનો ઉપયોગ કરી જે કાંઈ નોંધવાલાયક લાગ્યું તે નોંધ્યું છે.

સોસાયટીની પાસે સૈયદ અબુઝફર નદવી સાહેબ જેવા નાદર ઉર્દૂ ને ફારસીના કાબેલ પંડિત છે, કે જેમની મદદ લેવા માટે મેં એમને પૂછતાં એમણે ઘણી ખુશીથી મારી અરજ સ્વીકારી, મને ઘણી રીતે મારા કાર્યમાં મદદ આપી છે. એમનો હું ઋણી છું. "પુરવણી"નો આખો ભાગ જ એમણે લખી આપ્યો છે, અને પોતે એમાંના ઘણાખરા ગ્રંથો જોયેલા અને વાંચેલા હોવાથી એમાંથી ઉતારા આપીને પોતે લખેલા ભાગને ઘણો રસિક બનાવ્યો છે.

સૈયદ સાહેબ આ જ વિષય સંબંધે મારા સંકુચિત ક્ષેત્ર કરતાં વધારે વિસ્તૃત ક્ષેત્ર પર કામ કરી રહ્યા છે. એ પૂરું થયે આના કરતાં વધારે કીમતી લેખ આપણને મળશે. દરમિયાન એમની મદદ માટે એમનો ઘણો આભાર માની સંતોષ લઉં છું.

હિંદુઓની કલમે અત્રે નોંધાયેલા સિવાયના બીજા ગ્રંથો લખાયા હશે એમ મારી ખાત્રી છે, પરંતુ એ ગ્રંથો અને લેખો સંબંધી કાંઈ પણ

હકીકત મળવી મુશ્કેલ છે; જો કે સૈયદ સાહેબે બને તેટલી શોધ કરી ઘણા નહિ જણાયેલા હિંદુ લેખકોને બહાર આણ્યા છે.

આ ગ્રંથમાં આપેલી યાદી વાંચતાં જણાશે કે સાહિત્યનાં ઘણાં-ખરાં અંગોનો એમાં સમાવેશ થઈ ગયો છેઃ ગદ્ય અને પદ્ય બંનેનો ઉપયોગ, ઈતિહાસ, વિજ્ઞાન, રમૂજ, વૈદક, વહાણવટું, જીવનકથા, ધર્મ, સૂફીવાદ. વગેરે વિષયો સંબંધી સેંકડો પુસ્તકોમાં થઈને તે લખાયાં છે. છેવટ પત્રવ્યવહાર (રૂકાત) અને રોજનીશી-ડાયરી-બયાઝ-એ સંબંધે તો જાણે મુસલમાન ને હિંદુ ભાઈઓ વચ્ચે હરીફાઈ ચાલી આવી હોય એમ દેખાઈ આવશે. "પુરવણીમાં"ના કેટલાએ લેખકોને ડાયરી રાખવાનું એક જાતનું તાન જ લાગેલું સમજાય છે.

ડાયરી એ ઐતિહાસિક લેખનનો એક અગત્યનો અંશ છે, એટલે તેટલે દરજ્જે હિંદુ લેખકોએ પણ ઇતિહાસલેખનને મદદ આપેલી ગણાય. એ બધી ડાયરીઓ રીતસર પ્રકાશમાં આવશે ત્યારે આશા છે કે ગુજરાતના ઇતિહાસનું એક વિશ્વસનીય સાધન આપણને પ્રાપ્ત થશે. દાખલા તરીકે "પુરવણી"ના નંબર (૨૨) વાળા મહેતા શોભારામની ડાયરી ગુજરાતના તો નહિ, પણ હિંદુસ્તાનના ઇતિહાસ સંબંધે કેટલીએક વિગતવાર નોંધ આપે છેઃ કમનસીબ ફર્રૂખ-સિયર પાદશાહના મોતની પોતે તફસીલવાર હકીકત જણાવે છે. આ બધું ફારસી સાહિત્ય હજુ વગર જણાયેલું, વગર વપરાયેલું અંધારામાં પડી રહ્યું છે. ગુજરાતનો સાચો ઇતિહાસ જાણવા માટે એ સાહિત્યનો ઉપયોગ થવો બહુ જરૂરી છે, એટલે એના ઉપર દુર્લક્ષ અપાય નહિ.

ખંભાત અને અમદાવાદ જેવાં શહેરોના ઈતિહાસ આપતી વખતે શ્રી. રત્નમણિરાવ ભીમરાવે એ સાધનોનો ઉપયોગ કરી જે દિશાસૂચન કર્યું છે તેવી રીતે દરેક શહેર માટે અને આખા પ્રાંતના ઇતિહાસ માટે કામ લેવાની આવશ્યકતા છે. આ રીતે ફારસી ભાષા ને ફારસી સાહિત્યનો અભ્યાસ આપણે ગુજરાતીઓને એક જરૂરની વસ્તુ છે.

ભરૂચના કાજી સૈયદ નુરૂદ્દીન હુસેન સાહેબ તેમ જ રા. મહમદ ઉમર કોકિલે, કામા ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટવાળા મિ. દસ્તુરે તેમ જ મી. જમશેદ કાત્રકની યાદીએ મને ઘણી મદદ કરી છે. એમનો પણ હું ઘણો આભાર માનું છું.

મુસલમાન ગ્રંથકારોની યાદીમાં એ યાદી લાંબા વખતે લખાયેલી હોવાથી કેટલાક નંબર એમાં તથા "પુરવણી"માં બેવડાઇ ગયા છે, તો એનો એક બીજાની પુરવણી તરીકે ઉપયોગ કરી શકાશે.

આ યાદી માત્ર યાદી જ રહેવાની. ફારસી પ્રત્યે લોકોની રુચિ ઘણી ઓછી થઈ ગઈ છે, એટલે ભૂતકાળમાં આપણે ગુજરાતીઓએ જે કરી બતાવ્યું છે તેની એક એંધાણી તરીકે જ એ લેખાશે, એમ હું સમજું છું; છતાં ગુજરાતના વિસ્તૃત ઇતિહાસસાહિત્ય માટે એને ઘણું અગત્યનું સ્થાન મળવું જોઇએ એવો મારો અભિપ્રાય છે.

મુંબઈ
તા. ૧૯ મી જૂન ૧૯૪૫ } કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૨૦	ગુજરાતી ફાર્બસ સભા	ફોર્બસ ગુજરાતી સભા
૩	૫	શિગર્ફ	શિગર્ફ
૮	૧૮	રહાટરસીકે	રહાટસીકે
૯	૨	લીધા	લીધાં
૧૦	૧૩	મૂતિભજકોની	મૂર્તિભંજકોની
૧૨	૨૦	મુતખબુત	મુન્તખેબત
૧૩	૧૧	ઇનાશાએ	ઇનશાએ
૧૪	૭	ધામિક	ધાર્મિક
૧૫	૧	મોનાનીતો	મોનાજાતો
૧૮	૧૧, ૧૫	ધામિક	ધાર્મિક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૯	૨, ૮, ૧૦	કેરાસ્પ	કેરશાસ્પ
૨૦	૧૯	તથા	આ તથા
૨૧	૮	મહારાણી	બમનજી ડોસાભાઇ પંથકીએ મહારાણી
૨૪	૨–૩	(જેવી કે જૂનાગઢ સ્ટેટની લાઇબ્રેરીઓમાં)	(જેવી કે જૂનાગઢ સ્ટેટની) લાયબ્રેરીઓમાં
૨૪	૧૦	જેને જ	જેને
૨૬	૭	તોહફુતુલ	તોહફતુલ્
૨૬	૯	હિ.	હિ. સ.
૨૬	૯–૧૦	હદીકે	હદીકએ
૨૬	૨૨	રુકનુદુહકે	રૂકનુલહકે
૨૭	૨૪	મકબૂલ આલમ	મકબૂલે આલમ
૨૮	ફૂટનોટ: લીટી ૩	દરરોજના જીવન...	આ ચાલુ વાકય રદ કરવાનું છે
૨૮	૬	એણે	એમણે
૨૯	૫–૬	લેખક સૈયદ જલાલુદ્દીન હમીદ આલમનો પુત્ર	લેખકનો પુત્ર
૨૯	૨૨	રસાલતે	રસાલયે
૩૦	૮	જાફ	જાફર
૩૦	૧૦	સો વાર્તાઓ	સો વાર્તાઓ–સદહેકાયત–
૩૧	૨૪	શરીફરપરે	શરીફ પર
૩૧	૨૬	તઝકિરકુલ	તઝકરત્ ઉલ્
૩૨	૨૩	મખઅઝને	મખઝને
૩૨	૨૬	મીરકમાઉદ્	મીરકમાલઉદ્
૩૫	૨૬	રહેમાન, બુટ્ટા	રહેમાન બુટ્ટા,
૩૬	૧	લઝાઝત	લઝ્ઝત
૩૭	૨૪	૪૭	૪૦
૩૮	૧૪	ફ્તૂહાતે	ફતૂહાતે
૩૯	૪	સરીનઉસ્ સાદાત	સરીનતઉસ્સાદાત

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૦	૭	સીધયા	સીંધિયા
૪૯	૧૨	પહોંરયો	પહોચ્યો
૫૪	૧૫	આાવ્યું	આવી
૫૮	૧૬	નવબાદ એ	નવબાદએ
૫૯	૨	કના	કે·તા
૫૯	૨૧	રૂગદાયેદરગહેહરૂ	કેગદાયે દરગહે હક્ક
૬૩	૧૨	ઉછર્યા હતા	ઊછર્યો હતો
૬૩	૧૨-૧૫	તેમણે	તેણે
૬૭	૨૪	(સરદારો)	(સરદારી)
૭૦	૧	—	કુદડી
૭૦	ફૂટનોટ	—	કુદડી જુઓ ૭, પૃષ્ઠ ૨૭
૭૨	૧૯	સયદ	સૈયદ
૭૭	૧૫	બાપ્રુ	શેખ
૮૯	ફુટનોટ ૧	૨૯૦	૨૯.
૯૩	૨૬	બરૂયે	બરાયે
૧૦૦	૬	"કુમ્ચી"	"કુમ્ચી"૧
૧૦૦	ફૂટનોટ ૧	જુઓ ૪૯ પૃષ્ઠ ૩૫ તથા ૬૬ પૃષ્ઠ ૩૯	૧. જુઓ ૬૨ પૃષ્ઠ ૩૮
૧૦૦	૧૨	૧. ૩૫	૨. ૩૫
૧૦૦	ફૂટનોટ	—	ફૂટનોટ (૨) જુઓ ૬૬, પૃષ્ઠ ૩૯
૧૦૦	૧	કરરાર	કરહાર૪
૧૦૦	ફૂટનોટ	ફૂટનોટ	વધારો ૪. જુઓ ૪૮ પૃષ્ઠ ૩૫
૧૦૦	,, ૧	જુઓ ૩૯	જુઓ ૪૯
૧૦૨	૧	તેમાં તે	તેમાં તેણે
૧૦૩	ફુટનોટ	જુઓ ૪, પૃષ્ઠ ૨૬	જુઓ પૃષ્ઠ ૮૩
૧૦૪	,,	૧. જુઓ પૃષ્ઠ ૮૩	જુઓ ૪, પૃષ્ઠ ૨૬.

ગુજરાતીઓએ લખેલા

ફારસી ગ્રંથો

ગુજરાતના ઇતિહાસમાં એક સમયે, એટલે જેટલો વખત ગુજરાત પર મુસલમાનોની હકૂમત રહી તેટલો વખત, ફારસી દરબારી એટલે રાજભાષા તરીકે પ્રચલિત હતી. સરકારી ફરમાનો એ ભાષામાં નીકળતાં, સરકારી પત્રવ્યવહાર એ ભાષામાં થતો, અદાલતમાં એ ભાષા વપરાતી, એટલે લોકો જો કે પોતાના નિત્યના અને સાધારણ વ્યવહારમાં ગુજરાતી ભાષા વાપરતા, છતાં સરકારી દરબારી કામ અંગે તો ફારસી ભાષાનો જ ઉપયોગ થતો, અને જેમ આજે અંગ્રેજી રાજભાષા હોવાથી લોકોને જોકે તે ભાષા ફરજિયાત શીખવાની જરૂર નથી પરંતુ મરજિયાત જેનાથી બને તે બધા જ શીખે છે, તેમ તે વખતે ફારસીને અંગે હતું. અત્રે કામધંધે આવતા અંગ્રેજો પણ ફારસી શીખતા, કારણ સુલતાન, નવાબ, બાદશાહ અને છેવટ શહેરના હાકેમ જોડે પણ ફારસી મારફતે જ સંસર્ગ મેળવાતો: આને લીધે ગુજરાતમાં વસતી ત્રણે કોમના કેળવાયેલા માણસો જો ફારસી ન શીખતા તો તેમની કેળવણી અધૂરી ગણાતી. પારસીઓની ઈરાનમાં તે માતૃભાષા હતી, અને તે દેશમાંથી તથા તે તરફથી આવતા મુસલમાનોની પણ તે માતૃભાષા હતી, એટલે તેમને એ ભાષાનો અભ્યાસ કઠણ પડતો નહિ: પરંતુ ગુજરાતના વતની હિંદુઓને તો એ ભાષા અપરિચિત હોવાથી તેનો ખાસ અભ્યાસ કરવો પડતો, કારણ એ ભાષા જેને ન આવડે તેને માટે દરબારી, સરકારી ખાતાંમાં જોડાવાનાં દ્વાર બંધ હતાં.

હિંદુઓમાં મુખ્યત્વે નાગર અને કાયસ્થ એ મુત્સદ્દી કોમે ફારસી ભાષાનો અભ્યાસ ઘણા ઊંચા પ્રકારનો કર્યો અને તેથી જુદાં જુદાં સરકારી ખાતાંઓમાં તેમણે ઉચ્ચ દરજ્જા મેળવ્યા, એટલું જ

નહિ પણ ઘણાએ તો ફારસી સાહિત્યનાં ગદ્ય અને પદ્ય પર સારો કાબૂ પ્રાપ્ત કરી ફારસીમાં ગ્રંથો પણ લખ્યા. આ ઉપરાંત તેઓએ લહિયાનો ધંધો પણ હાથ કર્યો અને તે વખતે લહિયાઓ એટલે નકલ કરનાર માણસોની બહુ જ જરૂર રહેતી, કારણ તે સમયમાં છાપખાનાં હસ્તીમાં ન હોવાથી, પુસ્તકોની હાથે નકલ કર્યા સિવાય છૂટકો ન હતો. સુલતાનો, હાકેમો, તથા બીજા સાહિત્યપ્રિય અમલદારોને ત્યાં અને મુસલમાન સાધુસંતોના ખાનકાહ-(મઠ)માં કિતાબખાનાં રહેતાં; તે કિતાબખાનામાં મોટે ભાગે જાણીતાં પુસ્તકોની નકલો જ રાખવામાં આવી શકે. લહિયાનો ધંધો ધીમે ધીમે એક હુન્નર, બલ્કે સુંદર કલાની કક્ષાએ પહોંચી ગયો હતો; તે તે સમયમાં હાથે લખાયેલી પ્રતો–ફારસી, ગુજરાતી, અને બાલબોધ લિપિમાં (જેને ફારસીમાં " કલમી " કહે છે,) જેમણે જોઈ હશે તેમને એ બાબતની ખાત્રી થઈ હશે.

આનું એક જ ઉદાહરણ આપીશ. તવારીખે સોરઠના લેખક દીવાન રણછોડજી અમરજીને સંસ્કૃત અને ગુજરાતી ઉપરાંત ફારસી સાહિત્યનું જ્ઞાન ઘણા ઊંચા પ્રકારનું હતું. એ જ્ઞાન એમણે એ સાહિત્યનો ગાઢ અભ્યાસ કરી મેળવેલું. એ અભ્યાસને માટે ફારસી પુસ્તકો જોઈએ. તે પુસ્તકો નકલ રૂપે જ મળી શકે, અને તે નકલ કરનારા પણ વિશ્વાસુ જોઈએ. દીવાન રણછોડજીની લાઈબ્રેરીમાંનાં કેટલાંક પુસ્તકો શ્રી ગુજરાતી ફાર્બસ સભાની પાસે છે, તે પુસ્તકોના લહિયાઓનાં નામ નીચે મુજબ છેઃ

પુસ્તકનું નામ	લહિયો (કાતિબ)
૧. સુરખાબે રમલ	માણશંકર નરભેરામ
૨. મજમે ઉસ્ સનામાંથી એક કસીદો શાહ મોઈઝ ઉદ્દ દીન સંજરની શાનમાં	,, ,, (સંવત ૧૮૮૩)
૩. દસાતીર ઉલ્ અતીબ્બા	,, ,,
૪. તિબ્બે શહાબી	,, ,,

૫. મજમે ઉલ્ બહરૈન ,, ,, (હિ. સ. ૧૨૪૬)
૬. આશ્રમે હિંદુસ્તાન શંકરપ્રસાદ
૭. ખારિસ્તાને મુનીર ,, (સંવત ૧૮૯૪)
૮. તસ્નીફાતે મુગટરામ ,,
૯. દસ્તૂરે શિગર્ફ ,,

મણિશંકર અને શંકરપ્રસાદ ઉપરાંત મથુરાપ્રસાદ ભગવાનદાસ જૂનાગઢી વડનગરા નાગરનું નામ પણ કેટલીએક પ્રતોમાં જોવામાં આવે છે. આ સિવાય મિરાતે અહમદીની એક નકલ જે મુંબઈ યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં છે તે નકલ કરનાર જૂનાગઢનો વૈષ્ણવ નાગર વરજદાસ વલદે રંગીલદાસ છે. (ઈ. સ.૧૮૨૫). આ મુજબ સૂરતમાંથી મળી આવતી કેટલીએ હસ્તલિખિત પ્રતોમાંથી કાયસ્થ લહિયાઓનાં નામ મળી આવે છે.

ઉપલાં નવ પુસ્તકો જુદાજુદા વિષયને લગતાં છે. પહેલો ગ્રંથ જ્યોતિષનો છે, બીજો પ્રશંસાત્મક કાવ્યો (કસીદા)નો છે. ત્રીજો વૈદકનો છે ને તેમાં હિન્દનાં જુદા જુદા પ્રદેશોનાં વર્ણન છે, ચોથો પણ વૈદકનો છે, પાંચમો ભારતીય તત્ત્વજ્ઞાનનો છે, છઠ્ઠો ઇતિહાસનો છે, સાતમો વાર્તાનો છે, આઠમો ઇતિહાસનો છે અને નવમો ફારસી ગદ્યપદ્યનો સંગ્રહ છે. સાથે સાથે દીવાન રણછોડજી ફારસી સાહિત્યના એકેએક અંગથી પરિચિત થવા કેટલા ઉત્સુક હતા તે જણાવવા એમની લાઈબ્રેરીમાંના કેટલાક બીજા ગ્રંથોનો અત્રે ઉલ્લેખ કરવો અયોગ્ય નહિ ગણાય.

૧. રતપદમ — રત્નસેન પદ્માવતીની કથા. "બઝ્મી"-એ ફારસીમાં કાવ્યરૂપે લખેલી તેની નકલ.
૨. યૂસુફ ઝુલેખા — કવિ "જામી"નું પ્રખ્યાત કાવ્ય.
૩. કિતાબે મુસવી અથવા પરદાખ્તે મુસવી — અમીર ઉમરાવો પર કાગળો કેમ લખવા તે બાબત સૂચના.

૪. ગુલઝારે હાલ — બનવારીદાસ "વલી"નો કરેલો પ્રબોધચંદ્રોદય નાટકનો ફારસી અનુવાદ.

આ તેર પુસ્તકો તો માત્ર વાનગી દાખલ બતાવ્યાં છે. પરંતુ એ સિવાય બીજાં ઘણાં પુસ્તકો એમની પાસે હોવાં જોઈએ, કારણ ફારસી સાહિત્યશાસ્ત્રના એક પણ અંગનો એમણે અભ્યાસ કર્યો નથી એમ નથી.

ગુજરાત વર્નાકયુલર સોસાયટીની પાસે પણ કેટલાક ફારસી ગ્રંથોની હસ્તલિખિત પ્રતો છે, તેમાંથી ગુજરાતના વતનીઓને હાથે લખાયેલાં નીચે મુજબ પુસ્તક છેઃ

(૧) નવબાદ યે માધવીઃ (હિ. સ. ૧૧૦૨).

કર્ત્તા મશહૂર માણસ હતો, ગુજરાતનો વતની હતો, ન્નાતે નાગરબ્રાહ્મણ હતો, પોતાને એક પુત્ર ગોકળચંદ માટે નમૂના રૂપે રુકાત (પત્રો) લખ્યા હતા, કે જે વાંચીને તે રુકાત લખતાં શીખે. એણે બીજાં ફારસી પુસ્તકો લખ્યાં છે, જેવાં કે દીવાન, કથાનામા, અને ફસ્લી તારીખ.

(૨) રુકયે ગરીબઃ (હિ. સ. ૧૨૦૦) કર્ત્તા કરસનજી વેદાંતી. ઘણું કરીને ગુજરાતી નાગર હોવો જોઈએ.

(સૈયદ અબુઝફર નદવી સાહેબની મદદથી આ હકીકત મેળવી શકાઈ છે.)

જેમ જેમ અંગ્રજોની સત્તા વધારે જામતી ગઈ તેમ તેમ મુસલમાની અમલનો હ્રાસ થતો ગયો, અને તેને પરિણામે અમલદારો, મુત્સદ્દીઓ, અને શિષ્ટવર્ગની જે ભાષા હતી તેનો ઉપયોગ કમી થતો ગયો અને રાજકર્ત્તાની ભાષાનો ઉપયોગ વધતો ગયો. છતાં પણ આજથી પૂર્વે ૭૫–૮૦ વરસ સુધી તો એ વર્ગ તરફથી થતા ફારસી ભાષાના અભ્યાસના અવશેષો મળી આવે છે. માત્ર હિંદુઓનો જ દાખલો લેતાં અમદાવાદમાં રા. બા. ભોળાનાથ સારાભાઈ, જેમની મિરાતે અહમદીની

નકલ મિરાતે સિકંદરીના ભાષાંતરકાર Sir Edward Bayley-એ જોયેલી; અને ઑ. જસ્ટિસ સર હરસિદ્ધભાઇ વજુભાઇ દિવેટિયાના કુટુંબમાં ફારસી ગ્રંથો અભ્યાસ તથા ઉપયોગ માટે રાખેલા મળી આવે છે. સુરતમાં પણ તે મુજબ નાગર તથા કાયસ્થ ગૃહસ્થો એ જ સમય સુધી ફારસીનો અભ્યાસ કરતા કરાવતા મળી આવે છે. કોઇ નાગર ગૃહસ્થ તો સંધ્યા પણ ફારસીમાં કરતા. એ જ શહેરના જાણીતા દીવાનજી કુટુંબના એક વડવા મીઠારામે (નાસક) ત્ર્યંબકના ગોરના ચોપડામાં પોતાનાં નામઠામ ફારસીમાં લખી આપ્યાં હતાં.

ખુદ મુસલમાન અમલદારોના હાથ નીચે હિંદુઓ શિરસ્તેદાર, કારકુન, મુત્સદ્દી (વસૂલાતખાના અધિકારી) વગેરેના ઓધ્ધા ભોગવતા અને તેમને ઘણા ઉપયોગી થઇ પડતા, તે તેમના ફારસી ભાષાના જ્ઞાન વડે જ. મિરાતે અહમદીના લેખક અલીમહમદખાનને પોતાના હાથ નીચે, મીઠાલાલ નામનો શિરસ્તેદાર હતો તેની મદદ ન હોત તો મિરાતનું પુસ્તક તે ભાગ્યે જ લખી શકત. એ પુસ્તક લખાતું હતું તે દરમિયાન મીઠાલાલ ગુજરી ગયો, અને તેની ખોટ મિરાતના લેખકને કેટલી બધી સાલી તેની તે પોતાની પ્રસ્તાવનામાં શોકાતુર અને રડતે હૃદયે નોંધ કરી ગયો છે. મતલબ કે મીઠાલાલે પોતે તો કશો ગ્રંથ ફારસીમાં લખ્યો નહિ, પરંતુ તે લખવાનાં દરેક સાધન તો તેણે પૂરાં પાડી આપ્યાં.

પારસી કોમ હજુ સુધી ફારસી ભાષાનો અભ્યાસ સાચવી રાખી શકી છે, કારણ હજુ એ કોમનો ઇરાન જોડેનો સંબંધ ભાંગ્યોતૂટ્યો પણ ચાલુ છે. જો કે અભ્યાસ હવે બહુ જ સંકુચિત થઇ ગયો છે, ને ફારસી ભાષા જાણનારની સંખ્યા બહુ ઓછી થઇ ગઈ છે.

મુસલમાનભાઈઓ હજુ એ ભાષાનો અભ્યાસ જાળવી રહ્યા છે. ખાનદાની કુટુંબો અને ઊંચા વર્ગના મુસલમાન ભાઇઓ ફારસી ભાષા અને ફારસી સાહિત્યનું જ્ઞાન હજુ પણ પોતાની કેળવણીનું એક વિશિષ્ટ અંગ ગણે છે.

"ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો" એ શીર્ષક નીચે "ગુજરાતીઓ" એ શબ્દમાં ગુજરાતમાં વસતી ત્રણે કોમ–હિંદુ, પારસી, મુસલમાન–નો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતી હિંદુઓએ ફારસી ગ્રથો લખ્યા છે. એ ગ્રંથોની સંખ્યા વખતે મોટી હશે, પરંતુ જાણીતા અને પ્રસિદ્ધિ પામેલા ગ્રંથો મુકાબલે ઘણા થોડા છે. પારસીઓએ લખેલા થોકબંધ છે, અને તે સ્વાભાવિક છે.

આ સાથે આપેલી યાદી સંપૂર્ણ નથી. ભાળ કાઢવા અને સંશોધન માટે પૂરતા સમયને અભાવે, જે કાંઈ મળી આવ્યું તેની નોંધ કરી છે.

ફારસી ગ્રંથોના હિંદુ લેખક

(૧) સર જદુનાથ સરકારે પાટણના નાગર રહેવાશી ઈશ્વરદાસે ઔરંગઝેબના સમયમાં એક ઇતિહાસનો ગ્રંથ નામે ફતૂહાતે આલમગીરી લખ્યાનું જણાવ્યું છે. એ ગ્રંથ સંબંધે Rieuના કૅટલોગ સિવાય બીજી કોઈ જગાએ ઉલ્લેખ મેં જોયો નથી. એ ઈશ્વરદાસ નાગર પ્રથમ શેખ ઉલ્ ઈસલામના હાથ નીચે નોકરી કરતો હતો. પછીથી એને જોધપુર ડિસ્ટ્રિક્ટનો ચાર્જ ગુજરાતના સૂબાના હાથ તળે આપવામાં આવ્યો હતો. દુર્ગાદાસ રાઠોડ તથા ઔરંગઝેબના શાહઝાદા મહમદ અકબરની રાજકુમારી સફીયતુન્ નિસા તથા તેનો ભાઈ બુલંદ અખ્તર ઔરંગઝેબને શરણે ગયા તે વખતે સફીયતુન્ નિસાને પોતે રાજદરબારમાં લઈ ગયેલો. તેને મીરતમાં જાગીર આપવામાં આવેલી. સરકારના History of Aurangzeb નામના ગ્રંથમાં ઈશ્વરદાસે જણાવેલી તવારીખી હકીકતનો (ઈ. સ. ૧૬૫૭ થી ૧૬૯૮ સુધીનો) આધાર લેવામાં આવ્યો છે. તે ઉપરાંત ઔરંગઝેબ અને રાજપૂતો વચ્ચેના બનાવોનો ઇતિહાસ લખવા માટે ઠેકઠેકાણે એના પુસ્તકની મદદ લેવામાં આવી છે.

(૨) બનવારીદાસ–બ(વ)નવા(મા)લીદાસ, ઉપનામ–તખલ્લુસ "વલી".

એણે "ગુલઝારે હાલ" નામનું પુસ્તક ફારસીમાં લખ્યું છે. એ પુસ્તકની એક હસ્તલિખિત પ્રત શ્રી ફાર્બસ ગુજરાતી સભાના સંગ્રહમાં છે. "પ્રબોધચંદ્રોદય" નાટક જે સંસ્કૃતમાં લખાયેલું છે તેનો એ અનુવાદ છે. મૂળ તરજુમો તો હિ. સ. ૧૦૭૩માં કરવામાં આવેલો પણ દીવાન રણછોડજીએ તેની નકલ પોતાના સંગ્રહ માટે કરાવેલી તેની સાલ હિ. સ. ૧૨૦૫ છે. એમાં આપેલાં નામો હાંસિયામાં ફરી નાગરીલિપિમાં લખવામાં આવ્યાં છે, જેથી ઉચ્ચારમાં ભૂલ ન થાય. આ નકલ કરનાર લહિયાએ પોતાનું કામ વિક્રમસંવત્ ૧૮૪૬માં પૂરું કર્યું. ખરી રીતે આ ગ્રંથ રચનાર એટલે "પ્રબોધચંદ્રોદય"નો ભાષાંતરકાર ગુજરાતનો રહીશ ન હતો. એ તો શાહઝાદા દારા શિકોહનો મુનશી હતો, પણ એની નકલ કરનાર ગુજરાતી હતો અને તેણે તે નકલના આખરના ભાગમાં થોડું લખાણ કર્યું છે તેથી એ ગ્રંથને અત્રે સ્થાન આપ્યું છે. પરંતુ એકલી નકલ કર્યેથી તેને સંતોષ થયો નહિ, અને એ કીમતી ગ્રંથની પ્રતમાં પોતાની કૃતિને સ્થાન આપવાનું તેને મન થઈ આવતાં તેણે તે વરસમાં પડેલા દુષ્કાળની નોંધ કરી તેનું વર્ણન આપ્યું છે: જેવું કે પૌષ માસમાં બરફ (હિમ) પડતાં સઘળો પાક નાશ પામ્યો. વસંત ઋતુમાં શીતળાએ એવું જોર કર્યું કે જૂનાગઢથી ભાવનગર સુધીની જમીન બાળકોની લાશોથી ભરાઇ ગઈ. પછીના એટલે સંવત્ ૧૮૪૭ના વરસમાં વરસાદ પડયો નહિ. એક કવિની ધાટીએ તેનું વર્ણન કરતાં તે કહે છે કે એ વરસમાં પાણી કશે દેખાયું નહિ: દેખાયું હોય તો અનાથોની આંખોમાં. તે વખતના અનાજ ભાવો અને એવી બીજી વિગત પણ એ નોંધમાં આપવામાં આવી છે. "ગુલઝારે હાલ" અપ્રાપ્ય હસ્તલિખિત ગ્રંથ છે, એની બીજી પ્રત ગુજરાતમાં તો શું પણ હિંદુસ્તાનમાં બીજે સ્થળે પણ મળવી અશક્ય છે.

(૩) ખાજા રાજ કરણ ભવાનીદાસ, ઉપનામ ફીદાઈખાની. એણે હિ. સ. ૧૧૦૦માં "કુશાયશ નામા" નામનો સાત સુંદર વાર્તાનો ગ્રંથ લખ્યો છે. "કુશાયશ" એટલે ખોલવું. ઉઘાડવું: સંકટ સમયે જેનાથી છૂટકારો મળે તેને સંબોધી એ વાર્તાઓ લખાઇ છે.

(૪) ગુજરાતીઓમાં ફારસી ગ્રંથોના સમર્થ અને વિશિષ્ટ લેખક તરીકે નામ મૂકી જનાર એક જ વ્યક્તિ પ્રસિદ્ધિમાં આવી છે. તે કાઠિયાવાડમાં આવેલા જૂનાગઢના વડનગરા નાગર, દીવાન રણછોડજી અમરજી નાણાવટી. એમનું રાજકીય, મુત્સદ્દીગીરી પ્રચુર, સાહસિક, તેમ જ એક રાજપૂત સૈનિકને શોભાવે તેવું લશ્કરી જીવન, એમની વીરતા, વગેરે દરેક ગુજરાતીને જાણીતાં હોવાં જોઈએ; એટલે તે વિશે અત્રે કશો ઉલ્લેખ કર્યો નથી. આટલી પ્રવૃત્તિમય જિંદગી ગાળતા હોવા છતાં પણ પોતે સાહિત્યરસિકતા ઘણે મોટે દરજ્જે કેળવી હતી, અને તેનો લાભ–નિચોડ–થોડેઘણે દરજ્જે ગુજરાતને આપતા ગયા છે.

(અ) તવારીખે સોરઠ વ હાલાર, એ એમનો ઇતિહાસનો મુખ્ય ગ્રંથ છે. કાઠિયાવાડના ઇતિહાસ પર સ્વતંત્ર રીતે લખાયેલું આ પહેલું અને એક જ પુસ્તક છે; જો કે લખાયું છે ઇસ્વીસનની ૧૯મી સદીની શરૂઆતમાં તોપણ ઘણું મૂલ્યવાન છે. જૂનાગઢનો પરિચય કરાવતાં તેનો આરંભથી ઇતિહાસ આપવામાં આવ્યો છે. ઘણાં આધારભૂત પુસ્તકો પરથી એ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે, પરંતુ તે પુસ્તકો સંબંધી એમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. વળી ઇતિહાસનો ગ્રંથ હોવા છતાં તેમાં કેટલીક દંતકથાઓ (દાખલા તરીકે, હલામણ જેઠવાની) વણાઈ ગઈ છે.

આ ઇતિહાસનો તરજુમો અંગ્રેજીમાં મિ. રહાટરસીકે (ઈ. સ. ૧૮૮૨)માં કર્યો છે. ગુજરાતીમાં પણ ભાષાંતર થયું છે પણ તે સારરૂપ છે. ભાષાંતર ભાગ્યે જ કહી શકાય.

આ પુસ્તક લખતાં દીવાન રણછોડજીએ "ધોરણ પકડયું છે મિરાતે અહમદીનું, પણ મિરાતનો લેખક ઇતિહાસનો વિભાગ અને પુરવણીનો વિભાગ એ બેને પૃથક્પૃથક્ રાખી એકમાં બીજાને મળી જવા દેતો નથી, પરંતુ રણછોડજીથી તેમ થઈ શકયું નથી. એમના પુસ્તકમાં સર્વે બાબતનો ખીચડો થઈ ગયો છે. વળી એમાં આપેલો અહેવાલ પોતે નજરે જોયેલો ખરો પણ ઘણેભાગે બુદ્ધિમાન પુરુષોનાં

મોઢાંની હકીકત ઉપરથી તથા લખેલી કેફિયત પરથી જે વૃત્તાન્તો એમના જાણવામાં આવેલા તે ટપકાવી લીધા છે એમ પોતે જણાવે છે, છતાં એમાં લખેલી સોરઠ ને હાલારની હકીકત મિરાતે અહમદીમાં લખેલી હકીકત જોડે સરખાવતાં તવારીખે સોરઠની હકીકત બિલકુલ ભૂલ વિનાની અને બેશક વધારે વિગત સાથેની મળી આવે છે.

"પરંતુ એ પુસ્તકની કીમત તો જુદે ધોરણે આંકવાની છે; અને તેમ આંકતાં એ પુસ્તકની જોડ બીજે મળતી નથી. પુસ્તક અજોડ છે. પોતે ધારત તો ભરતખંડ અને ગુજરાતની તવારીખ લખી શકત; પરંતુ તે સંબંધે પુસ્તકો હોવાથી કથેલું કથવું તેમને નકામું લાગ્યું. મતલબ કે જે વિષય અત્યાર સુધી મુસલમાન અખબારનવેસો ખેડતા હતા તે વિષય ખેડવાની પોતાનામાં કાબેલિયત હતી એમ પોતે જાણતા હતા, છતાં ગવાઈ ગયેલું ગાવું તેમને ઠીક ન લાગ્યું; એટલે પોતાના જ સ્વદેશ પ્રત્યે પ્રેમની મનોવૃત્તિથી (દોરાઇ) માત્ર જૂનાગઢ અને હાલાર સંસ્થાનના વૃત્તાંતો લખવા પૂરતી જ પોતાની કલમ તેમણે ચલાવી. રણછોડજી દીવાનને પોતાને સંસ્કૃત ને ગુજરાતીનું સારી રીતનું જ્ઞાન હતું. આ પુસ્તક તેમણે પોતાના સુપુત્ર શંકરપ્રસાદને વાંચવા માટે લખ્યું હતું. શંકરપ્રસાદ ગુજરાતી જાણતો હતો છતાં ફારસીમાં તેમણે એ પુસ્તક લખ્યું તેનું કારણ શું? કારણ માત્ર એ જ હોવું જોઈએ કે તે વખતનો શિષ્ટ અને કેળવાયેલો વર્ગ, ફારસીથી માહેર એવો વર્ગ, તેનો લાભ લઈ તેની કીમત આંકી શકે. અર્વાચીન સમયના ફારસી તવારીખનવેસોમાં એ એકલા હિંદુ લેખકની સેવાની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી." (લાઠી ગુજરાતી સાહિત્યપરિષદ્ સંમેલનના પ્રમુખનું ભાષણ, પૃષ્ઠ ૬૩).

દીવાન રણછોડજીએ લખેલા આ એક જ ગ્રંથથી એમનું નામ અમર થઈ જાત. પરંતુ એટલેથી એમને સંતોષ ન થયો અને એમણે બીજા ફારસી ગ્રંથો-મુસલમાન લેખકોની ધાટીએ-લખી પોતાની સાહિત્યકીર્તિમાં વધારો કર્યો.

(ख) જંગનામયે હોલી, એ એમનું ફારસીમા લખેલું એક બીજું પુસ્તક છે. હોળી જે રીતે રમાય છે તેનું એમાં સુંદર વર્ણન આપ્યું છે. એમાંથી એમનો ફારસી ભાષા પરનો કાબૂ કેટલો સાબુત હતો એ જણાઈ આવે છે. ભાષા શુદ્ધ અને સંસ્કારી નહિ પણ કળાત્મક છે.

(क) રુકઆતે રણછોડજી, એટલે રણછોડજીના પત્રો. એ પત્રો-પરથી તે વખતે ગુજરાત કાઠિયાવાડમાં પત્રો કેમ લખાતા તેની ઝાંખી થાય છે. દીવાન રણછોડજીએ ફઝલેઅલી પર લખેલા પત્રો, ફઝલેઅલીએ લખેલા રણછોડજી પરના પત્રો, એમ જુદા જુદા બીજા વિષયો પર લખાયેલા કાગળોનો એ સંગ્રહ છે. જૂનાગઢના ઇતિહાસને લગતી કાંઈક હકીકત પણ એમાંથી મળી આવે છે. રણછોડજી દેવી-ભક્ત હતા એ હકીકત તો જાણીતી છે. આમાં આરંભનો રુક્કો અંબાભવાનીની પ્રશંસાનો છે: "રુક્કા દર તારીફે અંબા" આ પ્રમાણે મૂતિભંજકોની (ફારસી) ભાષાને એમણે મૂર્તિપૂજકોની દેવી અંબાની તારીફમાં વાપરી.

(ङ) તસનીફાતે રણછોડજી એટલે રણછોડજીની કૃતિઓ.

આમાં દીવાન રણછોડજી ફારસી કવિતાને સંસ્કૃતની અંતરૂ-લાપિકા અને બહિરૂલાપિકાનો પરિચય કરાવે છે. એમાં સખી (દાનશીલ) મરદ અને બહાદુરખાનને ફારસીમાં બહિરૂલાપિકા અને અંતરૂલાપિ-કાની ઢબે એવી રીતે ગૂંથ્યા છે કે ફારસી કવિતા દીપી-ખીલી-ઊઠે છે. કુલ લીંટી (૭૮) છે પણ રણછોડજીનો ભાષા તથા કાવ્યલેખન પર કાબૂ કેટલો ગાઢ છે તે એમાંથી જણાઈ આવે છે.

(च) કરણ પરબ (પર્વ)—

સમ્રાટ અકબરના વખતમાં અબુલ ફયઝીએ મહાભારતનું ફારસીમાં ભાષાંતર કરેલું. ત્યારબાદ હિંદુઓના એ પ્રખ્યાત ગ્રંથનું ફારસીમાં થયેલું બીજું ભાષાંતર જાણવામાં હોય તો તે આ છે. દીવાન રણછોડજીએ અશ્વમેધ પર્વનો અનુવાદ કરેલો તેની નોંધ આ

પર્વની પ્રસ્તાવનામાં છે; મતલબ એમણે અશ્વમેધ પર્વ અને કર્ણ પર્વ એ બે પર્વના ફારસીમાં અનુવાદ કરેલા છે. આ ભાષાંતરની શરૂઆતમાં પોતે એક પ્રસ્તાવના લખી છે. તેમાં એમણે એમના અને એમના પિતા અમરજી દીવાનના ઇતિહાસપ્રસંગ નોંધ્યા છે. ફારસી ભાષાનું તેમનું ઊંચા પ્રકારનું જ્ઞાન તેમણે તેમના પિતાના મરણની સાલ જે રીતે નોંધી છે તેમાંથી જણાઇ આવે છે. ફારસીમાં "અબજદ" રૂઢિથી એવી સાલો નોંધાય છે. એ નોંધની રૂઢિ મુજબ દરેક અક્ષરને અમુક આંકડો આપવામાં આવેલો હોય છે, તે આંકડાનો સરવાળો તે તે માણસના મરણની સાલ. ફાગણ સુદિ તેરસ જુમ્મા બૂદ, એટલે ફાગણ સુદિ તેરસ ને શુક્રવાર હતો. મજકૂર પંક્તિના અક્ષરોનું મૂલ્યાંકન કરતાં હિ. સ. ૧૧૯૮ નીકળે છે.

(૫) તસનીફાતે મુગટરામઃ લેખક મુન્શી મુગટરામ. આ પુસ્તકના કેટલાક ભાગમાં જૂનાગઢ બાબત ઉલ્લેખ છે.

દાખલા તરીકે નવાબ હામીદખાનની શાદી પ્રસંગે (હિ. સ. ૧૨૦૧) એક કસીદો લખવામાં આવ્યો છે જ્યારે બીજો કસીદો ચોરવાડની ફતેહ માટે લખાયો છે.

"બ ચોરવાડ અબદ બાદ હુકમે હામીદખાન" હામીદખાનની હુકૂમત ચોરવાડ પર હમેશ સુધી રહો.

(૬) અજાયબ ઉલ્ આફાક (Wonders of the world દુનિયાની અજાયબીઓ).

આ સંગ્રહ પત્રવ્યવહારનો છે. સંગ્રહ કરનાર રાજા છબીલારામ તથા તેના વંશજો છે. એ સંગ્રહની એક નકલ લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં છે, તેની ફોટોકૉપી કરાવી મંગાવી ભાવનગરના વતની સ્વર્ગસ્થ માનશંકર પીતાંબરદાસ મહેતાએ શ્રી ફાર્બસ ગુજરાતી સભાને ભેટ આપી છે.

ગુજરાતનો નાગર બ્રાહ્મણ એ છબીલારામ આરંભથી જ

શહેનશાહ ફરુખસિયરનો મદદગાર હતો, અને તેથી શહેનશાહે તેને "રાજા" તથા "દીવાને ખાલસે" એવા ખેતાબો આપ્યા હતા. પાછળથી તેને અલાહાબાદનો હાકેમ નીમવામાં આવ્યો હતો. તેનું મરણ હિ. સ. ૧૧૩૧ (ઇ. સ. ૧૭૭૮) માં થયું હતું. તેને એક દયારામ નામે ભાઈ હતો. તેના પુત્રને અયોધ્યાની સૂબેદારી આપવામાં આવી હતી, અને પાછળથી હિ. સ. ૧૧૩૭માં તેની બદલી માળવા સરકારમાં કરવામાં આવી હતી. હિ. સ. ૧૧૩૯માં હોલકર સાથે યુદ્ધ કરતાં તે મરાયો હતો.

આ પ્રમાણે ઇસ્વીસનની ૧૮ મી સદીના પત્રલેખનનો એ સંગ્રહ છે અને તે કરનાર રાજા છબીલારામ પોતે અને એના વંશજો છે. શહેનશાહો ફરુખસિયર અને મુહમ્મદશાહ તથા તેમના મુખ્ય અધિકારીઓએ લખેલા રાજા છબીલારામ અને તેના વંશજો પરના પત્રો અને તેના રાજા છબીલારામ તથા તેના વંશજોએ આપેલા જવાબો આમાં સંગ્રહવામાં આવ્યા છે.

ગુજરાતના ઇતિહાસને માટે તે સંગ્રહ ઉપયોગી છે અને નાગરજ્ઞાતિના ઇતિહાસ માટે તો ખાસ ઉપયોગી છે.

પ્રસ્તાવના અપૂર્ણ છે. એ સંગ્રહ ત્રણ વિભાગે વહેંચાઇ ગયેલો છેઃ (૧) રાજા છબીલારામ સંબંધી પત્રો, (૨) રાજા ગિરિધર બહાદુર સાથે પત્રવ્યવહાર, (૩) રાજા ચીમના સાથે પત્રવ્યવહાર.

(૭) મુતખબુતઉત્ તવારીખ, લેખક જગજીવનદાસ, હિ.સ.૧૧૩૧. (પૂરી કરી ભરૂચમાં, શહેર કાજી સૈયદ અહમદહુસેનની ફરમાશથી હિ. સ. ૧૨૫૪માં). આ પુસ્તક ઇતિહાસનું છે. મોહમ્મદ મોઆઝમશાહઆલમ બહાદુરશાહના વખતથી શરૂ થાય છે. અહમદનગરના સુલતાનો, ગુજરાતના સુલતાનો વગેરેનો સંક્ષેપમાં ઇતિહાસ આપવામાં આવ્યો છે.

(૮) રુકઆતે ગિરધારીમલ, હિ. સ. ૧૨૩૭ ની આસપાસ

લખાયેલું પુસ્તક. એમાં ગુજરાતના અમલદારીવર્ગ તરફથી લખાયેલા પત્રોનો સંગ્રહ છે. સુરતના મુત્સદ્દી તથા ખંભાત અને વડોદરાના ફોજદાર વગેરે અમલદારોના પત્રોનો એમાં સંગ્રહ છે.

નંબર (૭) (૮) આ બે ગ્રંથની હસ્તલિખિત પ્રત ભરૂચના કાજી સાહેબના સંગ્રહમાં છે.

(૯) મનશેઆતે બ્રાહ્મન. ભરૂચના કાજી સાહેબના અભિપ્રાય મુજબ આ પત્રવ્યવહારનો ગ્રંથ કોઇ બ્રાહ્મણ નામે હિંદુ ગૃહસ્થે કરવાથી એ સંગ્રહ એ નામે જણાયેલો હશે: લખાણ તથા કાગળ પરથી ૨૦૦ વરસ જૂનો લાગે છે. મુંબઇની જામે મસ્જિદની લાઇબ્રેરીના કેટલોગમાં નંબર ૨૬૨૯ વાળું પુસ્તક પણ બ્રાહ્મણ નામના માણસનું રચેલું છે, અને તેનું નામ ઇનશાએ ચહાર ચમન આપવામાં આવેલું છે. આ બે સંગ્રહનો રચનાર એક કે જુદો તે કહી શકાતું નથી.

ફારસી ગ્રંથોના પારસી લેખક

પારસી ભાઇઓને પોતાના ધર્મ સંબંધી વિષયો પરત્વે ઈરાનમાં વસતા જરથોશ્તી ભાઇઓ જોડે સતત સંપર્ક, તેમના અત્રેના વસવાટની શરૂઆતથી તેમ જ ત્યારપછીથી, લાંબા સમય સુધી રાખવો પડતો; એટલે તેમને ઈરાનની માતૃભાષા ફારસીની માહિતી મેળવ્યા સિવાય છૂટકો ન હતો, અને તેથી તે ભાષાનો અભ્યાસ તેમણે–ખાસ કરીને મોબેદ વર્ગે–ઊંચી કક્ષાએ ઘણાં વરસ સુધી ટકાવી રાખ્યો. હાલ થોડો વખત થયા જ તે ઓછો થઇ ગયો છે, પરંતુ તેને ફરી પાછો જીવતો જાગતો કરવા પ્રયત્નો ચાલુ છે.

આમ હોવાથી તેમને હાથે ફારસીમાં લખાયેલાં પુસ્તકોનો મોટો ભાગ ધર્મસંબંધી રિવાયતો વગેરેનો છે અને સાથે સાથે "નામે" એટલે પ્રખ્યાત માણસોનાં ચરિત્રોનો છે.

ધી કામા ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયૂટ, ધી મુલાફિરોઝ લાઇબ્રેરી, પારસી પ્રકાશનાં અત્યાર સુધીનાં પુસ્તકો, ડોકટર. જ. મ. ઊનવાળાનો

Collection of Colophons, એમાંથી પારસી લેખકોને હાથે લખાયેલા ફારસી ગ્રંથો સંબંધી માહિતી મળી આવે છે. નીચલી યાદીમાં એ સાધનો ઉપયોગમાં લેવામાં આવ્યાં છે.

(૧) "ઇક્ષોતેર રવાઈયાત," ધર્મસંબંધી કેટલીક બાબતો, સૂરતના કદમી પારસીઓએ યઝદ અને કરમાનના મોબેદોને પૂછેલા પ્રશ્નો અને તેના જવાબોના રૂપમાં ફારસીમાં-ચર્ચવામાં આવી છે. શરીરની શુદ્ધતા તથા મલિનતા, ધાર્મિક ક્રિયાકામ વગેરે બાબતોનો એમાં સમાવેશ થાય છે. ઈરાનના જે જે દસ્તૂરો (Priests) અને બહેદીનો-(Laymen)એ સદરહુ ચર્ચામાં ભાગ લીધેલો તેમનાં નામ એમાં આપવામાં આવ્યાં છે (ઈ. સ. ૧૭૭૩). આ રવાઈયાતનો તરજુમો ગુજરાતીમાં ક. ફ. મર્ઝબાનજીએ કર્યો છે (ઇ. સ. ૧૮૪૫). આ પુસ્તક સંબંધી હકીકત સંક્ષેપમાં ખાનબહાદુર શેખ અબદુલકાદરના A Descriptive Catalogue of the Arabic, Persian and Urdu Manuscripts in the Library of the University of Bombay (1935) ના પૃષ્ઠ ૩૨૯–૩૩૦ પર આપવામાં આવી છે. વળી જુઓ પારસીપ્રકાશ દફતર ૧ લું પૃ. ૫૦.

(૨) દારાબ ફરામર્ઝની લખેલી મોનાજાત. આ મોનાજાત ફારસીમાં લખાયેલી છે ને દરેક ફારસી લીટી નીચે તેનો ગુજરાતીમાં તરજુમો આપવામાં આવ્યો છે. જરથોસ્ત બહેરામની તથા તેત્રીસ ફિરસ્તાઓ વગેરેની મોનાજાતો, આદરબાદ મારેસ્પંદનું પંદનામું અને હેકાયતે લતીફ પણ એમાં સંગ્રહવામાં આવ્યાં છે.

(૩) એરવદ દારાબ હોરમઝદિયાર બીન કામદીન કૈકોબાદનું બનાવેલું ફારસી કાવ્ય નામે અસફન્દિયાર નામેઃ ઇ. સ. ૧૬૭૫ (યજ. સને ૧૦૪૫).

(૪) મુલ્લારુસ્તમ અસફન્દિયારે ફારસી કવિતામાં લખેલી સદદરની પ્રસ્તાવના તથા ઈશ્વરની સ્તુતિ કરતો દસ્તૂર દારાબ પાલનની,

જરથોસ્ત બહેરામ. જરથોસ્ત બહેરામ પાઝંદ વગેરેની મોનાનીતો, મીનોઇ ખીરદ, વગેરે સાથની એક હસ્તલિખિત પ્રત સૂરતના દસ્તૂર એરચશા બમનજી કુમાની પાસે છે, સદર જરથોસ્તી ધર્મસંબંધે લખાએલો જૂનો (ઈ. સ. ૧૪૯૪-૯૫) ગ્રંથ છે મિ. ધાબરે સદર નસ્ર, એ નામે ઈ. સ. ૧૯૦૯ માં એ પ્રસિદ્ધ કર્યો છે. જુઓ Catalogue, Bombay University પૃ. ૩૩૪–૩૩૮.

(૫) ઝંદ અને પહેલવીમાં ખોરદેહ અવસ્તાના થયેલા તરજુમાનો ફારસી તરજુમો.

(૬) દસ્તૂર દારાબ પાલનનું ફારસી કવિતામાં લખેલું ફરઝિયાત નામે (ઇ. સ. ૧૮૪૬–યજ. સન ૧૨૧૬). આ પુસ્તક તથા નીચલું નંબર (૭)નું પુસ્તક "ખુલાસે દીન" એમણે મૂળ ઇ. સ ૧૬૯૦ ની આસપાસમાં લખેલાં. (પા. પ્રકાશ. દફતર ૧ લું પૃ. ૩૧)

(૭) ફારસીમાં લખાયેલો ખુલાસે દીન. રવાયત, બરશનુમ, સોગંદનામે વગેરેનો આ ગ્રંથમાં સમાવેશ થાય છે. (ઇ. સ. ૧૮૧૮ યજ. સને ૧૧૮૭).

(૮) ફારસીમાં લખાયેલી વંદીદાદ.

(૯) ખુલાસેદીન સંબંધી બરઝો કામદીન બિન કયકોબાદ હોરમઝદિયારની રવાયત. (ઈ. સ. ૧૭૨૦: યજ. સન ૧૦૯૦)

(૧૦) ફારસી પદ્ય તથા ગદ્યમાં લખાયેલું ચત્રિકનામે. લખનાર બહેદીન હીરજી હોમજી બહેરામજી ભાઇજીવાલ. (વિ. સંવત ૧૮૨૬. હિ. સ. ૧૧૮૪).

(૧૧) મોબેદ નવરોજજી શાપૂરજી નાલ્લા શેઠ નજૂમીનો ફારસી પદ્યમાં થયેલો દીનકર્દના પુસ્તક પાંચમામાંથી એક પ્રકરણનો તરજુમો.

(૧૨) માંસ ખાવાથી દૂર રહેવા બાબત ગાથા અને અવસ્તાના કેટલાક ભાગોનું ફારસીમાં ભાષાંતર, લખનાર દસ્તૂર કયખુસરો.

(૧૩) મોબેદ બહેરામે લખેલું આફરીને ગહમબારઃ ફારસીમાં

ભાષાંતર, મૂળ પાઝંદ ભાષામાં લખાયેલું. અસલ માટે જુઓ Catalogue, Bombay University (પૃ. ૩૧૫).

(૧૪) પંદનામેઃ ફારસી પદ્ય. રચનાર મુલ્લા એરવદ જમશેદ બિન કૈકોબાદ જમશેદ; સૂરતની અંગ્રેજી કોઠીના દલાલ રુસ્તમ માણેક શેઠની સ્તુતિ એણે ફારસી બેતોમાં કરી છે. એ દલાલના છોકરાને એ ભણાવતો હતો. પા. પ્રકાશ દફતર ૧લું, પૃ. ૧૫

(૧૫) મહેતા બહેરામજીના પુત્ર મહેતા નાનાભાઇની ફારસીમાં લખેલી મોનાજાત. (યજ. સને ૧૧૬૬. ઈ. સ. ૧૭૯૭).

(૧૬) બરજો કામદીનની રવાયતઃ ફારસીમાં. પારસી પ્રકાશ દફતર ૧લું, પૃ. ૬-૮-૩૪.

(૧૭) મોબેદ ફરામરોઝ રુસ્તમ ખેરશેદનાં ફારસી પદ્યમાં જહાંગીરનામે અને કાઉસનામે (યજ. સને ૧૧૩૮. ઇ. સ. ૧૭૬૮) તથા (યજ. સને ૧૧૩૨, ઈ. સ. ૧૭૬૩). જહાંગીરનામે તથા કાઉસનામે અસલ સંબંધી જુઓ Catalogue, Bombay University, પૃ. ૨૯૨ તથા ૨૯૪.

એક જાણીતી ફારસી સંસ્થા તરફથી એરવદ જમશેદ કાવસજી કાત્રકને ગુજરાતમાં જે જે પારસી ભાઇઓ પાસે ફારસી ગ્રંથોની હસ્તલિખિત પ્રતો હોય તે જોઈ, વાંચી, તેની યાદી કરવા માટે મોકલેલા. તેમના રિપોર્ટ પરથી ઉપલા કેટલાક ગ્રંથો તારવી કાઢી તેની યાદી અત્રે આપવામાં આવી છે.

(૧૮) કિસ્સે સંજાણ-લેખક બહમન બિન કૈકોબાદ બિન હોરમઝદિયાર સંજાણા (યજ. સને ૯૬૯. ઈ. સ. ૧૬૦૦). પારસીઓ ઈ. સ. ૯૩૬ (વિ. સં. ૯૯૨)ના અરસામાં ઇરાન છોડી વખાના માર્યા સંજાણ આવી વસ્યા તે હાદેસાનું કવિતારૂપે એમાં વર્ણન છે. એમાં લખેલી હકીકત ઇતિહાસ નથી પણ કેવળ દંતકથા છે, એમ કેટલાકો માને છે. પરંતુ હિંદુસ્તાન આવી પારસી ભાઈઓની શરૂઆતની

તવારીખના અભ્યાસીઓ માટે એ ગ્રંથ બહુ જરૂરનો છે. એનો અંગ્રેજીમાં ઇસ્ટવિકે (ઈ. સ. ૧૮૪૪)માં તરજુમો કર્યો છે, અને ગુજરાતીમાં દસ્તૂર રબાડીએ (ઈ. સ. ૧૮૩૫)માં કર્યો છે. પ્રોફેસર હોડીવાળાએ એ આખા કાવ્ય સંબંધે બહુ વિદ્વત્તાપૂર્ણ ઊહાપોહ કર્યો છે. રૂ.બ. પેમાસ્તરનું પુસ્તક એ સંબંધે જાણીતું છે.

(૧૯) પારસી લેખકોમાં ફારસી ભાષાનો આગળ પડતો લેખક તો મુલ્લા ફિરોઝ બિન મુલ્લા કાઉસ હતો. નાની ઉમરે પોતાના પિતાની સાથે ખુદ ઇરાન જઇ પોતાના ધર્મસંબંધી પ્રશ્નોના ખુલાસા એ લઈ આવ્યો હતો. સાથે સાથે ફારસી સાહિત્યનો પણ ઘણો ઊંડો અભ્યાસ કરી આવ્યો હતો. એને ફિરદોસીના જગવિખ્યાત શાહ-નામા જેવો પદ્યમાં ઇતિહાસ લખવાનો કોડ થઈ આવ્યો, તે ઉપરથી તે ધાટી અને ઇબારત પકડી તેણે જ્યોર્જનામા નામનો એક પદ્યમાં મોટો ગ્રંથ લખ્યો છે. અંગ્રેજોની હિંદુસ્તાન મધ્યેની ફતેહ અને પોર્ટુગીઝ અમલની શરૂઆતથી ઇ. સ. ૧૮૧૭માં પૂના કંપની સરકારે લીધું ત્યાંસુધીનો તેમાં ઇતિહાસ છે. એણે બધાં મળી (૨૯) પુસ્તકો લખ્યાં છે. તેની યાદી પારસી પ્રકાશ દફતર ૧લું પૃ. ૨૩૦ પર આપવામાં આવી છે.

(૨૦) એરવદ માહિયાર નવરોજી કુતાર, જેઓ હાલમાં જ (તા. ૨૫મી નવેમ્બર ઇ. સ. ૧૯૪૦) પોણોસો વરસની ઉમરે ગુજરી ગયા છે, તેઓ ફારસીના ગાઢ અભ્યાસી હતા. શાહનામાનો ગુજરાતી પદ્યમાં તેમણે (ઈ. સ. ૧૯૧૪)માં દસ ભાગમાં તરજૂમો કર્યો છે. ફારસી બેતોને ગુજરાતી લિપિમાં છાપી તેની બ જૂમાં તેનું ભાષાંતર આપવામાં આવ્યું છે. એમણે ફારસી શાહનામા પર જવાહેરે ફિરદૌસ નામનો ગ્રંથ રચ્યો છે અને ઘણી મોનાજાતો ફારસીમાં લખી છે.

ફારસીના આવા સમર્થ વિદ્વાનોની સંખ્યા હવે કમી થતી જાય છે, એ અફસોસની વાત છે.

(૨૧) સિતાયશનામે. રચનાર મોબેદ હોશ (? હોશંગ), હિ. સ. ૧૨૯૬. મુંબઈ જામે મસ્જિદ લાઇબ્રેરી નંબર ૧૯૫.

મુંબઇ યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં નીચે મુજબ ગ્રંથો છેઃ

(૨૨) આફરીને શીશઘંબાર, છ ઘંબાર વખતે કરવાની પ્રાર્થના.

(૨૩) રીસાલા દર બાબે પરહીઝે નસા અને આફરીનગાન રપીથવન.

(૨૪) દુઆયે નિકાહ-લગન ક્રિયા વખતની દુઆ.

(૨૫) પાઝંદ ફારસી અને સંસ્કૃત લિપિમાં જુદીજુદી પ્રતોનો ભેગો બાંધેલો ગુટકો.

(અ) કિસ્સયે દુખતરે મોબેદ બખ્શિર્સ દાદન, એક ગરીબ મોબેદે પોતાની દિકરી રીંછને પરણાવી તેનું વર્ણન કરતું ફારસી કાવ્ય. એ રીંછ રીંછ ન હતું પણ એક અતિ ધાર્મિક વૃત્તિવાળો જરથોસ્તી હતો.

(આ) પુરસશે ઝરથોસ્ત બ નેકીયે કારહા. ઝરથોસ્તે ઈશ્વરને પૂછેલા સવાલ અને તેના જવાબ સંબંધી ફારસી કાવ્ય.

(ઈ) બયાને ફરઝિયાત ગુઝારદન. 'ફારસી કાવ્ય, ધાર્મિક ક્રિયા સંબધી.

(ઉ) કિસ્સયે દરવેશ વ ગંજેઝર, એક ભિખારીને પૈસો કેમ મળ્યો અને તેણે તે કેમ ગુમાવ્યો તે સંબંધી ટૂંક ફારસી કાવ્ય.

(એ) રવાયાતે બરજો. દસ્તૂર બરજો કામદીનની રવાયતમાંથી થોડોક ભાગ.

(ઐ) પુરસશે નૌશીરવાન અઝ મોબેદાન દર પંદ વ નસીહત. નોશેરવાને મોબેદોને પૂછેલા પ્રશ્નો અને તેમણે આપેલી સલાહ તથા નસીહત.

(૨૬) મજમૂ-જુદી જુદી પ્રતોનો ભેગો બાંધેલો ગુટકો.

(અ) નઝમહા દર સિફતે જામાસ્પ વિલાયતી-દસ્તૂર જામાસ્પ

વિલાયતી જેણે ઇરાનથી આવી સૂરતમાં વાસો કર્યો હતો તેની સ્તુતિ કરતું અધ્યારુ જામાસ્પ કેશાસ્પે રચેલું કાવ્ય.

(આ) પુરસેશ અઝ હકીકતહાયે દીન વ દુનિયા–કેટલીક ધાર્મિક વ્યાવહારિક બાબતોના ખુલાસા મેળવવા માટેના પ્રશ્નો.

(ઇ) જીજીભાઇની સ્તુતિ કરતી કવિતા. અબયાતે દુઆહા અઝબહરે નેકનામીયે જીજીભાઇ.

(ઊ) સિફતે સી વસેહ ફિરસ્તા. અધ્યારુ કેશાસ્પે ૩૩ ફિરસ્તાની સ્તુતિમાં લખેલી કવિતા.

એ અધ્યારુ કેશાસ્પ અત્રે એમ જણાવે છે કે એણે ૧૫૧ કાવ્યો રચ્યાં છે.

(૨૭) રિવાયાતે દારાબ હોરમઝદિયાર ફરામરોઝ કામદીન કૈકોબાદ હમજિયાર પદમ દારાબ હોરમઝદિયાર સંજાણાએ રચેલી રિવાયત (ઇ. સ. ૧૬૭૯). હિંદુસ્તાનમાં વસતા પારસીઓએ ધાર્મિક બાબતોના સવાલો ઇરાન મોકલી ત્યાંના મોબેદો તથા દસ્તૂરો મારફતે મેળવેલા ખુલાસા, તે રિવાયત મિ. મ. ર. ઊનવાળાએ આ રિવાયત ડૉ. મોદીની પ્રસ્તાવના સાથે પ્રસિદ્ધ કરી છે. (ઈ. સ. ૧૯૨૨) પારસીપ્રકાશ. દફતર ૧ લું પૃ. ૬–૭–૮–૧૦–૧૩–૧૬–૧૭–૮૩૯,૮૪૦)

(૨૮) રિવાયતે દીની.

(૨૯) અહવાલે સબ્ઝ વ શકીબે આદરબાદ–નૌશીરવાન નામના લેખકે રચેલું એક ટૂંક ફારસીકાવ્ય. આદરબાદમહેર સફન્દનામના એક અતિ શ્રદ્ધાળુ દસ્તૂરની જિંદગીનો એમાં અહેવાલ આપ્યો છે.

(૩૦) વસ્ફે અમશાસફન્દાનઃ આ ગુટકામાં નીચેની પ્રતો છેઃ

(અ) વરકે અમશાસ્ફન્દાનઃ તેત્રીશ અમશાસ્ફન્દોનું સ્તુતિ કાવ્ય. (મસનવી)

(આ) ખાદમ બા બાદશાહ-વગેરેની વાતો (મસનવી.)

(ઇ) પુરસશે જરથોશ્ત-પેગંબર, જરથોસ્તે ઇશ્વરને પૂછેલા પ્રશ્નો.

(ઉ) પારસી સ્ત્રીઓની ધાર્મિક ક્રિયા.

(એ) દરૂન બનાવવાની ખરી રીત, દરૂન (રોટલી)નો ખરો અર્થ વગેરેની રિવાયત.

(૩૧) તફસીરે અતસે ઝદન વસુખનેકુલાગ-છીંક ખાવા સંબંધી ટીકા (ખુલાસો) તથા કાળા કાગડાના બોલવા સંબંધી ખુલાસો.

(૩૨) દીવાને જમશેદઃ લખનાર દસ્તૂર જમશેદજી જામાસ્પજી નવસારીવાળા. (ઇ. સ. ૧૭૯૧) પા. પ્ર. દફ. ૧લું પૃ. ૬૮.

(૩૩) મુલ્લા કાઉસ રુસ્તમ જલાલ, "માકુલાતે બહમની" તથા કબીસાની ભાંજગડ વિશે રિસાલાના લખનારઃ દખણ હૈદરાબાદમાં ગુજરી ગયા (ઇ. સ. ૧૮૦૨). તેઓ મૂળ વતની ભરૂચના હતા. પા. પ્ર. દફતર ૧લું પૃષ્ઠ ૯૨.

(૩૪) ગુલશને ફરહંગ, જરથોશ્તી ધર્મ સંબંધી કૈખૂસરો બિન કાઉસના ફારસી પુસ્તકનો ટૂંકામાં આપેલો સાર. (ઇ. સ. ૧૮૬૧).

(૩૫) ફરૂગે આઇન, ઇરચજી મહેરજી રાણાએ જરથોશ્તી ધર્મ સંબંધે લખેલી પ્રશ્નોત્તરી (ઇ. સ. ૧૮૬૨). તથા નંબર (૩૪)નું પુસ્તક મુલ્લા ફીરોઝ, મદ્રેસામાં શીખનારાઓ માટે લખાયેલાં.

(૩૬) ખૂબીનુમાયે દીને જરથોશ્તી. લેખક દસ્તૂર ખુદાયાર શહેરિયાર (ઇ. સ. ૧૮૯૮).

(૩૭) ઇસપની વાતોનું ફારસીમાં ભાષાંતર. મી. નાદરશાહ હોરમસજી સુખિયાએ કરેલું તે ઇ. સ. ૧૮૭૮માં પ્રસિદ્ધ થયેલું.

(૩૮) તફસીરે માએનીએ નસ્કે વંદીદાદ, કવિતામાં લખનાર. નવરોઝ હીરજી હોમજી બહેરામ ભાઇજી, તખલ્લુસ "મુનશી" નવસારીના યઝ. સ. ૧૧૮૯.

(૩૯) દરસિફ્તે ઝંદ અવસ્તા. યસ્ત વગેરે સંબંધે ફારસી કાવ્ય રચનાર મોબેદ ફરામર્ઝ અસપંદિયાર યજ. સ. ૧૧૯૩ હિ. સ. ૧૨૩૯.

(૪૦) નેઝાશિકનઃ લખનાર રુસ્તમજી બમનજી ફીનવાળા. ઇ. સ. ૧૮૭૧. સુરતવાસી નવસારિયા ભગરિયા તથા સુરતિયા ભગરિયા મોબેદોનો ઝઘડો તોડનાર.

(૪૧) ફારસી ભાષાનો ભોમિયો, અંગ્રેજી, ફારસી, ગુજરાતી કોશ. મોબેદ અસપંદિયારજી બરજોરજી પંથકીનો રચેલો (ઇ. સ. ૧૮૭૯)

(૪૨) મહારાણી વિક્ટોરિયાના રાજના પચાસમા વરસ (ઇ. સ. ૧૮૮૭)ના વરસની જ્યુબિલી પ્રસંગે એ અવસરને લગતી વફાદારીની ફારસી કવિતા જોડી તેનું ચોપાનિયું પ્રસિદ્ધ કર્યું.

(૪૩) "દીવાને બહેરામ" દસ્તૂર બહેરામજી જામાસ્પજી જામાસ્પ આશાની રચેલી. (ઇ. સ. ૧૮૭૫).

(૪૪) પહેલા પારસી બેરોનેટ સર જમશેદજી જીજીભાઇનું જીવન ચરિત્ર ફારસી ભાષામાં લખ્યું એરવદ ફરામરોજ નવરોજી કુતાર (ઇ. સ. ૧૮૯૫)

(૪૫) દસ્તૂર એરચજી સોરાબજી મહેરજી રાણા (ગુજર્યાની સાલ ઇ. સ. ૧૯૦૦). એમના રચેલા ગ્રંથોઃ-(૧) માહિયારનામું, (૨) ફરગેઆઇન, (૩) મોનાજાતો, (૪) પંદનામયે એરચ, (૫) તારીખેઆતશ બહેરામે નવસારી, (૬) યજશને તથા વંદીદાદની સિફતની બેતો વગેરે.

(૪૬) દસ્તૂર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આસાના (ગુજર્યા ઇ. સ. ૧૯૧૨): (૧) વંદીદાદનો ફારસી કવિતામાં તરજુમો (૨) અને મોનાજાતો, એ એમના રચેલા ગ્રંથો છે.

(૪૭) મહેરજીભાઇ નસરવાનજી કુકા એમણે ફારસી મોનાજાતો (ઇ. સ. ૧૯૧૪)માં પ્રસિદ્ધ કરી.

(૪૮) અહવાલે આતશ બહેરામે નવસારીઃ ફારસી બેતમાં લખનારા એરવદ માહયાર તથા ફરામજી નવરોજજી કુતાર (ઇ. સ. ૧૯૨૬).

(૪૯) વંદીદાદનું તાત્પર્યઃ ફારસી ભેતામાં રચનાર દસ્તૂર જહાંગીરજી ખરશેદજી (ઈ. સ. ૧૯૩૬).

(૫૦) મીનોઇ ખિરદ, ફારસીમાં રચનાર દારાબસંજાણા યજ. સને ૧૦૪૬. ઈ. સ. ૧૬૭૬-૭૭. ડૉ. ઊનવાળાનો Collection of Colophons પૃ. ૧૨-૧૩.

ફારસી ગ્રંથોના મુસલમાન લેખકો

ગુજરાતમાં મુસલમાની સત્તા જામી તે પહેલાં પણ મુસલમાને હિંદુસ્તાનમાં વેપાર અર્થે આવતા હતા. એવી રીતે આવેલા મુસલમાનો અત્રે લાંબો વખત રહેતા અને પોતાનો ધર્મ હિંદુ રાજાઓ રાજ્યકર્ત્તા હોવા છતાં કોઈ પણ રીતના અંતરાય વગર પાળતા. મલબાર કિનારા પરના માપલાઓ એ મુસલમાન વેપારીઓ અત્રે ઘર માંડી રહેલા તેનો પુરાવો આપે છે. ગુજરાતમાં પણ એઓ રહેતા. ગુજરાતની રાજધાની સાથે એમને સંબંધ હતો. મિરાતે અહમદીના ખાતમે વિભાગમાં શેખ અહમદ ઉર્ફાતી નામના શાઝીપંથના સૂફી સંત અણહિલવાડ પાટણમાં મક્કેથી આવીને (હિ. સ. ૫૬૧માં) રહ્યાનો ઉલ્લેખ છે. તે વખતે સિદ્ધરાજ રાજ કરતો હતો. હિ. સ. ૬૪૫માં એ ગુજરી ગયો. સુલતાન સંજરના સેનાધિપતિ અલફખાને હિ.સ. ૬૫૫ માં એક પથ્થરની મસ્જિદ પાટણના કિલ્લા સામે બાંધ્યાની હકીકત ખાતમેને પાને ૧૧૧ માં આપેલી છે. એ મસ્જિદ હાલમાં નાશ પામી છે. ખંભાતમાં પણ એમના પોતાના ઉપયોગ માટે એ બાંધવામાં આવેલી છે. વળી દંતકથા એવી છે કે એ મસ્જિદ કોઈએ બાળી મૂકી એટલે ખુદ સિદ્ધરાજ જયસિંહે જાતે પાટણથી ખંભાત જઇ તે મસ્જિદની મરામત કરાવી આપી. આ વેપારીઓ ભાગ્યે જ કોઈ ગ્રંથો લખે, અને તેમણે લખેલા જાણમાં પણ નથી. વળી એ વેપારીઓની ભાષા અરબી હતી, ફારસી નહિ. ઇસ્લામ હસ્તીમાં આવ્યા બાદ વેપારીઓ ઉપરાંત ધર્મોપદેશકોની આવજાવ શરૂ થઇ અને તેમણે પોતાના ધર્મનો પ્રચાર કરવા માંડયો. તેમાંના તો કેટલાયે ફારસીમાં નિષ્ણાત હતા.

ફારસી ભાષાનો વપરાશ તો મુસલમાન રાજસત્તાના સમયમાં અસ્તિત્વમાં આવ્યો. ગુજરાતમાં એ સત્તા દાખલ થતાંની સાથે એ ભાષા પણ સ્વાભાવિક રીતે દાખલ થઇ; એટલે એક તરફથી એ રસ્તે એ ભાષા અને પછી એ ભાષાના સાહિત્યે ગુજરાત કાઠિયાવાડમાં પ્રવેશ કર્યો, અને એ ઉપરાંત બીજો રસ્તો પારસી ભાઇઓનું ઈરાન છોડી દીવબંદરે અને પછી દક્ષિણ ગુજરાતનાં બંદરો મારફતે આફતના માર્યા આશરો લેવો તે. તેઓ પોતાની સાથે પોતાનામાં પ્રચલિત ભાષા તરીકે ફારસી ભાષા લાવ્યા, અને તેમનામાંની કેળવાયેલી વ્યક્તિઓને તો ફારસી સાહિત્યનું જ્ઞાન હોવાથી તેમણે તે ભાષામાં ગ્રંથો રચ્યાઃ જો કે પોતે અપનાવેલી ગુજરાતી ભાષામાં તે ભાષા કરતાં વધારે ગ્રંથો લખ્યાઃ કારણ કાળે કરી ગુજરાતી તો તેમની માતૃભાષા બની ગઇ અને ફારસી પરભાષા બની ગઈ. આથી ઊલટું રાજસત્તા મુસલમાની હોવાને લીધે મુસલમાન ભાઇઓએ સેંકડો બલ્કે હજારો ગ્રંથ એ ભાષામાં લખ્યા. ગુજરાતની બહારથી આવી ગુજરાતમાં વતન કરી રહેનાર સાધુસંત અને ઓલિયાઓએ ધર્મ વિષયક, સૂફીવાદ વિષયક, નીતિ (Morals, Ethics), અખલાક વિષયક, વૈદ્યક વિષયક, અને દુનિયાદારી વિષયક તેમ જ વિજ્ઞાન, ગણિત, ખગોળ, જ્યોતિષ વગેરે બાબતો પર ગ્રંથો લખ્યા. કવિઓએ કાવ્ય લખ્યાં, અને મુસ્લિમ લેખકોની ખાસ વિશિષ્ટતા, તવારીખનવેસી–ઈતિહાસલેખન–પ્રત્યે એમનું કુદરતી વલણ હોવાથી તે દિશામાં પણ એમના તરફથી કીમતી કાર્ય કરવામાં આવ્યું અને ગુજરાતના વતની મુસલમાન લેખકોને હાથે જે ઈતિહાસના ગ્રંથો લખાયા છે તે બહુ જ ઉપયોગી હોઈ પૂરો આદર પામ્યા છે.

એ ગ્રંથોની સંપૂર્ણ યાદી આપવી એ મુશ્કેલ કામ છે, કારણ અમદાવાદ, સૂરત, ભરૂચ, જ્યાં જ્યાં સુલતાનો અને નવાબો રાજસત્તા ભોગવી ગયા, ત્યાં ત્યાં મુસલમાન લેખકોને ઉત્તેજન મળતું હોવાથી

ઘણા ગ્રંથો લખાયા અને તે ગ્રંથો કાંતો ખાનગી ગૃહસ્થોની (જેવી કે અમદાવાદની પીરમુહમ્મદ શાહની) યા રાજની (જેવી કે જૂનાગઢ સ્ટેટની લાઈબ્રેરીઓ)માં, ખાનકાહ એટલે સાધુસંતોના મઠનાં કિતાબખાનાં-ઓમાં અથવા દરગાહોમાં અથવા મદ્રેસાઓમાં સચવાઈ રહ્યા. પરંતુ હજુ તે સઘળા ગ્રંથો પૂરેપૂરી જાહેરાતમાં આવ્યા નથી, એટલે તેનું સંપૂર્ણ બ્યાન આપી શકાતું નથી. આ ત્રણે શહેરના શહેરકાજી પાસે અમૂલ્ય પુસ્તકોનો સંગ્રહ છે. કેટલાંએક તો તેમના વડવાઓનાં લખેલાં છે, પરંતુ કોઈ ને કોઈ કારણથી તે જાહેરમાં આવી શકયાં નથી.

ફારસી સિવાય મુસ્લિમ સમયમાં અરબીનો કેળવાયેલા વર્ગોમાં ઘણો વપરાશ હતો, તેમ જ આમ વર્ગમાં એક જાતની હિંદી જેને જ ગુજરી કહે છે તેનો પણ વપરાશ હતો. એ ગુજરી ભાષામાં ઘણા મુસલમાન લેખકોએ કાવ્યો વગેરે રચ્યાં છે.

વોરા કોમના મુલ્લાજી સાહેબ તથા તેમના કુટુંબીઓ ઉપરાંત બીજાઓ અરબી ભાષામાં ઘણા પારંગત હતા. તેમનાં પુસ્તકો ધાર્મિક અને અદબ એટલે નસીહતનાં મોટે ભાગે અરબીમાં લખાયેલાં છે. કેટલાંએક " મોસમે બહાર " જેવાં અરબી લિપિ અને ગુજરાતી ભાષામાં છપાયેલાં છે.

(૧) મિરાતે સિકંદરી, લેખક સૈયદ સિકંદર બિન મુહમ્મદ મંઝૂ ઉર્ફે બિન અકબર (ઇ. સ. ૧૫૫૩ જન્મનું વરસ). આ સિવાય તુકાતુલ આરેફીન નામનું પુસ્તક પણ એણે લખ્યું છે. તેની એક પ્રત ભરૂચના કાજી સાહેબના સંગ્રહમાં છે. એ પુસ્તક તસવ્વુફ-સૂફીવાદ સંબંધે છે (ઇ.સ. ૧૧૩૦ની આસપાસ). મિરાતે સિકંદરીમાં ગુજરાતના ફારસીમાં લખાયેલા ઈતિહાસોનાં નામ આપ્યાં છે: હલવીયે શીરાઝીની તારીખે અહમદશાહી, તથા તારીખે મહમૂદશાહી, તારીખે બહાદુરશાહી, તારીખે મુઝફ્ફરશાહી, તારીખે મહમૂદ બેગડા. (આની એક પ્રત આપારાવ ભોળાનાથ લાઈબ્રેરીમાં—અમદાવાદમાં છે.) એ પુસ્તકોના

મોટા ભાગનો પત્તો મળતો નથી. મિરાતે સિકંદરીનો Bayley એ તરજુમો કર્યો છે. તારીખે બહાદુરશાહીનો કર્તા જ્યારે બહાદુરશાહે ગુજરાત પર હુમલો કર્યો ત્યારે ખંભાતનો દારોગો હતો (ઇ.સ. ૧૫૨૮).

(૨) મિરાતે, અહમદી લેખક મીરઝા મહમદ હસન જેને મોગલ દરબારમાંથી અલીમહમદખાનનો ખેતાબ આપવામાં આવ્યો હતો. એ અમદાવાદનો વતની હતો અને મોગલરાજની પડતીના સમયમાં અમદાવાદનો દીવાન નીમાયો હતો (હિ. સ. ૧૧૬૧ : ઈ. સન ૧૭૪૭). ગુજરાતનો એ ઇતિહાસ લખતાં એને દસ વરસ (ઈ. સ. ૧૭૫૦ થી ૧૭૬૦) લાગ્યાં હતાં. તેમાં પોતાના સમયનો ગુજરાતનો ઇતિહાસ તેણે વિગતથી આપ્યો છે. એ ઇતિહાસને ત્રણ વિભાગમાં વહેંચી નાંખ્યો છે. પહેલા વિભાગમાં મિરાતે સિકંદરી, અકબરનામા, પાદશાહનામા વગેરે ઇતિહાસના જાણીતા ગ્રંથોનો આધાર લઈ ઈ. સ. ૧૦૦૦ થી ફરુખસિયરના અંત સુધી એટલે પોતાના સમય સુધીની ગુજરાતની તવારીખ આપી છે, બીજા વિભાગમાં પોતે નજરે જોયેલી તથા જેમાં પોતાના પિતાએ તથા પોતે જાતે ભાગ લીધેલો તેવી તવારીખી હકીકત આપવામાં આવી છે, અને ત્રીજા વિભાગમાં જેને પોતે ખાતમે એટલે અંતિમ વિભાગ યા પુરવણી કહે છે, તેમાં અમદાવાદ શહેર તથા સૂબા (પ્રાંત)ની ભૌગોલિક સ્થિતિ, અને વ્યાપારી, દંતકથા,તથા બીજી ઘણી પરચૂરણ હકીકત બહુ રસીલી રીતે આપવામાં આવી છે. એમાંના એક વિભાગમાં મુસ્લિમ સંત ને સાધુઓની તથા મુસ્લિમ પવિત્ર સ્થાનોની હકીકત આપતાં લેખકે સંત સાધુઓએ રચેલાં પુસ્તકોનો ઉલ્લેખ કર્યો છે; તેનો મોટે ભાગે આ યાદી બનાવવામાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકના પહેલા તથા છેલ્લા વિભાગનું ગુજરાતીમાં અમદાવાદના કાજી મુહમ્મદ નિઝામઉદ્દીનને હાથે ભાષાંતર થયું છે. ઉર્દૂમાં પણ થયું છે. ત્રીજા વિભાગનું અંગ્રેજીમાં ભાષાંતર સૈયદ નવાબ અલી તથા મિ. સેડને કર્યું છે, અને બીજા ભાગનો તરજુમો ચાર

ભાગમાં ગુજરાતીમાં આ લેખના લેખકે અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી કર્યો છે. આ પુસ્તક સંબંધી તેમ જ લેખક સંબંધી માહિતી એ તરજુમાના ચોથા ખંડની પ્રસ્તાવનામાં આપવામાં આવી છે. એ ઇતિહાસનાં થોડાં પ્રકરણનું અંગ્રેજીમાં જેમ્સ બર્ડે ભાષાંતર કરેલું (ઈ. સ. ૧૮૩૪) અને સર ઇ. સી. બેલીએ પોતાના History of Gujarat (ઈ. સ. ૧૮૮૬)માં તેનો ઉપયોગ કરેલો. એણે આ સિવાય તોહફતુલ કિરામ્ નામનો ગ્રંથ લખ્યો છે.

(૩) શેખઅહમદ ઉર્ફે શેખ બક્ષુમિયાં ઇબ્ને શેખહામિદ બિન-શેખબહાદૂર (ગુજર્યા હિ. ૧૨૬૫). એમણે લખેલા હદીકેઉલહિદ અથવા હદીકે એહમદી નામના પુસ્તકમાં તમામ દુનિયાનો ઇતિહાસ આપતાં સૂરત, ખંભાત, અમદાવાદ વગેરે મુખ્ય મુખ્ય શહેરોની હકીકત ઘણાં પુસ્તકોની મદદ વડે ઉપજાવી કાઢી છે. સૂરતના શેખ કુટુંબના એ વિદ્વાન ગૃહસ્થ પોતે જાતે સરકારી નોકરીમાં મુન્સફ હતા.

(૪) કવિ હલવીયે શીરાઝી, કે જેણે સુલતાન અહમદની સલતનતની તવારીખ કાવ્યરૂપે રચી છે અને જેનો ઉલ્લેખ મિરાતે અહમદીના ખાતમે (પુરવણી)માં કરવામાં આવ્યો છે તે. કવિના સંબંધી હકીકત ઘણી જૂજ મળે છે, પણ તેના કાવ્યમાંની કેટલીક બેતો એ પુરવણીમાં આપવામાં આવી છે, તે જોતાં એ ઊંચા પ્રકાર-નો કવિ જણાય છે. ઈરાનનું મુખ્ય શહેર ઈસફહાન અને ખોરાસાનનું જાણીતું શહેર નિશાપુર પણ અમદાવાદની જાહોજલાલીની અદેખાઈ કરે છે, એવું શહેરનું સુંદર વર્ણન એના કાવ્યમાં છે.

(૫) મૌલાના નુરુદ્દીનના પુત્ર કાજી મહમદ રુકનુરુહક્કે મિરાતે અહમદીના લેખક માટે જુદા જુદા સાધુ સંતો જેમને અમદાવાદ વગેરે જગાએ દાટવામાં આવ્યા હતા તેમના સંબંધે તૈયાર કરેલા લેખ, ઈ. સ. ૧૭૫૦–૬૦ ના અરસામાં. એનો ઉલ્લેખ મિરાતના લેખકે ખાતમેની પ્રસ્તાવનામાં કર્યો છે.

(૬) શેખફેઝ, જેણે રસાલયે કદમી લખ્યું છે તેનો ઉલ્લેખ મિરાતના ખાતમેમાં છે (ફારસી આવૃત્તિ પૃ. ૨૫). હઝરત મહમ્મદ પેગંબર સાહેબનું પગલું (Footprint) હિ. સં. ૯૮૮માં શહેનશાહ અકબરના સમયમાં સૈયદ અબુ તુરાબ મક્કાની હજથી પાછા ફરતાં લાવેલા અને એ પગલું આસાવલમાં રાખવામાં આવેલું તેના સંબંધે એ પુસ્તકમાં હકીકત કવિતારૂપે આપવામાં આવી છે.

(૭) જેમ હાલના હૈદરાબાદના નિઝામ કવિતા રચે છે, તેમ અમદાવાદ સ્થાપનાર સુલતાન અહમદ પણ કવિતા રચતા. તેમની કવિતાનો નમૂનો મિરાતે અહમદીના (ફારસી આવૃત્તિ) ખાતમે નેપાને ૨૬ એ આપવામાં આવ્યો છે. સૈયદ બુરહાનઉદ્દીન બુખારી નામના સંતની સ્તુતિમાં તે કસીદો-સ્તુતિ કાવ્ય-રચાયેલો છે, અને સુલતાને સ્તુતિકાવ્ય ગાનાર કવિઓની રસમ અનુસાર ઊભા ઊભા તે કાવ્ય તેમની સામે ગાઈ બતાવેલું.

(૮) સૈયદ ઉસમાન કે જેઓ શમે બુરહાની એ નામે ઓળખાય છે, તેમણે સૂફીવાદ પર ઘણાં પુસ્તકો લખ્યાં છે. તેમાંનું મદારેજ ઉલ્ મઆરેજ નામનું પુસ્તક જાણીતું છે. એઓ જે વખતે સમાધિ અવસ્થામાં આવતા ત્યારે સુંદર ગઝલો પણ લખતા.

(૯) શેખ મહમ્મદ ઈરજી જે શેખ પીરને નામે પ્રખ્યાત છે, તેણે તુહફત ઉલ્ મજાલિસ-સૂફીવાદના સિદ્ધાંતો દર્શાવતું તથા પોતાના ગુરુ હઝરત ગંજબક્ષના ચમત્કારોના વર્ણન સાથે પોતાના જીવનની પણ થોડી હકીકત આપતું પુસ્તક લખ્યું છે. (ખાતમે ફારસી આવૃત્તિ પૃ. ૩૫). આની હસ્તલિખિત પ્રત ભરૂચના કાજીસાહેબ પાસે છે.

(૧૦) સૈયદ મહમદ મકબૂલ આલમ. એમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. તેમાં બે જાણીતાં છે. એકનું નામ જમઆતે શાહી, જેનાં સાત પુસ્તક (Volumes) છે, અને જેમાં દૈવી રહસ્યો સંબંધે લખવામાં આવ્યું છે. બીજાનું નામ લતાયફે શાહી છે, જેમાં દિવસે

તથા રાત્રે ઈશ્વરની સ્તુતિ કેવી રીતે કરવી તે સંબંધી લેખો છે. એઓ હિ. સ. ૧૦૪૫ માં ગુજર્યા. આ સિવાય ભરૂચના હાલના કાજીસાહેબની જાણ મુજબ એમણે ફારસીમાં ખતૂત (પત્રો) લખ્યા છે. તેમાંનો એકપત્ર કાઠિયાવાડના માંગરોળના એક સંત સૈયદ સિકંદર બિન મસઉદ ગાઝીના પૌત્ર સૈયદ ફકતુદ્દીન પર લખેલા ઉર્દૂ રિસાલા, "ઝબાન"માં ઈ. સ. ૧૯૨૭માં પ્રકટ થયો છે. કેટલાએક વિદ્વાનોના મત પ્રમાણે આ પત્રો એમના નથી પરંતુ શાહઆલમના છે.

(૧૧) સૈયદ જલાલ મકસૂદે આલમ. એઓ શાહજહાનના વખતમાં છ હઝારીનો ઓધ્ધો ભોગવતા હતા, એક શુદ્ધ સૂફીનું જીવન જીવતા હતા છતાં "રઝા" એ ઉપનામથી એણે ઘણી કવિતાઓ લખી છે. (ગુજર્યા હિ. સ. ૧૦૫૯) (ખાતમે ફારસી આવૃત્તિ પૃષ્ઠ ૪૩).

(૧૨) સૈયદ જાફર બદ્રે આલમ (હિ. સ. ૧૦૨૩-૧૦૮૫) ના અભ્યાસનો ખાસ વિષય કોરાને શરીફ, તેના પર ટીકા અને હદીસ હતો. એમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે, તેમાં ચોવીસ વિભાગવાળું "રૌઝાતે શાહી" નામનું એક પુસ્તક ઘણું જાણીતું છે. મિરાતે અહમદીનો લેખક એ પુસ્તકની મદદ ઘણી વખત લે છે. પહેલા વીસ વિભાગમાં સંતો અને વડીલોનાં બ્યાન છે, છેલ્લા ચારમાં કોરાને શરીફની ટીકા તથા દંતકથાઓ (હદીસ) છે. એમના બીજા ગ્રંથો માટે જુઓ નંબર (૧૯).

(૧૩) સૈયદ મહમદ અબુલ મજદ મહબૂબે આલમ, એમણે દીન મુસલમાની ધર્મ-સંબંધી ઘણાં પુસ્તકો રચ્યાં છે. અહલે *બયતના કથનની મદદ લઈ કોરાનની ફારસીમાં એમણે તફસીર (ટીકા) લખી છે. ઝીનત ઉલ્કાત નામે દંતકથાઓ ઉપર તથા મિશકાત ઉલ્-

* અહલે બયત એટલે ઘરનાં—કુટુંબનાં માણસો. હઝરત મહમ્મદની પુત્રી ફાતમા તથા તેમના ધણી હઝરત અલી અને તેમના પરિવાર માટે આ શબ્દ વપરાય છે. દરરોજના જીવનવ્યવહાર સંબંધીખુલાસા વગેરે.

મસાનુબીહ નામના પ્રખ્યાત ગ્રંથો ઉપર એમણે ટીકા લખી છે. ગુજર્યા સાલ હિ. સ. ૧૧૯૨ (ખાતમે ફારસી આવૃત્તિ પૃ. ૪૪). "મશરેક ઉલ્ અનવાર" નામના અરબી ગ્રંથનો એમણે ફારસીમાં તરજુમો કર્યો છે.

(૧૪) સૈયદ જલાલુદ્દીન હમીદ આલમ તે ઉપલા લેખક સૈયદ જલાલુદ્દીન હમીદ આલમનો પુત્ર (હિ. સ. ૧૦૬૨–૧૧૧૪). એણે ત્રણ પુસ્તકો લખ્યાં છે. તેમાંનું એક મિરાત ઉર્રૂયા છે. એ પુસ્તકમાં ઊંઘમાં સ્વપ્નાં આવે છે તેના ખુલાસા આપ્યા છે. બીજું મિફતાહ ઉલ હાજાત હાજતની ચાવી છે. એમાં આપણા દરરોજના જીવન વ્યવહાર સંબંધી ખુલાસા વગેરે છે. ત્રીજા પુસ્તકનું નામ જ્ઞાત નથી.

(૧૫) મૌલાના શેખમહમ્મદ નૂરુદ્દીન (હિ. સ. ૧૦૬૩–૧૧૫૫) કોરાન, સૂફીવાદ અરબી સાહિત્ય વગેરે ઘણા વિષયોમાં તે સમયનો એ અજોડ પંડિત હતો. જુદા જુદા વિષયો પર એણે ૧૭૦ પુસ્તકો લખ્યાં કહેવાય છે. કોરાનના પહેલા સૂરા–સૂરયે ફાતેહ–ઉપર એની રચેલી ટીકા દસબાર હજાર બેતની સંખ્યા પર જાય છે. અ. લ. અ. સીપારા પરની ટીકા સાઠ હજાર બેતની છે.

(૧૬) કાઝી મહમ્મદ નિઝામઉદ્દીન ખાન. આખું કોરાને શરીફ એમને મોઢે હતું. એટલે કે એઓ હાફિઝ હતા. આ સિવાય ઉચ્ચ દરજ્જાના કવિ હતા. ગણિતનું જ્ઞાન ઉત્તમ પ્રતિનું હતું. હિ. સ. ૧૧૫૧ માં દિલ્હીના શહેનશાહે એમને અમદાવાદના શહેર કાજી નીમેલા હિ. સ. ૧૧૬૫ માં એઓ ગુજરી ગયા. ઇલ્મ (જ્ઞાન)–ની શ્રેષ્ઠતા તથા રસાલય મીઝાન ઉલસાઅત રસાલતે ફઝીલતે ઇલ્મ તફસીલ ઉલ ફસૂલ કાળનું માપ, તથા ઋતુઓનું વર્ણન રસાલયે કહાવા (કાફીના ઉપર લેખ) (? અરબીમાં) એવા એવા ઘણા રસાલા લખ્યા છે.

(૧૭) ઈદ્રિસી કુટુંબ જે ભરૂચ અને સુરતમાં જાણીતું છે તે

કુટુંબના શરીફ શેખ શરીફ શેખ ઇદ્રૂસીએ પણ ઘણા ગ્રંથો લખ્યા છે. તેમાં અક્દે નબવી નામનો ગ્રંથ ગુજરાતમાં પ્રખ્યાત છે.

(૧૮) શેખ હસન મહમ્મદ ચિશ્તી. (હિ. સ. ૯૨૩–૯૮૨) કોરાને શરીફ પર લખેલી શેખસાહેબની શરેહ તફસીરે મહમ્મદી ઓલમાઓમાં માન પામી છે. એમાં કોરાને શરીફની આયતો વચ્ચેનો સંબંધ એમણે બતાવ્યો છે. તફસીરે બયઝાવી ઉપર ટીકા પણ એમણે લખી છે. આ સિવાય બીજી ઘણી નોંધો અને ટીકાઓ એમણે લખી છે.

(૧૯) સૈયદ જાફઅદ્રે આલમે સદહિકાયતે શાહી એટલે કે હઝરત કુતબેઆલમ તથા હઝરત શાહ આલમની કરામતોનો ગ્રંથ લખ્યો છે. સો વાર્તાઓ તેમાં હઝરતે શાહીયેહ એટલે સંત શાહ-આલમ તથા તેમના વંશજોનો ઈતિહાસ આપેલો છે. તથા અહવાલ તથા અશગાલ નામનું પુસ્તક પણ લખ્યું છે. આંક બારમાં એમનો વધુ અહેવાલ આપવામાં આવ્યો.છે.

(૨૦) મૌલાના અહમદ બિન સુલેમાન. ઈલ્મની દરેક શાખામાં એ પારંગત હતો. ધાર્મિક બાબતો, ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન વગેરેનું એનું જ્ઞાન અજોડ હતું. આ પ્રાંતમાં વિજ્ઞાનનો પ્રચાર એને લીધે જ થયો કહેવાય છે. ફેયુઝ ઉલ કુદ્દસ–નામનો ધાર્મિક ગ્રંથ જે એણે રચ્યો છે તે એવા ઉત્તમ પ્રકારનો છે કે તે દૈવી પ્રેરણા અને સહાયથી લખાયેલો કહેવાય છે. મૌલાના જાતે કુર્દ હતા. હિ. સ. ૧૧૦૨માં ગુજરી ગયા.

(૨૧) મિયાં ખૂબમહમદ ચિશ્તી, સૂફી તરીકે ઊંચો દરજ્જો ભોગવતા હતા હિ. સ. ૧૦૨૩ માં એ ગુજરી ગયા. એમણે જામે એ પુસ્તક પર ટીકા લખી છે તથા અમવાજે ખૂબી–સૌંદર્યની લહરીઓ અને ખૂબતરંગ નામના કાવ્યના ગ્રંથો લખ્યા છે. ખૂબતરંગ ગુર્જરી ભાષામાં લખેલો છે. આ ઉપરાંત અકીદત સૂફીયેહ ખુલાસયે મવજૂદાત તથા રિસાલયે સુલહે કુલ એમણે લખ્યા છે.

(૨૨) મીર હિસામ ઉદ્દીન ખાન, કે જે "ઉમ્મી" એ નામે કવિતા લખતો હતો તેણે સૈયદ મહમદઅલી નામના સંતના મૃત્યુની તારીખ તથા સાલ દર્શાવતું કાવ્ય રચ્યું છે. (ખાતમે ફારસી આવૃત્તિ, પૃ. ૧૦૫) કે જેમાંથી હિ. સ. ૧૧૫૪ નીકળે છે.

(૨૩) સૈયદ મહમ્મદ બ્રાહ્મણ સૈયદ અહમદ જે શેખજહાનને નામે મશહૂર છે તેણે મનાઝિલઉલ ઓલિયા (સંતોનાં નિવાસસ્થાન) નામનું પુસ્તક લખ્યું છે. તેમાં પાટણમાં થઇ ગયેલા મુસલમાન ઓલિયાઓની કથા છે. એ પુસ્તકમાં સિદ્ધરાજ જયસિંહ સંબંધી દંતકથા છે. સૈયદ મહમ્મદ બ્રાહ્મણને વેશે સિદ્ધરાજની નોકરીમાં રસોઇઆ તરીકે દાખલ થયો અને વીસ વરસ એ પ્રમાણે છૂપા રહી તેને રસોઇ કરી જમાડયો. સિદ્ધરાજને ખબર પડતાં તેને સળગતી ભઠ્ઠીમાં નાંખવા વિચાર કરતો હતો ત્યાં એનું શરીર ગુલાબના ફૂલનો ઢગલો બની ગયું. એ ફૂલ મહારાજાની આજ્ઞાથી સહસ્રલિંગના તળાવમાં પધરાવવામાં આવ્યાં અને આજે પણ તેની કબર મોજૂદ છે.

નોટ:—કેટલાએકનો એવો મત છે આ પુસ્તક એણે લખ્યું નથી એટલું જ નહિ પણ તેણે એકે પુસ્તક લખ્યું નથી.

(૨૪) મજદ ઉદ્દીન મૌલાના તાહેર 'વોરા' એ ઉપનામે ઓળખાય છે. એ પાટણમાં વસેલા મુસલમાન સંતોમાંના એક છે હિ. સ. ૯૮૬ માં વોરાઓને હાથે એનો અંત આવ્યો. કેટલાએક કહે છે કે આ હકીકત ગલત છે, કારણ કે વોરાઓએ નવો પંથ સ્વીકાર્યો હતો તે એને માન્ય ન હતો અને તેની વિરુદ્ધ અને સુન્ની પંથના લાભમાં એ પ્રચાર કરતો હતો. હદીસના ઇલ્મમાં એ નિષ્ણાત હતો. એણે જમેઉલમહાર નામનો ગ્રંથ લખ્યો છે. તેમાં કોરાને શરીફરપરે થયેલી છટીકા સંબંધી લખાણ છે. (આ વાત ગલત છે એમ પણ જણાવાય છે.) વળી અસમા ઉર રિજાલ નામનું પુસ્તક પણ લખ્યું છે. તઝકિરઉલ મોવઝુઆત પણ એનું લખેલું પુસ્તક છે.

(૨૫) શેખ અબ્દુલ લતીફ એણે નવ ગ્રંથો લખ્યા છે (હિ.સ. ૧૦૪૧) તેમાંના થોડા જ ગુજરાતમાં મળી શકે છે.

(૨૬) સૈયદ સાદુલ્લા (ગુજર્યા હિ. સ. ૧૧૩૮). એમની કબર સુરતમાં છે. એમણે ઘણા ગ્રંથો લખ્યા છે: ખાસ કરીને ધાર્મિક અને શાસ્ત્રીય.

(૨૭) કુલ્લિયાતે તાલિબ: શહેનશાહ જહાંગીરનો પ્રિય કવિ તાલિબ અમદાવાદમાં રહી ગયેલો, એટલે તેનાં કાવ્યોમાં અબ્દુલ્લાખાન, અમદાવાદ અને ગુજરાતનું વર્ણન છે. અબ્દુલ્લાખાન બીજી વખત અમદાવાદ આવ્યો ત્યારે તે અમદાવાદમાં હતો અને તેની સ્તુતિમાં તેણે એક કસીદો લખ્યો છે. આની પ્રત શ્રી ફાર્બસ ગુજરાતી સભાના સંગ્રહમાં છે.

(૨૮) મજમએ ઉન્ નવાદિરના લખનારનું નામ મુહમ્મદ મુર્તઝા કુરેશી મુઝફ્ફરાબાદી સોરઠી છે. (હિ. સ. ૧૧૯૫). આ એક બેનમૂન કાવ્યસંગ્રહ છે. ફારસી ભાષાના અક્ષરો નુકતાવાળા તથા નુકતા વગરના હોય છે. એણે બે પ્રકારનાં કાવ્યો લખ્યાં છે. એકમાં એવા અક્ષરો વાપર્યા છે કે જેને બિલકુલ નુકતા (અનુસ્વાર) હોય નહિ. બીજામાં એવા અક્ષરો વાપર્યા છે કે જેને નુકતા જ હોય. વળી એક અક્ષર નુકતાવાળો તો એક નુકતા વગરનો એવા અક્ષરો પણ વાપરી ભાષા પરનો પોતાનો સંપૂર્ણ કાબૂ એણે દાખવ્યો છે.

(૨૯) મુજર્રબ ઉસ શિફાઅ. લેખક ગુજરાત નિવાસી અહમદ બિન મુહમ્મદ મુલતાની. આ પુસ્તક વૈદકનું છે. રામબાણ ઔષધોનો લેખકે સંગ્રહ કર્યો છે. કેટલાએકનાં હિન્દી નામો પણ આપવામાં આવ્યાં છે.

(૩૦) મખઅઝને શોઅરા. આ ગ્રંથના લેખક ભરૂચના કાજી નુરુદ્દીનહુસેન બિન કાજી સૈયદ અહમદહુસેન રીઝવી શીરાઝી ફાયક (જુઓ નંબર ૩૧). ગુજર્યા હિ. સ. ૧૨૮૬. ૪. સ. ૧૮૫૧-૫૨ એની રચ્યા સાલ છે. લેખકના મિત્ર મીર કમાઉદ્દ-

દીન હુસેન કામિલે એની પ્રસ્તાવના લખી છે. ગુજરાતના સઘળા રેખ્તા (ઉર્દૂ) કવિઓનાં ચરિત્રો એમાં આપવામાં આવ્યાં છે. એવા ૧૦૯ કવિઓ, જેમાં એક હિજાબ નામે સ્ત્રી કવિ પણ આવી જાય છે, તેમનાં ચરિત્રો તથા તેમની કૃતિઓમાંથી ટૂંક ઉતારાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમણે એક બીજું પુસ્તક તઝકરઉસ્સાદાત શીરાઝિયા બે ભાગમાં લખ્યું છે, પોતાના ખાનદાનનુ એમાં વૃત્તાન્ત આપવામાં આવ્યું છે. આ સિવાય તાલએ નજૂમ (ખગોળ શાસ્ત્ર પર) તથા ઇંતેખાબે તારીખે ગુજરાત, તારીખે ફરમાન રવાયાયે ગુજરાત, મુખતસર તારીખે ગુજરાત એમણે રચ્યાં છે.

(૩૧) કાઝી નિઝામઉદ્દદીન ફાયક. અમદાવાદના કાજી, જેની નિમણૂક કાજીને ઓધ્ધે દિલ્હીના શહેનશાહ તરફથી હિ. સ. ૧૧૫૧, ઈ. સ. ૧૭૫૧–૫૨ માં કરવામાં આવી હતી અને જેઓ હિ. સ. ૧૧૬૫, ઈ. સ. ૧૭૫૧–૫૨ માં ગુજરી ગયા, તેમણે મસનવીએ મિરાત્ ઉલ્ હુસ્ન નામનું કાવ્ય લખ્યું છે. માથાથી પગ સુધી એક Ideal પ્રિયતમા (માશૂક)નાં અવયવોનું તેમાં વર્ણન છે. મિરાત્ઉલ્હુસ્ન એટલે સૌંદર્યની આરસી. એમણે એક બીજું પુસ્તક પોતાના પિતાના અવસાન સંબંધી લખ્યું હતું, તેનું નામ તારીખે રેહલતે મૌલાના નુરુદ્દીન (હિ. સ. ૧૧૫૫).

(૩૨) સ્ત્રીના સૌંદર્યના આ જ વિષય પર મેહરી નામની સ્ત્રી કવિએ પણ મસનવી લખી છે. તેનું નામ સરાપા (માથાથી પગ સુધી) યે મેહરી છે. નૂરજહાંને મેહરીને પાળીપોષી મોટી કરી હતી.

(૩૩) ઐન ઉલ્ કઝાત હમેદાનીએ કસીદા લખ્યા છે (ભરૂચના કાજીસાહેબના કહેવા મુજબ).

(૩૪) મીર અબુ તુરાબ શીરાઝીઃ અલ્લામા સૈયદ હિબ્બતુલ્લા શીરાઝથી પોતાના દીકરા કમાલુદ્દીન સાથે મહમૂદ બેગડાના વખતમાં આવી ચાંપાનેરમાં વસ્યો હતો. એ કમાલુદ્દીનના પુત્ર મીર અબુ-

તુરાબ શીરાઝીએ ફારસીમાં તારીખે ગુજરાત લખી છે (ભરૂચના કાજીસાહેબના કહેવા મુજબ).

(૩૫) અલ્લામા હઝરત શાહ વજીહ્ ઉદ્દ દીન અલવી. એમનું તખલ્લુસ વજીહ હતું

(૩૬) મખદૂમ સૈયદ શરફઉદ્દદીન મશહદી ભરૂચી (ગુજર્યા હિ. સ. ૮૦૮). ઈરાનમાં આવેલા મશહદ શહેરના વતની–સિંધમાં આવી ઉચ્ચ શહેરમાં મખદૂમ જહાનિયાના શિષ્ય થયા હતા. પછી તેમના ખલીફ તરીકે ભરૂચ આવી વસ્યા. એમનો રોજો ભરૂચના મખદૂમપરામાં છે. એમણે રચેલો ગ્રંથઃ જવાહિરે મશહદી છે.

(૩૭) મખદૂમ સૈયદ કઝવીની ભરૂચી, ઇરાનના કઝવીન શહેરથી આવી ઔરંગાબાદના હઝરત સૈયદ મુહમ્મદ ગીસૂદરાઝના ખલીફા થયા હતા. એમની કબર ભરૂચમાં છે. (ગુજર્યા હિ. સ. ૮૧૮). એમનો ગ્રંથ "મઝહરઉલ્હક ફિ બયાને ઈબાદતુસ્ સિમાઅ" છે.

(૩૮) મૌલાના મુહમ્મદ કાસમઃ ગ્રંથનું નામ મલફૂઝ મિરાતુલ્-ઉસૂલ.

(૩૯) સૈયદ મુહમ્મદ નૂરુલ્લાહ બિન સૈયદ અબ્દુલ્લાહ. ગ્રંથનું નામ–ખુલાસતુલ્ ઇરશાદ વલ અશગાલ ફિલ્ અવરાદ.

(૪૦) મખદૂમ સૈયદ યહ્યા તિરમિઝીઃ

ગ્રંથનાં નામ (૧) મજાલસે બુરહાની.
(૨) મશાગિલે જલાલી.
(૩) મશાગિલે બુરહાની.

(૪૧) શહેનશાહ અકબરની ફરમાયશથી "ફવાયેદ ઉલ્ ઇનસાન" નામનો વૈદ્યકનો ગ્રંથ ભરૂચના એક જાણીતા અને વિદ્વાન હકીમ મીર રૂહુલ્લા ભરૂચીએ કાવ્યમાં લખ્યો છે. શહેનશાહ જહાંગીરની બેગમને મંદવાડમાંથી સાજી કરેલી હોવાથી એ હકીમને ભરૂચ જિલ્લાનું થામ ગામ ઇનામમાં મળેલું. એ ખાનદાનના એક નબીરા સૈયદ પીર-સાહેબને ત્યાં એની નકલ છે.

એ રૂહુલ્લાના એક નબીરા નામે સૈયદ રૂહુલ્લાસાનીએ "લઝઝત ઉલ્ હયાત" નામનો યુનાની વૈદ્યકનો ગદ્ય ગ્રંથ ઈ. સ. ૧૭૪૫-૪૮માં ભરૂચમાં લખ્યો છે.

(૪૨) મુસલમાની સમયમાં ગુજરાતનો દરિયાઈ કાફલો મજબૂત હતો. સારા અમીર ઉલ્ બહર (નૌકાધ્યક્ષો)ની નિમણૂકો કરવામાં આવતી, અને તે સંબંધી બે પુસ્તકો—એક હિ. સ. ૧૦૫૭, શાહજહાન બાદશાહના સમયનું, નામે મિરાત ઉલ્ હિંદ, રચનાર મહમ્મદ લતીફ વલદે મહમ્મદઅલી ભરૂચી. જુઓ નંબર (૭૯) અને બીજું હિ.સ. ૧૧૬૧ (ઇ. સ. ૧૭૪૮-૪૯,) અહમદશાહના સમયનું ભરૂચના કાજી સાહેબના સંગ્રહમાં છે.

(૪૩) કાઝી મુહમ્મદ નિઝામ ઉદ્દીનખાનઃ ગ્રંથનું નામ, તારીખે વિસાલે મૌલાના નૂરુદ્દીન. (નંબર ૧૬ ની પુરવણી).

(૪૪) સૈયદ હસન ઉર્ફે શેખ હસનજી સૂરતી. ગ્રંથનાં નામ. (૧) દીવાન દર મદહે સરવરે કાયનાત (સ. અ.) (૨) ખમસા મનઝૂમ (૩) રિસાલયે હઝાર બૈત મનઝૂમ (૪) કસાયદે બેનુકતે દર મદહે જનાબ રસૂલ અલ્લાહ (સ. અ).

(૪૫) મુનશી અબ્દુલહકીમ, એમના ગ્રંથોઃ

(૧) મકતૂબાત વ રૂકઆત (પત્રવ્યવહાર).

(૨) મઝકરત્-ઉસ્-સાલેહીન.

(૩) રિસાલયે રદ્દુલકુફ્ર (૪) ફારસી દીવાન.

(૪૬) ખાજા ફૈઝઉલ્-હસન, એમના ગ્રંથનાં નામઃ ફતાવયે ફૈઝે નકશબંદીયાન (૨) શરહે ખુલાસે કયદાની (ફર્રુખસિયર શાહી).

(૪૭) સૈયદ અબ્દુર્રહેમાન ઉર્ફે જીયાસાહેબ સૂરતી. ગ્રંથનું નામ આઇને માનૂસ ફી અહવાલે ઇદ્રૂસ.

(૪૮) હાશમ બિન કમાલઉદ્દીન (કરારી).

(૪૯) મહમ્મદ કાસમ બિન સૈયદ અબ્દુલ રહેમાન, ભુદ્રાગ્રંથનું. નામ સહાયેફ-ઉસ્સાદાત (હાલાતે સાદાતે બુખારીયેહઃ ત્રણ પુસ્તક).

(૫૦) હકીમ મીર રૂહઉલ્લા ભરૂચી, એમણે કિતાબે લઝાઝત ઉલ્‌હયાત નામનો વૈદ્યકનો ગ્રંથ લખ્યો છે. એઓ અકબર જહાંગીરના વખતના હકીમ રૂહ ઉલ્લાહના ખાનદાનના હતા. જુઓ નંબર (૪૧).

(૫૧) મકતૂબાતે શેખ ઉલ્‌ઈસલામખાન તથા

(૫૨) મકતૂબાતે રહીમ ઉદ્દીન. આ બંને ગ્રંથ પત્રવ્યવહારોના સંગ્રહ જેવા છે, અને તે સમયની (સત્તરમા અઢારમા સૈકાની,) ઇલ્મી કાબેલિયત કેવી હતી તેનો ખ્યાલ આપે છે.

(૫૩) અમદાવાદના શેખ રશીદ ઉદ્દીન અહમદ ફારૂકી, એમણે મુખબિર ઉલ્ ઔલિયા નામનો મુસ્લિમ સંતોની હકીકત સાથનો ગ્રંથ રચ્યો છે.

(૫૪) હાલના ભરૂચના કાજી સાહેબ સૈયદ નૂરુદ્દીન હુસેનના મોટા દાદા મર્હૂમ કાજી સૈયદ અહમદહુસેન બિન સૈયદ મહમ્મદ શીરાઝી અરબી ફારસીમાં પુસ્તકો રચી ગયા છે, તેમના પુત્ર મર્હૂમ કાજી સૈયદ મુહમ્મદ નૂરુદ્દીન હુસૈન જેમનું તખલ્લુસ (ફાયેક) હતું. તેઓ ફારસી, ઉર્દૂ, તથા અરબી ભાષામાં કાબેલ હતા. તેમણે લગભગ આઠ પુસ્તકો રચેલાં છે. મખઝને શોઅરા નંબર (૩૦) તેમાંનું એક છે. મખઝન ઉલ્ ફિકાહ નામના અરબ્બી પુસ્તકનું ફારસીમાં ભાષાન્તર "જવાહેર ઉલ્‌ફિકાહ" નામે તથા અશ્વવિદ્યા પર "તોહફતુલ્ ઇરફાન" નામે પુસ્તકો લખ્યાં છે. તે ઉપરાંત ખગોળ વિદ્યાને લગતું એક પુસ્તક નામે "તાલયે નજુમ" લખ્યું છે.

(૫૫) દાસ્તાને બહેરામ ગોર, નાસેર ઉદ્દીન મહમ્મદે સૂરતમાં હિ. સ. ૧૦૬૬માં રચ્યું. (કામા ઈન્સ્ટિટયૂટની લાઈબ્રેરીમાં છે. જુઓ. કેટલૉગ પૃ. ૧૧૪).

(૫૬) કમાલસફીહુસેન ફીરોઝી ભરૂચી. એમણે હિ. સ. ૧૦૮૯ માં મઝહરઉલ્‌હક ફી બયાને ઇબાદત ઉસસમા નામનો ગ્રંથ ધાર્મિક વિષય પર લખ્યો છે. મુંબઈની જામેમસ્જિદ લાઇબ્રેરી. નંબર ૨૨૭૯.

જુઓ નંબર (૩૭) પુસ્તકનું નામ એક જ છે, એટલે લેખક પણ એક જ હોવો જોઈએ.

(૫૭) મિરાતે સિકંદરી (Bayleyના ભાષાંતર)માં પૃષ્ઠ ૨૩૮ પર મલેક અમીરકમાલ નામના કવિનું નામ આપવામાં આવ્યું છે. એ સુલતાન બહાદુરશાહનો દરબારી અને મિત્ર હોવા ઉપરાંત રમૂજી હાજરજવાબી હતો. પૃષ્ઠ ૨૩૭ પર કવિ હાજીખાનનો ઉલ્લેખ છે. એણે હાજીપુરમાં મોટી મસ્જિદ બંધાવેલી. એ સુલતાન મહમૂદ બેગડાના સમયમાં થઈ ગયો.

(૫૮) એ પુસ્તકને પાને ૪૪૧ પર ભરૂચમાં ઘણા વિદ્વાનો અને પંડિતો રહેતા હતા એમ જણાવતાં એક વિદ્વાન મિયાં ગિયાસઉદ્દીનનું નામ આપવામાં આવ્યું છે, સૂરતના વતની શેખ કમાલઉદ્દીન (હમદાની)ને પણ એ જ કક્ષામાં ગણવામાં આવ્યા છે. ઈ. સ. ૧૫૪૫.

(૫૯) જવાહરે મશહદીના લેખક મહમ્મદ સૈયદ શરફુદ્દીન મશહદી મૂળ મશહદના વતની તે મુલતાન આવી પછી તેમનું લગ્ન મુલતાનના સંતપુરુષ હઝરત જહાનિયાની દીકરી સાથે થતાં તેઓ ભરૂચમાં તેમના ખલીફ તરીકે આવી મખદૂમપુર પાસે રહ્યા હતા. એ ગામ જ એમણે વસાવ્યું હતું. તેઓ તર્કવિદ્યામાં કુશળ હતા. એમના પુસ્તકમાં સદરહુ સંતના ખાનદાનનું વર્ણન છે (હિ. સ. ૮૦૮). આની હસ્તલિખિત પ્રત ભરૂચના કાજીસાહેબના સંગ્રહમાં છે. જુઓ નંબર (૩૬).

(૬૦) મખદૂમ સૈયદ યહ્યા: એમના ગ્રંથ: (૧) મજાલિસે બુરહાની, (૨) મશાગીલે જલાલી (૩) મશાગીલે મુતસાલી (૪) મશાગીલે બુરહાની (ઈ. સ. ૮૦૮). સૈયદ યહ્યાની કબર વડોદરામાં માતરિયા તળાવ પાસે છે. નંબર (૪૭) અને આ લેખક એક જ છે.

(૬૧) મઝાહેર ઉલ્હકના લખનાર મખદૂમ સૈયદ કમાલ ભરૂચી, મૂળ કઝવીનના: ગુલબર્ગના વતની ગીસૂદરાઝના મુરીદ (શિષ્ય);

ભરૂચમાં રહ્યા ને ગુજર્યા હિ. સ. ૮૮૧. કબર વેજલપુરમાં છે. સુન્ની ધર્મની ચાર શાખા હનફી, શાફઇ, માલેકી, હંબલી પર એ પુસ્તક છે. જુઓ નંબર (૩૭).

(૬૨) કુમચી તસવ્વૂફ (સૂફીવાદ)નું પુસ્તક લખનાર, ગીઝની બિન સુલેમાન મંજનશાહી. એમણે રસૂલપુર (શાહઆલમના રોઝા)માં હિ. સ. ૯માં એ પુસ્તક લખેલું લાગે છે. એની પ્રત ભરૂચના કાજી સાહેબ પાસે છે.

(૬૩) હઝરત શાહ વજીહઉદ્દીન અલવી, એમણે એક પુસ્તક ખગોળવિદ્યાનું શરહે રિસાલયે કોસજી નામનું લખેલું છે, તથા શરહે જામે જહાનનુમા–એટલે જામે જહાનનુમાની ટીકા તથા દીવાને વજીહ નામે દીવાન (ફારસી બેતો) લખી છે પણ તેનો પત્તો નથી. (ગુજર્યા હિ. સ. ૯૯૮).

(૬૪) ભરૂચના શહેર કાજીના ખાનદાનના સૈયદ અહમદ બિન સૈયદ રશીઉદ્દીન બિન સૈયદ જલાલ શીરાઝી એમણે "ફૂતૂહાતે રફાઇ" નામનું પુસ્તક પોતાના વડીલ અમદાવાદના મશહૂર સંત હઝરત સૈયદ અહમદ જાફર શીરાઝી (ગુજર્યા હિ. સ. ૯૪૨) તથા સૈયદ રશીઉદ્દીન વગેરેનું વૃત્તાંત લખવા માટે રચ્યું હતું. એઓ ગુજર્યા હિ. સ. ૧૦૧૮માં.

(૬૫) શેખ મુહમ્મદ સાલેહ ઉર્ફે પીરબાબા (ગુજર્યા હિ. સ. ૧૧૪૭). એઓ અમદાવાદમાં રહેતા. એમનું તખલ્લુસ "ઇરફાન" હતું. "નૂર ઉલ્ઇરફાન" નામના નાનકડા પુસ્તકમાં એમણે અમદાવાદની જાણીતી મદ્રેસા હિદાયતબક્ષની તારીફમાં જે વૃત્તાન્ત લખેલું તેનો સારાંશ શ્રી ફાર્બસ ગુજરાતી સભાના ત્રૈમાસિકમાં–જુલાઇ–સપ્ટેમ્બર, ૧૯૩૭–ગુજરાતીમાં આપવામાં આવેલો છે. એમનું બીજું પુસ્તક "તોહફતઉલ્ ઇરફાન" ઘોડાઓને કેમ રાખવા તે માટે ૪૦ હદીસનો સંગ્રહ છે. અસલ અરબીનો ફારસી તરજુમો શેખ મુહમ્મદ સાલેહે કર્યો હતો. આ

સિવાય બીજા એક અરબી ધાર્મિક ગ્રંથનો હાશીઓ એમણે ફારસીમાં લખ્યો છે, અને અહવાલ વ અકવાલે બુઝર્ગાન, એમાં સંત પુરુષોનાં વૃત્તાન્ત વગેરે આપ્યાં છે.

(૬૬) સફીનઉસ્ સાદાત નામના ગ્રંથમાં મહમ્મદ કાસમ બિન અબ્દુલરહેમાન બુદ્ધાએ ગુજરાતના કેટલાક જાણીતા સંતપુરુષોની હકીકત આપી છે. (હિ. સ. ૧૧૮૪). જુઓ નંબર (૪૯).

(૬૭) સૈયદ હસન ઉર્ફે શેખ હસનજી સૂરતી (ગુજર્યા હિ.સ.૧૦૬૨). એમણે હઝરત પયગંબર સાહેબ વગેરેની તારીફમાં એક "દીવાન" રચ્યું છે અને તેમની જ સ્તુતિમાં "કસાયદે બેનુકતે" લખ્યું છે, એટલે એ આખા સ્તુતિકાવ્યમાં અક્ષરો એવા વાપર્યા છે કે જેને "નુક્તા" ન હોય. જુઓ નંબર (૪૪).

(૬૮) મનાકેબુલ્ અખબાર-લેખક ખાજા મહમ્મદ કાસમ(રિઝવાન) બિન ખાજા સૈયદ જમાલઉદ્દીન (દાનાસાહેબ) સૂરતના (હિ. સ. ૧૦૧૯). આમાં લેખકે પોતાના પિતાશ્રી હઝરત ખાજા દાનાસાહેબની હકીકત આપી છે. એમનો રોજો બડેખાંના ચકલામાં છે.

(૬૯) સૈયદ સાદુલ્લા સૂરતી (ગુજર્યા હિ. સ. ૧૧૩૮). એમણે ધાર્મિક બાબતો પર ચાર નાના નાના રસાલા લખ્યા છે. (૧) કશ્ફઉલ્હક (૨) રસાલયે સબૂતે મઝહબે શિયા, (૩) રસાલયે તુહફત ઉર્રસૂલ (૪) રસાલયે અહલે બૈતઃ મસનવી.

(૭૦) ખાજા ફૈઝઉલ્હુસ્ન બિન ખાજા નૂરઉલહુસ્ન સૂરતીએ નકશબંદ ફિરકા પર વિવેચન કરતું પુસ્તક ફતવાયે ફૈઝે નકશબંદિયા લખ્યું છે. જુઓ નંબર (૪૬).

(૭૧) મીર અબુતુરાબ શીરાઝીએ "તારીખે ગુજરાત" સુલતાન બહાદુરશાહના વખતથી સુલતાન ત્રીજા મુઝફ્ફરશાહ સુધીનો (હિ. સ. ૯૯૮) ઇતિહાસ લખ્યો છે. એના વડવા મીર હિબ્બતુલ્લા શીરાઝી અકબરના વખતમાં ગુજરાતમાં આવતા મક્કે હજ કરવા જનારા કાફલાના સાલાર "મીરહજ" નિમાયા હતા. જુઓ નંબર (૩૪).

(૭૨) ખાજા બિન અહમદ મહમૂદ; એમને હાથે "દસ્તૂરઉલ્-એહતેસાબ" "નિસાબ ઉલ્એહતેસાબ"નો તરજુમો સવાલ જવાબના રૂપમાં સુલતાન મુઝફ્ફરશાહના વખતમાં થયેલો.

(૭૩) શેખ સુલતાન ભાઇમિયાં નામના ખંભાતના વતનીએ મિરાતઉલ્ મુહકકેકીન નામનો ગ્રંથ સૂફીવાદ પર લખેલો છે. (હિ. સ. ૧૨૪૮)

(૭૪) મકતૂબાતઃ સીંધિયા સરકાર તથા ગુજરાતના અગ્રેસર ગૃહસ્થો વચ્ચે લખાયેલા પત્રોનો સંગ્રહ કરનાર સૈયદ મહમ્મદ વલદે સૈયદ ઝૈનઉલ્ આબેદીન (ગુજર્યા હિ. સ. ૧૨૫૨): હાલના ભરૂચના કાજીસાહેબના વડવા હતા. હિ. સ. ૧૧ તથા ૧૨ ના અરસાનો આ પત્રવ્યવહાર છે.

(૭૫) એ કાજી સાહેબના વડા દાદા (Great grand–father) કાજી સૈયદ અહમદહુસેન વલદે સૈયદ મહમ્મદ (ગુજર્યા હિ. સ. ૧૨૭૩) એમણે (૧) સિરાજઉલ્હુદા (૨) મુજરબાતે અહમદી (વૈદ્યકનો ગ્રંથ) (૩) ઈરશાદે અહમદી (સૂફીવાદ) (૪) અહકામે કઝાતુલ્ મુસ્લમીન (કાજીપણા માટે જરૂરી ચીજો) (૫) અલવાને નામત (પાકશાસ્ત્ર) તથા (૬) અરબી ફારસી બયાઝ–નોંધબૂક, આ ગ્રંથો લખ્યા છે.

(૭૬) શેખબહાદૂર ઉર્ફે શેખુમિયાં બિન શેખમહમદ ઉર્ફે બક્ષુ-મિયાંઃ એમણે "હકીકત ઉસ્ સૂરત"માં પોતાના પિતાની તારીખ તથા પોતાને થયેલા અનુભવ વડે સૂરતનો ઈતિહાસ લખ્યો છે. સૂરતનાં જાણીતાં કુટુંબો, સંતો, તથા પોતાના ખાનદાનનો ઈતિહાસ એમાં છે.

(૭૭) તઝકરૂત્ સાલેહીનના રચનાર મુનશી અબ્દુલ હકીમ બિન શેખ અબુલ વહહાબ અબ્બાસી એમણે ગુજરાતનાં નામીચાં ખાનદાનોનું વૃત્તાન્ત એમાં લખ્યું છે. સૂરત ગેઝેટિયર મોટે ભાગે એ

ઇતિહાસ પર રચાયું છે. એમણે મકતૂબાત તથા રૂકઆત એ નામે પત્રોનો સંગ્રહ કર્યો છે.

(૭૮) મખઝન ઉલ્ અઅરાસ એટલે ઓરસ (ઉર્સ)નો ખજાનો. એના કર્ત્તા શેખ નિઝામુદ્દીન વલદે શેખમહમદ યહ્યા. એમણે હિ. સ. ૧૧૮૫ માં કેટલાંક પુસ્તકો પરથી આ પુસ્તક રચ્યું છે. તેમાં સંત પુરુષો તથા જાણીતા આસામીઓનાં મૃત્યુની તારીખો તથા ઓરસના દિવસોના દાખલા છે. મુસ્લિમોમાં ઇલ્મે અનસાબ Geneology તથા ઇલ્મે અઅરાસને ઊંચું સ્થાન છે. ઉર્સ એટલે ખુશીનો દિવસ, વફાત કહેતાં મૃત્યુનો દિવસ. સંતપુરુષોને ઈશ્વરને મળવાનો એ દિવસ હોવાથી તેને ખુશીનો દિવસ ગણવામાં આવે છે.

(૭૯) મિરાત્ ઉલ્ હિંદ–ગુજરાતના સૂબા, પરગણાં, તેની ઊપજ, તેનો વહીવટ વગેરેની હકીકત સાથના એ ગ્રંથના રચનાર મહમ્મદ લતીફ વલદે મહમ્મદ અલી વલદે મહમ્મદશાહ ભરૂચના વતની હતા. ગુજરાતના વહાણવટા સંબંધે પણ એમાં હકીકત છે. ભરૂચના કિલ્લા તથા નર્મદા નદીની તારીફ પદ્યમાં કરવામાં આવી છે. હિ. સ. ૧૦૫૭. જુઓ નંબર (૪૨).

(૮૦) સૂરતના બક્ષી કુટુંબના વડીલ મીરમહમ્મદ ફઝલેહુસેન-ખાન હમદાનીએ (હિ. સ. ૧૨૨૨) વકાઇએ અહસન ઉલ મદાયહ નામનો ગ્રંથ પોતાના ખાનદાનની હકીકતનો લખ્યો છે.

(૮૧) કર્ત્તાના નામ વગરની હિ. સ. ૧૧–૧૨ માં લખાયેલી એક ફારસી તારીખ જે અમદાવાદની ભોળાનાથ લાઇબ્રેરીમાં છે, તેમાં અમદાવાદ, ધોળકા, ભરૂચ વગેરે પરગણાં, જમીનદારોનાં નામ, કાજી, મુહતસબ, વગેરે અમલદારોની નિમણૂક, ગુજરાતના વહાણવટા વગેરેની હકીકત આપેલી છે. શરૂઆત હિ. સ. ૧૧૬૭ થી કરી છે.

(૮૨) રૌઝત ઉલ્ અનસાબ ગ્રંથમાં સૈયદ અબ્દુર્રહીમ સૈયદ મહમ્મદ અહમદ ઉર્ રફાઈ અલકાદરી. એ એમણે ગુજરાતનાં

નામાંકિત ખાનદાનોનાં કુરસીનામાં આપેલાં છે. હિ. સ. ૧૧૪૩ માં લખાયેલો લાગે છે: એ પુસ્તક રાંદેરમાં સરદાર કાજી સૈયદ હાજીમિયાં રફાઇને ત્યાં છે.

(૮૩) મલફૂઝે કબીરી (હિ. સ. ૧૦૫૫ થી ૧૦૬૮), હઝરત શાહ વજીહઉદ્દીન અલવી ગુજરાતીનું નંબર (૬૩)નું વૃત્તાન્ત છે. રચનારનું નામ સૈયદ અબ્દુલ મલેક બિન સૈયદ મહમ્મદ બિન સૈયદ બહાઉદ્દીન બિન સૈયદ નસરુલ્લાહ.

(૮૪) ભૂવાખાનઃ એમણે યુનાની વૈદક પર ગુજરાતના સિકંદર બાદશાહ (ઇ. સ. ૧૫૨૬)ના ફરમાનથી માત્રા અનઉસ્ શફાઇ સિકંદરશાહી એ નામનો ગ્રંથ લખ્યો છે, કર્ત્તાને સંસ્કૃતનું સારું જ્ઞાન હોવાથી તે જમાનાના લોકોના આચાર વિચારનો ખ્યાલ બધાને ઉપયોગી થઇ પડે એવી રીતે આપ્યો છે.

(૮૫) સૈયદ ભૂવાએ સૂફીવાદ સંબંધે સવાલ જવાબના રૂપમાં રસાલયે અજવબે તથા અસવલે લખ્યો છે. હિ. સ. ૮૮૦ ની આસપાસ હઝરત શાહ આલમ બુખારીના સમયમાં લખાયેલો છે.

મિરાતે સિકંદરીમાં કેટલાક કવિઓનાં નામ આપવામાં આવ્યાં છે. સુલતાન મુઝફ્ફરશાહના સમયમાં અયુબ નામનો કવિ થઇ ગયો. સુલતાન બહાદુરશાહના વખતમાં શાહમીર, શાહ કમાલુદ્દીન અસલાફ, શાહ અબુતુરાબ નામે કવિઓ હતા. સુલતાન મહમૂદ ત્રીજાના સમયમાં યહ્યા મુફતી નામે કવિ થઇ ગયો.

પુરવણી

ગુજરાતના હિંદુ ગ્રંથકારો

૧ બ્રિજનાથ (વૃજનાથ):—અમદાવાદનો વતની હતો; તેને ફારસીનો અતિ શોખ હતો. તેની એક લાઇબ્રેરી પણ હતી, જેમાં તેણે ફારસી ભાષાની ઉત્તમ કિતાબોનો સંગ્રહ કર્યો હતો. તેમાંની મોટે ભાગેની કિતાબો સૂફીવાદ અને સાહિત્ય પર હતી. આ કિતાબખાનામાંની બાકી રહેલી કિતાબોમાંની કેટલીક અદ્યાપિ પણ મોજુદ છે. તાજુબીની વાત એ છે કે તેણે કોઇ ગ્રંથ લખ્યો હતો કે નહિ એ વિશે કંઇ પણ જાણવાનું મળ્યું નથી. તે હિ. સ. ૧૧૬૨ (ઈ. સ. ૧૭૪૮) પર્યંત હયાત હતો.

૨ જસવંતરાયઃ—એ પણ ફારસીનો બહુ શોખીન હતો. તેની પણ એક લાઇબ્રેરી હતી. તેમાંની બાકી રહેલી કિતાબોમાંથી જે મેં જોઈ છે તેમાં તેની સિક્કા મોહર મોજૂદ છે. એ ગ્રંથો અમદાવાદના એક નાગર ગૃહસ્થને ત્યાંથી મળ્યા છે. તેઓ કહે છે કે તેમના વડીલો તરફથી એ વારસામાં મળતા આવ્યા છે. આ ઉપરથી એમ કહી શકાય કે જસવંતરાય અમદાવાદનો નાગર હતો અને હિ. સ. ૧૧૬૩ (ઈ. સ. ૧૭૪૯) પર્યંત હયાત હતો.

૩ મહેતા સુખરામઃ—ગુજરાતનો વતની હતો. ઘણું કરીને તે નાગર હતો. ફારસી પર તેનો સારો કાબૂ હતો. રૂકાત (પત્રો)ની તેણે એક ખાસ કિતાબ લખી હતી, પરંતુ તે તૂટક હાલતમાં મારા હાથમાં આવી તેથી તેના વિશે તેમાંથી કંઇ હકીકત મળી નહિ. તેનો પત્રવ્યવહાર મુન્શી કલાલચંદ સાથે હતો તેથી તે હિ. સ. ૧૧૧૯ (ઈ. સ. ૧૭૦૭) પર્યંત હયાત હતો એમ કહી શકાય. તેને ગદ્ય તરફ સંપૂર્ણ દિલચસ્પી હતી.

ઉપરાંત કેટલીક પ્રકારના પદ્યલેખનમાં તેણે પોતાની કલમનો

ઉપયોગ કર્યો હતો. ઉમ્દતુલ્‌ઉમરા નવાબ સાદતખાન એક અમીર હતો, જેની સાથે તેને સારો સંબંધ હતો. તેની શાનોશૌકતનું બ્યાન કરતું એક પ્રશંસાકાવ્ય તેણે લખ્યું હતું. નેકાનેમુલ્ક, એહસાનેમુલ્ક અને ઉન્વાનેમુલ્ક તેના અંત્યાનુપ્રાસ છે. એ નવાબ સાદતખાન કોણ હતો, તે વિશે સત્ય હકીકત મળતી નથી, પરંતુ કસીદા (પ્રશંસા કાવ્ય)માં તેનો ખિતાબ ઉમ્દતુલ્‌ઉમરા લખ્યો છે. તે દીવાન હતો અને પાદશાહ સાથે તેનો ગાઢ સંબંધ હતો. તેનાં ગુણગાનોમાંની નીચેની એક શેર છેઃ—

"મી કુની સીપારા કલ્બે દુશ્મનાન,
કીસ્ત ચું તુ હાફિઝે કુરાને મુલ્ક ?

[અર્થાત્ તું દુશ્મનોના હૃદયના ૩૦ ટુકડા (સીપારા)[1] કરે છે. તારા જેવો મુલ્કરૂપી કુરાનનો હાફિઝ[2] કોણ છે ?]

તેણે એક શે'ર આખરમાં પોતાના વિશે પણ લખી છે.

"ગર કુની બર મન નિગાહે ઇલ્તિફાત,
મી શવમ મુમ્તાઝ અઝ અકરાને મુલ્ક"

[અર્થાત્ જો તું મારા તરફ મહેરબાનીની લાગણીથી જુએ તો હું મુલ્કના (મારા) સમોવડિયામાં નામીચો થાઉં.]

૪ નાથજીઃ—તે ખીમજીનો પુત્ર હતો. ખીમજીના પિતાનું નામ ગોબિંદજી (ગોવિંદજી) હતું. તે ગુજરાતનો વતની અને ન્યાતે નાગર હતો. બેંગણપુર તેની જન્મભૂમિ હતી. પોતે ફારસી ઝબાનમાં માહેર મુન્શી હતો. એમ જણાય છે કે તેને પણ કિતાબો જમા કરવાનો અતિ શોખ હતો. તેની કિતાબોમાંથી "પન્શાએ યૂસુફી" મને મળી

---

૧. કુરાનનો એક હિસ્સો. આ ઉપરાંત હાફિઝ, કુરાન વગેરે શબ્દો પણ આવે છે. આથી એમ જણાય છે કે અલંકારની વૃદ્ધિ માટે "સીપારા" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૨. જેને આખું કુરાન મોઢે હોય તે.

છે, જે યૂસુફ હુસેન બલ્ખીની રચેલી છે. તે તેણે હિ. સ. ૧૦૬૩ (ઈ. સ. ૧૬૫૨)માં પોતાની લાઇબ્રેરીમાં ઉમેરી હતી.

૫ મહેતા જગજીવનદાસઃ—ગુજરાતનો વતની અને ન્યાતે નાગર હતો. તેણે ગુજરાતના નાયબ સૂબા મોહમ્મદ બેગ ખાનના મીર મુન્શી તરીકે પ્રથમ કામ કર્યું હતું. ત્યારપછી રાજપીપળાના વાકેનવીસ (ખબર-પત્રી) તરીકે તેની નિમણુક થઇ. મોહમ્મદ બેગ ખાન હિ. સ. ૧૧૨૪ (ઇ.સ.૧૭૧૨)માં કેટલાક દિવસપર્યંત નાયબ તરીકે રહ્યો. ત્યારપછી તે સૂરત બંદરનો પોર્ટ કમિશ્નર થયો હતો. મહેતા ફારસી ઝબાન સારી રીતે જાણતો હતો, જે માટે તેનાં ખતો કાફી પુરાવા છે. કોઈ મુકુંદરામની માતુશ્રીના મરણ સમયે તેણે જે દિલાસાનો પત્ર લખ્યો હતો તે મારી નજર આગળ છે, તેમાંથી તેની લાયકાતનો ચોક્કસ રીતે અંદાજ મળી જાય છે. તેણે પત્રમાં મુકુંદરામને બિરાદરે મહેરબાન (પ્રેમાળ બંધુ) શબ્દોથી સંબોધ્યો છે, અને તેની માને બહેન કહી છે. આ ઉપરથી માલમ પડે છે કે મુકુંદરામને તેની સાથે કંઇ પણ સગપણ ન હતું, પરંતુ બંને વચ્ચે મિત્રાચારીનો સંબંધ હતો. આ પત્ર તેણે કુતિયાણાથી ફરૂખસિયર–હિ. સ. ૧૧૨૬ કે ૧૧૨૭ (ઈ. સ. ૧૭૧૪–૧૫)–ના રાજ્યના ત્રીજા વર્ષે લખ્યો છે.

૬ શ્રી રાજશંકરઃ—અમદાવાદનો વતની હતો. તેના પિતાનું નામ મહેતા તુલજાદાસ જીવણજી હતું. ફારસી ઝબાન ઉપર સારો કાબૂ હતો. લોકો તેની કાબેલિયતને લઇને સુંદર ફારસી ભાષા લખાવવાને એની પાસે આવતા હતા. ખુદ તેની રચેલી કે તરજુમા રૂપમાં કોઇ કિતાબ નજરે નથી પડી, પરંતુ એક કિતાબ જેનો દીબાચો તેણે લખ્યો છે તે મારી પાસે છે. તે ઉપરથી તેના ફારસી ઝબાન ઉપરના કાબૂનો અંદાજ કંઈક અંશે મળે છે. તેના લખાણ ઉપરથી એમ પણ જણાય છે કે તેનું ખાસ વલણ સૂફીવાદ તરફ હતું. તેની લખેલી હમ્દ (ઈશ્વર સ્તુતિ) એવી છે કે જાણે કોઇ મુસલમાને શુદ્ધભાવ અને સંપૂર્ણ શ્રદ્ધાથી લખી હોય. અટકળથી કહી શકાય કે બહુધા તે નાગર

ખાનદાનમાં જન્મ્યો હતો. પોતે શાએર હતો. "અહકરી" તેનું તખલ્લુસ હતું. તેણે એક કસીદો ફતેહસિંહ ગાયકવાડની તખ્તનશીની વખતે લખ્યો હતો જે મેં જોયો છે. તેમાંની એક શેર નીચે પ્રમાણે છે:—

"બહિમ્મત અગર બુગુઝરદ સુયે યમ,
તપદ માહી ઓ લર્ઝદ અઝ વય પલન્ગ."

[જો તે હિમ્મતથી સમુદ્ર તરફ જાય તો માછલી બેકરાર થાય અને (હયબતને લઈને જંગલના) ચિત્તા પણ ધ્રુજે.]

નીચેના મિસરામાંથી અબજદપદ્ધતિ પ્રમાણે સાલ નીકળે છે.

"હુમાયુન બુવદ દૌલતે ફત્હસિંગ" (હિ. સ. ૧૧૮૨) (ઈ. સ. ૧૭૬૮) (ફતેહસિંહની દોલત ક્ષેમકુશળ રહે).

દામાજી ગાયકવાડના અવસાનની સાલ નીચે પ્રમાણે તેણે લખી છેઃ

"હાતિફ ઝે રૂયે અલમ ગુફ્ત શિતાફ્ત" (હિ. સ. ૧૧૮૨) (ઈ. સ. ૧૭૬૮) (ગુપ્તવાણીએ શોકથી કહ્યું કે તે તાકીદથી ગયો.)

૭ કિશનજી:—બેદ (વૈદ્ય) તેની અટક હતી. તે ખુદ અમદાવાદનો વતની હતો. ફારસીમાં તેની સારી કાબેલિયત હતી. તેણે લગભગ ૩૦૦ થી પણ વધારે પાનાની એક ચોપડી ડાયરીરૂપે લખી હતી. તેના દીબાચામાં જણાવવામાં આવ્યું છે કે કેટલાક દિવસ બેકાર રહેવાથી તેણે હિંદી અને ફારસી કિતાબોનો અભ્યાસ આનંદ અર્થે શરૂ કર્યો અને તાજાં ફૂલો વીણીવીણીને જમા કર્યાં. નીચેનાં વાકયો ઉપરથી તેનો ફારસી ઝબાન ઉપર કેટલો કાબૂ હતો તે માલમ પડે છે.

"ઈં બિયાઝ કે મુતાલઅએ હર હર્ફ઼શ ઝન્ગે કદૂરત અઝ આયનયે દિલ મી બરદ વ મઝામીન અલ્ફાઝે ઈસ્વીકર્દારશ હર લહઝે જાને તાઝા બખ્શદ."

(અર્થાત્ આ ડાયરી કે જેના હરેક હર્ફનો અભ્યાસ દિલરૂપી આયના ઉપરથી કચરારૂપી કાટ દૂર કરે છે, અને જેના જીસસ ક્રાઈસ્ટના જેવા લફ્ઝોનો સાર હરેક પળે ફરીથી જાન અર્પે છે.)

અંતમાં લખે છે કેઃ—

"બપુશ ગર ખતાઈ રસી, ઓ તાના મઝન,
કે હીચ નફ્સે બશર ખાલી અઝ ખતા ન બુવદ"

(જો ભૂલ મળી જાય તો તે ઢાંક અને નિંદા ન કર, કારણ કે મનુષ્યની એક ક્ષણ જેટલો સમય પણ કસૂર વગરનો જતો નથી.)

તેની આ કિતાબ (બયાઝ) હિ. સ. ૧૧૮૨ (ઈ. સ. ૧૭૬૮)ના જમાદિઉલ્અવ્વલ (વિ. સં. ૧૮૨૪)માં ખતમ થઈ હતી.

વૈદ્ય (બેદ) શબ્દ ઉપરથી માલમ પડે છે કે તેના ખાનદાનમાં વૈદ્યકનો ધંધો ચાલતો હતો. ફારસી ભાષાનો અભ્યાસ કરી તે સરકારી નોકરીમાં દાખલ થયો હતો. ઘણું કરીને એ પણ નાગર હતો. તેની પાસે પણ પોતાની લાઇબ્રેરી હતી, જેમાં સાહિત્ય તેમ જ ઇતિહાસના ગ્રંથો વધારે પ્રમાણમાં હતા.

૮ ભવાનીશંકર રાયઃ—તે પેટલાદનો રહેવાસી અને બહુધા ન્યાતે નાગર હતો. ફારસી લખાણમાં તેની મહારત કાફી હતી એમ માલમ પડે છે. એક રોઝનામાની શરૂઆતમાં તારીફરૂપેના તેના લખાણ ઉપરથી તેના ફારસી ભાષા ઉપરના કાબૂનું માપ મળે છે. ખાસ કરીને ઈશ્વરસ્તુતિ માટે જે લખ્યું છે તે અતિ સુંદર છે. આખરે લખ્યું છે કેઃ

ઇલાહી મહીના "તીર"ની પહેલી, હિ. સ. ૧૧૮૩ રબીઉલ્-અવ્વલની ૭મી (ઈ. સ. ૧૭૬૯).

આ શાહઆલમનો સમય હતો, અને ઈલાહી મહીના તીર ઉપરથી માલમ પડે છે કે તે વખત પર્યંત લોકો અકબરી સનનો ઉપયોગ કરતા હતા, અને નાગર ન્યાતના વિદ્વાનો એ પસંદ કરતા હતા. ખતમ કરતા પહેલાં ઉમર ખય્યામની મશ્હૂર રૂબાઇ લખી છે, જે ઉપરથી તેની વિસ્તૃત દષ્ટિ અને સાહિત્યની કાબેલિયત કબૂલ કરવી પડે છે.

"ના કર્દા ગુનાહ દર જહાં કીસ્ત બુગો,
આં કસ કે ગુનાહ ન કર્દ ચું ઝીસ્ત બુગો.

મન બદ કુનમો તુ બદ મુકાફાત દહી,
પસ ફર્ક મિયાને મનો તુ ચીસ્ત બુગો.

(અર્થાત્ દુનિયામાં પાપ ન કર્યા હોય એવું કોણ છે તે કહે. જે માણસે પાપ કર્યું નથી તે કયારે થઈ ગયો તે કહે. હું ખરાબ કામ કરું છું અને તું ખરાબ બદલો આપે છે, એટલે મારા અને તારામાં શું ફેર છે તે કહે.)

૯ મહેતા તુલજારામઃ—અમદાવાદનો રહીશ અને ન્યાતે નાગર બ્રાહ્મણ હતો. ફારસી ગદ્ય તેમ જ પદ્ય પર પણ સારો કાબૂ હતો. જેમ કે ફારસીની એક નઝમ મારી નજર આગળ છે તે ઉપરથી તેની લાયકાતનો અન્દાજ મળી શકે છે.

તેની પ્રથમ શેર નીચે પ્રમાણેની છેઃ—

હઝાર શુક્રો હઝારાન સિપાસે યઝદાની
હઝાર શુક્રે ઈનાયાતે રહમે રહમાની.

[અર્થાત્ હજાર અને હજારો વાર ઈશ્વરનો આભાર અને ઉપકાર (માનું છું). દયાળુ પરમાત્માની કૃપા અને મહેરબાની માટે હજાર વાર ઉપકાર (માનું છું.)]

ઝિલ્હજ્જની ૧૯મી તારીખ ને શુક્રવારે એ નઝમ રચવામાં આવી હતી. અફસોસની વાત છે કે આ કવિતા અપૂર્ણ છે અને તેથી તેનું તખલ્લુસ એમાં આવ્યું નથી.

૧૦ મહેતા સુંદરલાલઃ—પાળન્હી(?)નો રહીશ હતો અને ફારસી ઝબાન સારી રીતે જાણતો હતો. રૂકાત (પત્રો)ની એક કિતાબ ખુદ તેણે તૈયાર કરી છે જેમાં જુદી જુદી જાતનાં ખતો, ઈલ્કાબો તેમ જ રિવાજો ઉપરાંત નસીહતો પણ છે. એક જગાએ તે નસીહતમાં લખે છે કે "બાબા કાલે જ હું નવલાખ સવારનો અમલદાર હતો આજે મારી પાસે એક રિકાબદાર પણ નથી, માટે તું મગરૂર ન થા, કારણ કે આ તો હિંદુસ્તાન છે. શું હિંદુ તેમ જ મુસલમાન બંને

એઈમાન ?" ખરેખર આ બંને વાકયોરૂપી આયનામાં તે જમાનાની રાજકીય પરિસ્થિતિ પણ સાફ સાફ માલૂમ પડે છે, તે નવાબ લુત્ફ અલી ખાન બહાદુરને ત્યાં નોકર હતો. તેની પ્રશંસામાં તેણે એક કવિતા પણ લખી છે, તે બહુધા મોગલ સલ્તનતના આખરી જમાનામાં થઈ ગયો. રામરાય બિન ત્રિકમ એક આબરૂદાર માણસ હતો, તેના અવસાનની સાલ તેણે એક શેરમાં લખી છે:

"ખાજા રામરાય બિન ત્રિકમ
તા દમે મર્ગ સીમો ઝર બખ્શીદ.
સાલે તારીખે ઉમ્ર અઝ હરયક
બમકાને બિહિસ્ત ઝૂદ રસીદ."

[અર્થાત્ રામરાય બિન ત્રિકમે મરણપર્યંત સોના ચાંદી (પૈસા)-નું દાન કર્યું, સર્વ લોકો કહે છે કે તે બિહિસ્તમાં જલ્દી પહોંચ્યો.

આ ઉપરથી હિ. સ. ૧૧૧૧ (ઇ. સ. ૧૬૯૯) નીકળે છે. એ ઔરંગઝેબનો જમાનો હતો. ઘણું કરીને મોગલ સમયના અંત અને મરાઠાના સમયમાં તેનું અવસાન થયું હતું.

૧૧ જીવણલાલઃ—ઘણું કરીને ગુજરાતી નાગર હતો. તેને ગદ્ય ઉપરાંત પદ્ય લખવાનો પણ શોખ હતો. જેમકે તેની એક નઝમ "લગનગાળા" ઉપર પણ છે. જેમાંની એક શેર નીચે પ્રમાણેની છે.

"સુખન બવસ્ફે લગનગાલા મી કુનદ તકરાર
કે ખુર્દસાલ નદીદન્દ વલી શનીદા સમર."

(સાલ ખુર્દાને બદલે ખુર્દસાલ લખવામાં આવ્યું છે)

(અર્થાત લગનગાળા વિશે (કવિ) વારંવાર વાત કરે છે જે વૃદ્ધ માણસોએ જોયા નથી પરંતુ તે વિશે સાંભળ્યું છે).

એક બીજી નઝમમાં મહેતા કિરપારામ અને શોભારામનાં ગુણગાન કરતાં એક શેરમાં લખે છે કેઃ—

"નમૂદ રસ્મે કુહનરા બતાઝગી રૌનક,
બચાર આના તશરીફ દેહદ બહર નાગર."

(અર્થાત્ પુરાણા રિવાજને ફરીથી ચાલુ કર્યો. હરેક નાગરને કાપડ સાથે ચાર આના આપ્યા).

આ ઉપરથી માલૂમ પડે છે કે તશરીફ અર્થાત્ કાપડ સાથે ચાર આના આપવાનો તે સમયે આમ રિવાજ હતો.

એક બીજી શેરમાં તે લખે છે કેઃ—

"બઝોરે બાઝુયે તૌફીક મહેતા શોભારામ
નમૂદા લડુ ઓ સામાને આં બસી ખુશતર."

(અર્થાત્ દાનવાન બાહુના જોરથી મહેતા શોભારામે લાડુ અને તેની સામગ્રી અતિ સુંદર બનાવી.)

આ ઉપરથી માલૂમ પડે છે કે બ્રાહ્મણોને ભાવતું ભોજન "લાડુ" લગ્નવિવાહમાં ખવડાવવાનો રિવાજ આજની જેમ તે સમયે પણ ચાલુ હતો. એક બીજી કવિતામાં પૂરી, હલવા, સાકર, દૂધ, જલેબી, ખાજાં વગેરેનું સુંદર રીતે વર્ણન કરે છે. ખાત્રીથી કહી શકાય કે તેની સંપૂર્ણ દીવાન જરૂર હશે જ; જે ગળાકાપુ જમાનાથી બચી ગઇ હોય અને મારા સુધી ન આવી હોય. હિ. સ. ૧૧૮૨ (ઈ. સ. ૧૭૬૮) (શાહઆલમના સમય) પર્યંત હયાત હતો.

૧૨ મુન્શી નંદલાલઃ—તે તેના જમાનામાં ફારસીનો નામીચો વિદ્વાન હતો. સૂફીવાદ તરફ તેનું કુદરતી વલણ હતું, તેનાં હરેક લખાણ ઉપરથી એમ જણાય છે. તેની એક મશહૂર ડાયરી છે. જેમાં ખુદ તેનો દીબાચો ફારસીમાં લખાયેલો છે. તેના કેટલાક ભાગો અત્યારે મારી નજર આગળ છે. ઘણું કરીને એક પુસ્તક પણ તેણે રચ્યું હતું જે વિશેનો ઉલ્લેખ એમાં છે. પરંતુ દિલગીરીની વાત છે કે તેનું નામ આપવામાં આવ્યું નથી. એમ પણ નથી લખવામાં આવ્યું કે કયા વિષય ઉપર તે છે. એક જગ્યાએ તેણે એક મશહૂર અરબી કહેવત ફારસીમાં નીચે પ્રમાણે લખી છેઃ—

"મંનિગર કે કેહ મીગુયદઃ બેનિગર કે ચે મીગુયદ.

(અર્થાત્ કયો શખ્સ કહી રહ્યો છે તે ન જો, પણ કેવી વાત કહી રહ્યો છે તે જો).

આ ડાયરી હિ. સ. ૧૧૭૬ (ઈ. સ. ૧૭૬૨ અને વિ. સં. ૧૮૧૯)-માં તૈયાર થઈ ખતમ થઈ. દિલગીરીની વાત છે કે ગુજરાતમાં તે કયાં રહેતા હતા તે જાણવાનું ન મળ્યું; પરંતુ ઘણું કરીને તે નાગર ખાનદાનમાં જન્મ્યો હતો અને અમદાવાદમાં રહેતો હતો. પોતાના લખાણમાં જણાવે છે કે બચપણથી મને ફારસી અને હિંદી પુસ્તકો વાંચવાનો તેમ જ લખવાનો અને વળી તરજુમો કરવાનો શોખ હતો, અને હાલમાં સરકારી નોકરીમાં હોવાના સબબથી ફુરસદ કમ મળે છે, તેમ છતાં પણ મારો શોખ પૂરો કરવાને વખત મેળવું છું. એક લખાણ ઉપરથી જણાય છે કે હિ. સ. ૧૧૭૮ (વિ. સં. ૧૮૨૧, ઈ. સ. ૧૭૬૪)માં શ્રી મહંતરાવ ગોપાળરાવને ત્યાં નોકરીએ હતો, કે જે ફતેહસિંગ મરાઠા ગાયકવાડના હાથ નીચે અમદાવાદનો સૂબો હતો. ઘણું કરીને નંદલાલના શાગિર્દોની સંખ્યા બેશુમાર હતી, કારણ કે એક શાગિર્દ પોતાના ઉસ્તાદની તારીફ કરે તેમ તેમણે નંદલાલની પ્રશંસા ઠેકઠેકાણે કરી છે. પોતે પણ શાએર હતો, તેની ઘણી નઝમો મેં જોઈ છે. હિ. સ. ૧૧૪૫ (ઇ. સ, ૧૭૧૨)ની વસંતઋતુના બ્યાનનું એક પ્રશંસાકાવ્ય (બહારિયા કસીદા)ની શરૂઆતની શેર (મત્લા) નીચે પ્રમાણે છે:

"શુદ અઝ લુત્ફે દાવરે પરવરદિગાર.
જહાંરા તરાવત અઝ અબ્રે બહાર."

(ઇન્સાફી પરવર્દિગારની ખૂબીને લઈને વસંતઋતુનાં વાદળાંથી દુનિયામાં તાજગી આવી).

એણે અમદાવાદના હાકેમ ગોપાળરાવની પ્રશંસામાં સંખ્યાબંધ કસીદા લખ્યા છે અને રૂબાઈ પણ તેણે ઘણી લખી હતી. તેણે કુત્બે ઝમાન શમ્સુદ્દીનના અવસાનની સાલ હિ. સ. ૧૧૭૦ (ઇ. સ.

૧૭૫૬) રૂબાઈમાં કાઢી છે, અને એક બીજી સાલ હિ. સ. ૧૧૮૩ (ઇ. સ. ૧૭૬૯) કોઇ એક શખ્સના જન્મની પણ લખી છે.

તેની એક રૂબાઇની એક શેર નીચે પ્રમાણેની છેઃ—

"હર ચન્દ કે તાખ્તમ બસૂયે મતલબ
હરગિઝ ન શુદમ રૂબરૂયે મતલબ."

(અર્થાત્ મકસદ તરફ પુષ્કળ ઘોડો દોડાવ્યો તે છતાં પણ મતલબ કદી હાસેલ થઇ નહિ).

રીખ્તા (ઉર્દૂ) પણ તે જાણતો હતો. જેમકે એક કસીદો શ્રી ગોપાળરાવની શાનોશૌકતમાં લખ્યો છે. પરંતુ શિકસ્તા હર્ફો હોવાથી સારી રીતે વાંચી શકાય એમ નથી. નમૂના માટે ફક્ત એક શેર આપું છું.

"નામ હૈ સબ નામકા સરતાજ શ્રીગોપાલરાવ જગજીવન, બોલ...કા...હુસ્ન કા ભંડાર.

" ......શ્રી ગોપાળરાવ સર્વ નામોમાં અગ્રગણ્ય નામ છે."

દિલગીરીની વાત છે કે તેનું તખલ્લુસ કોઇ ઠેકાણે મળ્યું નહિ. બહુધા એની દીવાન કે કોઇ કિતાબનો એનો તરજુમો જરૂર હશે. પરંતુ મારા જોવામાં તેની એકે કૃતિ આવી નથી.

૧૩ શિવલાલઃ—તેના પિતાનું નામ સુંદરલાલ હતું. અમદાવાદમાં વસતા નાગર ખાનદાનમાં તેનો જન્મ થયો હતો. ફારસીમાં તેની સુંદર મહારત હતી. તેની એક ડાયરી પણ હતી, જેમાં રૂકાત (પત્રો), દીબાચા, શેરો વગેરે પણ હતાં. પોતે શાએર હતો. ડાયરીમાં કોઇ પણ જગ્યાએ પોતાની શેરોનો ઉલ્લેખ તેણે કર્યો નથી. તે ઉપરથી એમ જણાય છે કે શાએર તરીકેનું તેને અભિમાન ન હતું. નંદલાલની ડાયરી ઉપર જે દીબાચો લખ્યો છે તે ઉપરથી એમ માલૂમ પડે છે કે ફારસી ઉપર તેનો સારો કાબૂ હતો. હિ. સં. ૧૧૬૨ (ઈ. સ. ૧૭૪૮) માં તેની ડાયરી ખતમ થઇ હતી.

૧૪ નંદરાયઃ—અમદાવાદનો વતની હતો. ન્યાતે નાગર હતો, જમાનાના રિવાજ મુજબ તેણે પણ કેટલાક વિષયોની પસંદગી કરી એક ડાયરી તૈયાર કરી હતી. પોતાના સમકાલીનોમાં તે નામીચો હતો. હિ. સ. ૧૧૭૭ (ઇ. સ. ૧૭૬૩)માં નંદલાલ બોહરાએ એ ડાયરી સારી રીતે લખી હતી.

૧૫ કિશનદાસઃ—તેના પિતાનું નામ મુગટરામ હતું. ગુજરાતનો રહેવાસી હતો. હિ. સ. ૧૧૭૭ (ઇ. સ. ૧૭૬૩) માં તેણે એક ડાયરી તૈયાર કરી હતી.

૧૬ રેવાશંકરઃ—તેના નામની સાથે પરવારી આવે છે. સંભવિત છે કે તે ન્યાતે ભરવાડ હોય. જે ફારસીમાં પરવાર થયું હોય, જેમકે ફારસી તારીખોમાં લખાય છે. વળી એ પણ બનવા જોગ છે કે એ તખલ્લુસ હોય, કારણ કે પોતે શાએર પણ હતો. જો કે ચોક્કસ પત્રો મળતા નથી કે તે ક્યાં નોકરી કરતો હતો, પરંતુ ખાન અબ્દુલ વહાબ ખાનના સંબંધમાં તેણે એક મુસમ્મન (આઠ મિસરાવાળી કળીની) લાંબી કવિતા લખી છે, જેમાં તેની બહાદુરી, ન્યાયી વૃત્તિ વગેરેની તારીફ કરી છે. અબ્દુલ વહાબ ખાન કોણ હતો તે મને જાણવા મળ્યું નથી. એક ડાયરીના દીબાચામાં તેણે હિ. સ. ૧૧૭૫ (ઈ. સ. ૧૭૬૧) આપી છે, તે સમયે અમદાવાદમાં મરાઠા ગાયકવાડનું રાજ હતું, તે ઉપરથી એમ જણાય છે કે અબ્દુલ વહાબ મરાઠાઓની નોકરીમાં કોઈ હોદ્દા ઉપર હશે ; અથવા તો તે કોઈ જાગીરદાર હશે.

રેવાશંકર ફારસી ઝબાનમાં પૂરેપૂરી રીતે માહેર હતો. ગદ્યમાં અંત્યાનુપ્રાસ વાળી શૈલીથી સારી રીતે વાકેફ હતો. કેમકે શિવલાલ વગેરેની ડાયરીઓમાં તેના લખેલા દીબાચા છે, ને તેમાંથી તેનો ફારસી ઝબાન ઉપરના કાબૂનો અન્દાજ મળે છે.

ઘણું કરીને ખુદ તેની પણ ડાયરી હશે, જેમાં તેની પસંદગીના

વસ્તુસંગ્રહ ઉપરાંત પોતાની રચનાઓ પણ હશે. તેને શાએરીનો પણ શોખ હતો, તેથી નઝમ માટે પણ તેણે પોતાની કલમનો ઉપયોગ કર્યો છે. તેની ઘણી શેરો છે પરંતુ નમૂના માટે ફક્ત એક આપું છું:

" મોસિમે અય્યામે ફરવર્દીન બહાર આરા શુદા,
ઈઅતિદાલે નવબહારાન બોસ્તાન પયરા શુદા.
જોશે સહબાએ તરબ અઝ ખસકે દર ખુમહા શુદા,
ગુન્ચા રા બન્દે કબા અઝ ફર્તે શાદી વા શુદા.

(અર્થાત્ ફરવર્દીન મહિનાના સમયની મોસમ વસંત ઋતુની જેમ શોભાયમાન થઇ. વસંત ઋતુનાં મંડાણમાં મધ્યમતાએ બાગોને સુશોભિત કર્યા. આનંદરૂપી શરાબનો જોશ બરણીમાં એટલો બધો થયો કે કળીના ઝભ્ભાનો બંદ બેહદ ખુશીને લઈ ખુલ્લો થઈ ગયો).

ઘણું કરીને બીજા ઉમરાવોનાં નામથી પણ કસીદા લખ્યા હશે. અને એની દીવાન હોય એ પણ સંભવિત છે. પરંતુ તે મારા જોવામાં આવ્યું નથી. એક અજાયબીની વાત છે કે તેણે કોઇ રૂબાઈ કે મુસમ્મન વગેરેમાં પોતાના તખલ્લુસનો ઉપયોગ કર્યો નથી.

અમદાવાદમાં રહેતો હતો. હિ. સ. ૧૧૭૫ (ઈ. સ. ૧૭૬૧) પર્યંત હયાત હોવાની સાબિતી મળે છે.

૧૭ મહેતા ઉદયરામ ભટ્ટઃ—નાગર ન્યાતનો હતો. અમદાવાદમાં રહેતો હતો. ફારસીમાં સુંદર ગદ્ય લખતો હતો. શિવલાલની ડાયરી ઉપર જે દીબાચો તેણે લખ્યો છે તે ઉપરથી અનુમાન થાય છે કે તે પોતાના ગદ્યમાં પદ્યનો પણ ઉપયોગ કરતો હતો, આ ઉપરથી એમ જણાય છે કે શાએરીનો તેને બહુ શોખ હતો. પરંતુ પોતે શાએર ન હતો, કારણ કે તેનાં લખાણોમાં એ બાબતનો કંઈ પણ ઉલ્લેખ નથી. હિ. સ. ૧૧૬૨ (ઇ. સ. ૧૭૪૮) પર્યંત તે હયાત હતો, કારણ કે એ જ સમયે શિવલાલની ડાયરી ખતમ થઈ હતી, જે ઉપર તેણે દીબાચો લખ્યો હતો.

૧૮ મુન્શી બાલમુકુંદઃ—તેના વતન વિશે ચોક્કસ માહિતી મળી નથી. કદાચ એ પણ ગુજરાતી નાગર હશે. તેની ફારસી ભાષાના જ્ઞાનની માહિતી એ ઉપરથી મળે છે કે તે નવાબ અબ્દુલ્લાખાનના સરકારી મહેમાનખાનામાં મુન્શી તરીકે કામ કરતો હતો, અને અબ્દુલ્લાખાનીના નામથી તે ઓળખાતો હતો. તેના રૂકાત (પત્રો) બે જાતના છે; એક તો જે તેને સરકારી અમલદાર તરીકે લખવા પડયા હતા તે અને બીજા જે અસલ તેના પોતાના હતા તે. તે બંને વાંચવાથી માલૂમ પડે છે કે આજથી બસો વરસ ઉપર આ પરદેશી ઝબાનનું જ્ઞાન આ લોકો કેટલી મહેનતથી હાસલ કરતા હતા, અને તેમનો તે ભાષાના લખાણ ઉપર કેટલો કાબૂ હતો. તે હિ. સ. ૧૧૨૪ (ઇ. સ. ૧૭૨૨) પર્યંત હયાત હતો.

૧૯ કેવળ કિસ્નજીઃ–ગુજરાતનો રહેવાસી હતો. ફારસી સારી રીતે લખતો હતો. ઘણાએ રૂકાત મેં નજરે જોયા છે, જે તેના પોતાના લખેલા છે. તેની કોઇ અન્ય રચના હોય એ પણ સંભવિત છે. પોતે શાએર પણ હતો. કોઇ કોઇ વખત પત્રોમાં સરનામા પર પોતાની રૂબાઇ કે કત્આ પણ લખતો હતો. જેમકે તેવા એક કત્આની એક શેર નીચે પ્રમાણે છેઃ

“ કે હમચૂ તિસ્નએ ગરમા ઝદા બઆબે ઝુલાલ
દિલમ બદીદને રૂયે તુ આર્ઝુમન્દ અસ્ત. ”

(અર્થાત્ નિર્મળ પાણી માટે તડકો લાગી ગયેલા તરસ્યા માણસની (ખાહિશની) જેમ મારું દિલ તારો ચહેરો જોવાને આતુર છે).

૨૦ કલાલચંદ—તેનું આ નામ હોવા છતાં સામાન્ય રીતે લોકો તેને મુન્શી સાહેબ એ નામે ઓળખતા હતા. બહુધા તેના સમકાલીનોમાં તે સૌથી ઉત્તમ ફારસી લખતો હશે. અમદાવાદમાં રહેતો હતો, પરંતુ કોની નોકરી કરતો હતો, તેનો પત્તો મળતો નથી. તેના પોતાના લખેલા પત્રોનો મોટો જથો છે, જેમાં જુદી જુદી જાતનાં લખાણો

છે, જે ઉપરથી ફારસી ઝબાનનો તેને સારો મહાવરો હશે એમ જણાય છે. તેમાં એક પત્ર નવાબ સાહેબના નામનો છે, જેમાં અમદાવાદના સૂબાનો કજિયો મટી ગયો તે માટે મુબારકબાદી આપવામાં આવી છે, તે ઉપરથી માલૂમ પડે છે કે નવાબ સાહેબ તે ગુજરાતનો સૂબેદાર છે, અને ઘણું કરીને કલાલચંદ જે નવાબ સાહેબની નોકરી કરતો હતો તેને અને આ નવાબ સાહેબને કંઈ સંબંધ હતો. ઐતિહાસિક દૃષ્ટિએ એમ માલૂમ પડે છે કે તે સમયે અમદાવાદનો સૂબેદાર નવાબ ઇબ્રાહીમખાન બિન અલીમર્દાન ખાન અમીરૂલઉમરા હતો, જે આ સમય પહેલાં કાશ્મીરનો ગવર્નર હતો. કલાલચંદને શાએરીનો પણ શોખ હતો. કદી કદી એ દિશા તરફ પણ દૃષ્ટિ કરી પોતાની ખાહિશ પૂરી કરતો. જેમકે તેણે મજકૂર નવાબ સાહેબની એક ફતેહના મોકા ઉપર એક રૂબાઇ મારફત સાલ કાઢી છેઃ તેની સાલનો મિસ્રો આ છેઃ

"ગુફ્ત આં (ફતહ બનવ્વાબ મુબારક બાશદ)"

(અર્થાત્ તેણે કહ્યુંઃ નવાબને લશ્કરને ફતેહ મુબારક પગલાંની થઈ). એમ જણાય છે કે હિ. સ. ૧૧૧૯ (ઇ. સ. ૧૭૦૭) બાદ તેનું અવસાન થયું હતું.

૨૧ દૂરીજનમલઃ—મુન્શી.

ઘણું કરીને વિદ્વાન મુસલમાનોની સોબતમાં તેનો ઘણો ખરો વખત પસાર થતો હતો, તેથી તેના લખાણમાં અરબી ભાષાની અસર વધારે માલૂમ પડે છે. અરબી કહેવતો અને કુરાને શરીફની આયતોનો ઉપયોગ પોતાનાં લખાણોમાં બહુ ખૂબીથી કરે છે. પોતે ગુજરાતી હતો, પરંતુ માળવા સૂબામાં ઇસ્લામાબાદ નામની કોઇ જગ્યાએ ઘણું કરીને સરકારી ઓધ્ધો ભોગવતો હતો, કારણ કે તેના તમામ પત્રો કાં તો બાદશાહ કે કાં તો સૂબેદારના નામે છે. એક ખતમાં "પરનાલા"ના કિલ્લાની ફતેહ (હિ. સ. ૧૧૧૦, ઇ. સ. ૧૬૯૮) માટે મુબારકબાદી આપે છે. પરનાલાનો કિલ્લો જે મરાઠાના કબજામાં

હતો તે આલમગીરના જમાનામાં જીતાયો હતો. તે ઉપરથી એમ જણાય છે કે તે આલમગીરના જમાનામાં થઈ ગયો હતો.

તેની યાદગાર તરીકે રૂકાતનો એક સંગ્રહ છે, જેમાંના સંખ્યાબંધ પત્રો મેં જોયા છે. તેને પદ્યનો પણ શોખ હતો, અને એ જ કારણથી પોતાના લખાણમાં ઠેકઠેકાણે નઝમનો ઉપયોગ કરે છે, પરંતુ પોતે શાએર ન હતો, કારણ કે તે બાબતનો કંઇ પણ ઉલ્લેખ કોઇ જગ્યાએ મળતો નથી. હિ. સ. ૧૧૧૯ (ઇ. સ. ૧૭૦૭) પર્યંત તે હયાત હતો.

૨૨ મહેતા શોભારામઃ—તે નાગર કોમનો હતો અને અમદાવાદનો વતની હતો. ફારસી ઉપર તેનો સારો કાબૂ હતો. તેના રૂકાત અને ડાયરી જોવાથી આ વાતને ચોક્કસ રીતે સમર્થન મળે છે. ફર્રૂખસિયરની કેદ અને તેનું મોત સાદાત બારહા અને અજિતસિંગને લઈને હતાં. એ બાબત તેણે વિગતવાર લખી છે. કેટલીક એવી હકીકતો લખી છે જે તવારીખમાં જોવામાં આવતી નથીઃ એટલે કે કેટલાક દિવસ તેને અન્નપાણી વિના રાખી મારવાની તજવીજ કરી પરંતુ તેની કંઈ અસર થઇ નહિ. તે પછી ત્રણ વખત તેના ખોરાકમાં ઝેર નાખી મારવાનો ઇરાદો કર્યો પરંતુ ઊલટી થવાથી તેની પણ અસર ન થઇ. આખરે તેના ગળામાં ફાંસી નાખી જલ્લાદોએ તેને મોતના ઘાટ ઉપર ઉતારી મૂકયો. આ બનાવ હિ. સ. ૧૧૩૧ (ઇ. સ. ૧૭૧૮) ના જમાદીઉલ્અવ્વલની ૭ મી તારીખનો છે. જે રીતે એ લખ્યો છે તે ઉપરથી માલૂમ પડે છે કે તેનું ઇતિહાસ તરફ ખાસ વલણ હતું. ઇતિહાસના વિષય ઉપર તેની એક કિતાબ હોય એ બનવા જોગ છે.

૨૩ મુન્શી સદાશંકરઃ—ગુજરાતનો રહેવાસી અને ન્યાતે નાગર હતો. તે ફારસી સારી રીતે લખતો હતો અને એ જ સમયથી તેના નામની સાથે મુન્શી લફ્ઝ જોડાયો છે. ગદ્ય ઉપરાંત પદ્યનો પણ એને પૂરતો શોખ હતો. તેની કેટલીક નઝમો મેં જોઈ છે, જેમાં કસીદા, ફર્દ,

રૂબાઈ અને તારીખો નઝમો પણ હતી. એક વખત એ બેકાર હતો ત્યારે નોકરીની તલાશમાં રણછોડદાસને ત્યાં ગયો, ઘણું કરીને તે કોઈ સારા ઓધ્ધા ઉપર હતો. તેના વિશે તેણે એક કસીદા લખી છે તેમાં આમ શાએરોની રીત પ્રમાણે લખ્યું છે કે હું મહેતા વલ્લભરામ પાસે ગયો ત્યાર પછી રાવ કિશ્નરાવ પાસે ગયો પણ મારું કંઈ કામ થયું નહિ, તેથી હવે હું તમારી પાસે આવ્યો છું. જેમકે તે લખે છેઃ—

"બ આર્ઝુએ નોકરીએ શાહે હિંદવાન,
અઝ બહરે ઝર્ફ આમદા અમ બર લબે કિનાર."

(અર્થાત હિંદુઓના પાદશાહની નોકરીની ખાહિશથી ઊંડા દરિયામાંથી કિનારાની નજીક આવ્યો છું).

પોતે નાગર છે એમ તે નીચે પ્રમાણે જણાવે છેઃ—

" લબ બસ્તા અમ મુસાફિરમો કોમે નાગરમ "

(અર્થાત મેં મારી જીભ કાબૂમાં રાખી છે. હું મુસાફિર છું અને ન્યાતે નાગર છું.)

કોઇ છોકરાના જન્મની સાલ વિશે તે લખે છેઃ

" નવબાદ એ બોસ્તાને આમાલ બુશુફ્ત "

(અર્થાત્ આશાઓના બાગના નવા છોડે કહ્યું). હિ. સ. ૧૧૬૪ (ઈ. સ. ૧૭૫૦) પર્યંત તે જીવતો હતો.

૨૪ મહેતા બિજેરામ સુખઃ—વિજયરામ સુખ.

પોતે ગુજરાતી હતો. અમદાવાદમાં રહેતો હતો. ફારસીમાં સારી લાયકાત ધરાવતો હતો, જો કે તેનું કંઈ પણ ગદ્ય લખાણ મેં જોયું નથી, તે છતાં પણ તે પદ્યનો અતિ શોખીન જણાય છે. તેની એક નઝમ છે જેમાં શેતરંજની રમતની શરૂઆતથી આખર પર્યંતના દાવો લખ્યા છે. તે ઉપરથી તેનો ફારસી ઝબાન ઉપરના કાબૂનો અંદાજ મળે છે.

તે નઝમમાં લગભગ ત્રીસ શેર છે. છેડે આ છેઃ—

" મન ઈં નુક્તાએ નાદિર અઝ મેહતરાન

દર્રી મસ્નવી જુમ્લા કર્દમ બયાન,
કે ના હરકે ફ્રિકશ બુઅદ દિલ બકાર
બયાદ આવરદ નામે ઈં ખાકસાર."

(અર્થાત્ મોટા માણસોની આ અદ્વિતીય માર્મિક બાબત આ મસ્નવીમાં સંપૂર્ણ રીતે બયાન કરી, જેથી કરીને જેના વિચારો પ્રવૃત્તિમય દિલના હોય તે આ નમ્ર સેવકનું નામ યાદ કરે).

દિલગીરીની વાત છે કે પોતાને માટે તેણે ફક્ત ખાકસાર લખ્યું છે. એ તેનું તખલ્લુસ હોય એ બનવાજોગ છે. તેણે લખ્યું છે કે આ મસ્નવી યાદગાર તરીકે લખી છે, તે ઉપરથી એમ માની શકાય કે ઘણું કરીને તેણે નઝમ લખી હતી અને ઘણી જાતની નઝમ લખવામાં પોતાની કલમનો ઉપયોગ કર્યો હશે. ઘણું કરીને દીવાન કે કોઈ બીજી પોતાની રચેલી કિતાબ પણ હશે જે કાળયોગે આપણને વાંચવાને ન મળી હોય. કેટલાંક અનુસંધાનો ઉપરથી માલૂમ પડે છે કે તે હિજરી બારમી સદીની આખરમાં થઈ ગયો.

૨૫ મુન્શી ગોકળદાસઃ—પોતે ગુજરાતનો રહેવાસી હતો. તેનું તખલ્લુસ સખ્ય હતું. ફારસીમાં તે સારી લાયકાત ધરાવતો હતો. ગદ્ય ઉપરાંત પદ્ય માટે પણ તેને દિલચસ્પી હતી. તેની એક રૂબાઈ વાંચવામાં આવી તે બહુ સાદી હતી. કોઈના છોકરાના જન્મની સાલ કાઢી છે. આ એક તૂટોફૂટો મિસ્રો છે. વાંચક પણ જુએઃ—

"બગોશે દિલ ઝે મલાઈક સહર નવીદ રસીદ
રૂગદાયે દરગહે હક્ યાફ્ત ગવહરે ઉમ્મીદ."

(અર્થાત્ દિલના કાનને ફરિસ્તાઓ તરફથી સવારે એક ખુશ ખબર પહોંચી કે ખુદાની દરગાહ આગળના ભિખારીએ (પિતાએ) આશારૂપી મોતી (પુત્ર) મેળવ્યું).

ઘણું કરીને હિ. સ. ૧૧૫૦ (ઇ. સ: ૧૭૩૭) પર્યંત તે જીવતો હતો.

૨૬ નન્હામલઃ—હૈદર કુલીખાનીઃ—

ફર્રૂખસિયરના જમાનામાં સમ્સામુદ્દૌલા ખાનેદૌરાં હિ. સ.

૧૧૨૯ (ઇ. સ. ૧૭૧૬) થી હિ. સ. ૧૧૩૧ (ઇ. સ. ૧૭૧૮) પર્યંત અમદાવાદના ગવર્નર તરીકે રહ્યો અને હૈદર કુલીખાનને તેના નાયબ તરીકે મુકરર કરવામાં આવ્યો. તેને ત્યાં નન્હામલ નોકર હતો અને તેથી જ તેણે પોતાના નામ સાથે તે જમાનાના રિવાજ મુજબ હૈદર કુલીખાની લખ્યું છે. તે ફારસી ભાષાનો વિદ્વાન હતો. તેણે "ગુલદસ્તે ઇરમ" નામની એક કિતાબ લખી છે. હકીકત એમ છે કે આ કિતાબ (રિસાલો) જે ૨૨ પૃષ્ઠની છે તેમાં તેણે પોતે વૃંદાવનની જાત્રા કરેલી તેનું વિગતવાર બ્યાન સુંદર ભાષામાં લખ્યું છે. તેમાં કૃષ્ણના વિશે પણ થોડુંક લખ્યું છે. ગદ્ય ઉપરાંત પદ્યનો પણ તેને શોખ હતો. જેમકે ઠેકઠેકાણે તેણે પદ્યનાં મોતી પણ પરોવ્યાં છે, અને કેટલેક ઠેકાણે પોતાની રચેલી નઝમ પણ લખી છે, જે ઉપરથી એમ જણાય છે કે તે પોતે શાએર પણ હતો અને રસિક સ્વભાવનો હતો.

૨૭ મહેતા ત્રીકમજી બેદ (વૈદ્ય):—

તેના પિતાનું નામ કિશ્નજી વૈદ્ય હતું. ફારસીમાં તેની સુંદર મહારત હતી. ઘણું કરીને તે ગુજરાતી નાગર હતો. સાહિત્યના તરફ તેની દિલચસ્પી વધારે જણાય છે. તેથી સંખ્યાબંધ સાહિત્યની કિતાબો ઉપર તેનું નામ જોવામાં આવે છે. કિતાબોનો તેને અતિ શોખ હતો. અને તેથી જ તેના પોતાના હાથની લખેલી સુંદર કિતાબો અદ્યાપિ પણ મોજુદ છે. આ ઉપરથી કયાસ કરી શકાય કે ઘણું કરીને તેની એક વિશાળ લાયબ્રેરી પણ હશે. તે પોતે એક મહાન લહિયો પણ હતો અને નસ્તલીક લખાણ ઘણી સારી રીતે લખતો હતો. જમાલુદ્દીનહુસેન આન્જુએ રચેલી " ફરહંગે જહાંગીરી " નામની કિતાબનો દીબાચો તેના હાથથી લખેલો મેં જોયો છે. તે ઉપરથી એમ જણાય છે કે તેના હસ્તાક્ષર બહુ પાકા છે. હિ. સ. ૧૨૧૮ (ઇ. સ. ૧૮૦૩) પર્યંત તે હયાત હતો.

૨૮ માધવદાસ અને ગોકળચંદઃ—ગોકળચંદના બાપનું નામ માધવદાસ, ન્યાતે નાગર બ્રાહ્મણ અને ગુજરાતનો રહેવાસી હતો. ફારસી

અને હિંદી ઝબાન તે સારી રીતે જાણતો હતો. માધવદાસે પોતાના પુત્ર ગોકળચંદને શીખવવાને માટે રૂકાતની એક કિતાબ નમૂના રૂપે લખી હતી જે છપાઈ છે, ફારસીમાં તેનાં એક દીવાન અને કથાનામા મશહૂર છે. તેણે કેટલીક ફસલી તવારીખ પણ લખી છે. તેનું ફારસી ઝબાનનું લખાણ સાદું છે. વાંચતી વખતે તેની ભાષા બાબતમાં છેતરાઈ જવાય એમ છે. રૂકાતની તારીખ એક રૂબાઈ મારફત કાઢી છે. તેમાં હરેક મિસરાનો પહેલો અક્ષર લેવાથી તે નીકળે છે. આ ઉપરથી શાએરી તરફ કેટલા અંશે તેનું ખાસ વલણ હતું તે જાણવાનું મળે છે. ઔરંગઝેબના જમાનામાં હિ. સ. ૧૧૦૨ (ઇ. સ. ૧૬૯૦) પર્યંત તે હયાત હતો. ગોકળચંદનો પણ ફારસી ઉપર સારો કાબૂ હતો. જે તેના લખેલા રૂકાત અને બીજી ચીજો ઉપરથી માલૂમ પડે છે.

૨૯ ઇશ્વરલાલઃ—ભોગીલાલનો પુત્ર હતો. તેનું અસલ વતન વડનગર હતું, પરંતુ વીરમગામમાં રહેતો હતો. ન્યાતે તે નાગરબ્રાહ્મણ હતો. વિદ્વાન ફારસી લેખકોમાં તેની ગણત્રી થતી હતી. તેની કોઇ પણ રચના જોવામાં આવી નથી. પરંતુ મિરાતે સિકંદરી જે તેણે શરૂઆતથી આખર પર્યંત પોતે લખી છે, તેના છેવટના ભાગના એક પાના ઉપરના તેના ફારસી લખાણ ઉપરથી તેની લાયકાતનો અંદાજ મળી શકે છે. તે લખે છે કે આ મેં અમદાવાદના વતની કિશનજી વૈદ્યના હસ્તે લખેલા ગ્રંથમાંથી નકલ કરી છે. જે અમદાવાદથી ખાસ કરીને આજ કામ માટે લાગ્યો હતો. તે (ઇ. સ. ૧૮૦૭) વિ. સં. ૧૮૬૬ અને હિ. સ. ૧૨૨૨ ના રબીઉલ્ અવ્વલ મહિનામાં ખતમ થઇ. તે સમયે ગુજરાતમાં આનંદરાવ ગાયકવાડની હકૂમત હતી. ઇશ્વરલાલના અક્ષર ઉચ્ચ કોટીના છે અને તેનું નસ્તલીક લખાણ પાકું છે.

૩૦ હરિપ્રસાદઃ—તેના પિતાનું નામ શિવપ્રસાદજી હતું. તે ન્યાતે નાગર બ્રાહ્મણ હતો. તેનું અસલ વતન વડનગર હતું, પરંતુ વીરમગામમાં તે રહેતો હતો, જે ઝાલાવાડ નામે ઓળખાતું હતું. (વીરમગામ તે સમયે અમદાવાદ જિલ્લામાં શામેલ ન હતું). તેની ફારસી ઝબાન

ઘણી સાદી હતી. તે વાંચવામાં ખાસ કરીને સુગમ રહેતી. હસ્તલિખિત મિરાતે સિકંદરીના પરિશિષ્ટ ઉપરનું લખાણ તેની ફારસી ભાષા વિશે મેં કહ્યું તેના સમર્થનરૂપે ગણી શકાય. તેને સાહિત્ય ઉપરાંત ઇતિહાસનો પણ શોખ હતો. તે એટલે સુધી કે જ્યારે ઇતિહાસના વિષયની કિતાબ મળતી ત્યારે જરૂર તેનો તે અભ્યાસ કરતો. તેનું નસ્તલીક લખાણ પણ સુંદર અને પાકું હોવા ઉપરાંત અતિ સ્વચ્છ છે. ફુરસદનો સમય તે અભ્યાસમાં ગાળતો હતો તે એટલે સુધી કે ૪૬૪ પૃષ્ઠની મિરાતે સિકંદરીનો અભ્યાસ તેણે ફક્ત એક મહિનામાં કર્યો હતોઃ અફસોસની વાત છે કે તેની કોઈ રચનાનો પત્તો મળ્યો નથી. હિ. સ. ૧૨૪૧ (ઈ. સ. ૧૮૨૫) પર્યંત તે હયાત હતો.

૩૧ મહેતા કિરપાશંકરઃ—તેના પિતાનું નામ ગોપાળદાસ અને દાદાનું નામ ભગવાનદાસ હતું. ન્યાતે નાગર હતો. ગુજરાતના સૂબેદાર મોઇઝુદૌલા હૈદરકુલીખાન બહાદુરના સમયમાં તે થઈ ગયો. તેનું ફારસી લખાણ મેં જોયું નથી તેથી તે વિશે મારાથી કંઈ કહી શકાય નહિ. પરંતુ મુલ્લા મુનીર લાહોરી, મુલ્લા તુગરા અને તાલિબ ઇસ્ફહાની વગેરેના સાહિત્ય વિષયના રિસાલા તેના હાથથી લખેલા મળ્યા તે ઉપરથી એટલું તો કહી શકાય કે સાહિત્ય તરફ તેનું બહુ વલણ હતું. તેનું નસ્તલીક લખાણ ઉમદા દરજ્જાનું હતું. તે ઉપરથી એમ માલૂમ પડે છે કે તે એક સુંદર લહિયો હતો. છેવટના ભાગમાં જે શિકસ્તા અક્ષરનું લખાણ છે તે પણ એવું સ્વચ્છ અને ખૂબસૂરત છે કે મુશ્કેલી વગર વાંચી શકાય છે. આ ઉપરથી તે લહિયો હતો એમ ચોક્કસ રીતે જણાઇ આવે છે. મોહમ્મદશાહના જમાનામાં હિ. સ. ૧૧૩૫ (ઈ. સ. ૧૭૨૨) પર્યંત તે જીવતો હતો.

૩૨ સુંદરલાલઃ—ન્યાતે નાગર હતો. અને વતન અમદાવાદ હતું. રાણા અરસીસિંગજીના જમાનામાં ઉદેપુરમાં નોકરી કરતો હતો. ફારસી ઝબાન તરફ તેનું ખાસ વલણ હતું. તેણે એક શબ્દ-કોશનો ગ્રંથ રચ્યો છે. તેનો એક તૂટક ભાગ મેં જોયો છે. જેમાં

અરબી અને ફારસી શબ્દોના અર્થ હિંદુસ્તાનીમાં આપ્યા છે, જેમાં "અયન" (આંખ), "ચશ્મ" (આંખ) શબ્દો કાળી અને તેના અર્થ લાલ શાહીથી લખ્યા છે. ઘણી જગ્યાએ એકાર્થી શબ્દો એક જ ઠેકાણે આપ્યા છે. દાખલા તરીકે "દિલ્દાર" "મત્લૂબ," "યાર," "શાહેદ," "તાલિબ" એ સર્વનો અર્થ "દોસ્ત" લખ્યો છે. તે જ પ્રમાણે "ખાકાન," "મલેક," "ખુસ્રવ," "દારા," "શહરિયાર," "સુલ્તાન," "બાદશાહ" એ તમામ માટે "બાદશાહ" શબ્દ આપ્યો છે. ફારસી સાથે કેટલાક તુર્કી શબ્દો પણ આવી ગયા છે, જેવાકે જરનગાર, બરનગાર, જેનો અર્થ ફોજની જમણી અને ડાબી પાંખ થાય છે. હિ. સ. ૧૨૩૫ (ઈ. સ. ૧૮૧૯)માં આ કિતાબ ખતમ થઈ હતી.

૩૩ આત્મારામજી:—તેનો જન્મ સૂરતમાં થયો હતો અને ત્યાં જ તે ઊછર્યા હતા. વિદ્વાનોની દેખરેખ નીચે તેમણે ઉચ્ચ દરજ્જાની કેળવણી પ્રાપ્ત કરી હતી. તે સરકારી નોકરીમાં દાખલ થયો હતો. ધીમે ધીમે પોતે સૂરતના નવાબ સાહેબના દીવાની ખાતામાં ઊંચા અમલદારના દરજ્જા પર પહોંચ્યો–સૂરતમાં તેમણે સારી કીર્તિ મેળવી. ફારસી ગદ્ય તેમ જ પદ્ય ઉપર તેનો સારો કાબૂ હતો. સૂરતના મશહૂર વિદ્વાન જનાબ બખ્શુ મિયાંનું અવસાન થતાં તેમના ઉપર તેણે એક નઝમ લખી છે તેમાંથી તેમના મરણની સાલ નીકળે છે. નઝમ નીચે પ્રમાણે છે:

"નજીબ મુન્સિફ બખ્શુ મિયાં વહીદુદ્દહર
ઝદ દહર સૂયે બિહિસ્તે બરીં રવાં ગર્દીદ,
બરાયે સાલે વિસાલશ ચું ફિક્ર એનમ્દમ
નિદા બગોશમ અઝ હાતિફ ચુનાં ગર્દીદ.
હયા એબાખ્ત દિલે ખુદ સરે ખિરદ રફ્તા
શકિસ્તા પાયે બલાગત હુનર નિહાન ગર્દીદ.

(અર્થાત્ ઉચ્ચ ખાનદાનના મુન્સિફ બખ્શુ મિયાં જે પોતાના

જમાનામાં અનન્ય હતા તેમણે આ દુનિયામાંથી સ્વર્ગ તરફ પ્રયાણ કર્યું. જ્યારે તેમના દેવલોક થયાની સાલ વિશે વિચાર કર્યો ત્યારે મારા કાન ઉપર ગુપ્ત વાણીનો અવાજ આવ્યો કે ઓહ તેમણે તેમનું દિલ ગુમાવ્યું, વકતૃત્વનો પગ ભાંગ્યો. અને હુન્નર છુપાઇ ગયો.) તે હિ. સ. ૧૨૬૫ (ઇ. સ. ૧૮૪૮) પર્યંત હતા.

૩૪ કિશોરદાસઃ—છબીલદાસના પુત્ર હતા. દેસાઈ ખાનદાનમાં ભરૂચમાં તેમનો જન્મ થયો હતો. પ્રાથમિક કેળવણી સામાન્ય નિશાળમાં મેળવી હતી. તેમણે ઉચ્ચ કેળવણી પોતાના ઉસ્તાદ શેખ શુકુલ્લાહ પાસે હાસેલ કરી હતી. આજ કારણથી ફારસી ભાષામાં સારી લાયકાત મેળવી હતી. હરિવલ્લભદાસ મુન્શીની સિફારિશથી ઑફિસના માણસોમાં નોકરી મળી, અને ત્યારપછી ધીમે ધીમે દીવાન થયા. ભરૂચના નવાબોમાં નેક આલમખાન નવાબ મીરઝાબેગ, ખયર તલબખાન, હસન અલીખાન વગેરેનો જમાનો તેમણે જોયો. તેમણે તમામ પત્રવ્યવહાર એકઠો કરી એક કિતાબ બનાવી છે, જે સાધારણ મોટી છે, તેમાં મોટા કદનાં ત્રણસો પાનાં છે. શાહી ખત્તો, નવાબોના જવાબો અને અરજીઓ, વજીરોના હુકમો, ટૂંકમાં એ તમામ તેમાં જમા કરવામાં આવેલા છે. એ વિશે ખાસ જાણવાજોગ તો એ છે કે એ તમામ ખત્તોને એક સુંદર પ્રકારે ક્રમ આપવામાં આવ્યો છે. તેમાંથી કોઈ ઈતિહાસકાર ધારે તો સહેલાઈથી ભરૂચનો પાછલો ઈતિહાસ લખી શકે. એ હસ્તલિખિત નકલ ભરૂચના કાઝીસાહેબે પોતાના કિતાબખાનામાંથી કાઢી મને બતાવી હતી. દિલ્હીના અમીરોમાં સફદરખાનના નામથી પણ એક ખત છે. કેટલીક જગ્યાએ સાલ પણ આપવામાં આવી છે. એક જગ્યાએ હિ. સ. ૧૧૮૬ (ઈ. સ. ૧૭૭૨) ની સાલ છે.

૩૫ કૃષ્ણલીલા (કે મહાભારત)નો કર્તાઃ—.

આ ગ્રંથનું પહેલું પૃષ્ઠ તૂટક છે અને છેવટના ભાગમાં પણ કેટલાંક પાનાં નથી, તેથી તેના કર્તા વિશે માહિતી મળતી નથી.

પરંતુ તે મુસલમાન નથી અને હિંદુ જ છે એ વાત ચોક્કસ છે, કારણ કે દીબાચામાં ઈશ્વરસ્તુતિમાં તે લખે છે કે બ્રહ્માએ ચાર વેદ બનાવ્યા. પોતાની મરજી મુજબના સ્વરૂપમાં તે બહાર આવે છે. કોઈ વખત રાવણ અને કોઈ વખત રામ, કદી કૃષ્ણ અને કદી ગોવિંદનાં સ્વરૂપો લે છે. આ ઉપરાંત ગ્રંથકારે હિંદુધર્મની માન્યતા ઠેકઠેકાણે પ્રદર્શિત કરી છે. અલબત્ત તે નાગર છે કે કાયસ્થ એ વિશે સંપૂર્ણ માહિતી મળતી નથી. તેમ જ એ પણ જણાતું નથી કે તે ગુજરાતી છે કે હિંદુસ્તાની. આ કિતાબનો દીબાચો ફારસી નઝમમાં છે અને તેનો છંદ શાહનામાના જેવો જ છે. બ્યાન કરવાની પદ્ધતિ પણ બન્નેની મળતી છે. તેની ભાષા સાફ, શુદ્ધ અને સરળ છે.

કિતાબની શરૂઆત આ પ્રમાણે થાય છેઃ—રાજા પરીક્ષિત શુકદેવને કહે છે કે ભાગવત, ગીતા, સૂર્યવંશી અને સોમવંશી વિશે તો જાણ્યું, હવે બતાવ કે કૃષ્ણે શામાટે પોતાના મામાને માર્યો અને તેના જીવનમાં કયા બનાવો જાણવા જેવા છે. આ કિતાબમાં બધાં મળી ૪૨ પ્રકરણ છે. છેલ્લા પ્રકરણમાં એક કૂબડી સ્ત્રીને ચમત્કારથી સારી કરવામાં આવી છે. કિતાબની શરૂઆતનો ભાગ પદ્યમાં છે અને તે ઉપરાંતનો ફારસી ગદ્યમાં છે. ગ્રંથકાર ગદ્ય તેમ જ પદ્ય ઉપર એક સરખો કાબૂ ધરાવે છે. એની બીજી હસ્તલિખિત નકલ મેળવી કોઇં સંસ્થા તરફથી છપાવવા લાયક પુસ્તક છે, જેથી કરીને તે સાહિત્ય કે ધાર્મિક દૃષ્ટિ ઉપરાંત હિંદુ મુસ્લિમ એકતાનો ઉમદા નમૂનો બને.

૩૬ સદ અલંકારનો કર્ત્તાઃ—કર્ત્તા ગુજરાતી નાગર છે. હિંદી ઝબાનમાં એક કિતાબ અલંકાર ઉપર હતી, જેનું નામ "કુવલયાનંદ" છે અને બીજી "ભાષાભૂષણ" (ભાખાભૂખણ) છે. કર્ત્તાએ આ બંનેનો અભ્યાસ કર્યા બાદ એક ત્રીજી કિતાબ ફારસી ઝબાનમાં લખી. ગ્રંથકાર લખે છે કે અસલ હિંદીમાં ફક્ત સો અલંકાર હતા, તેથી મેં પણ સો લખ્યા. તેમાં ત્રણ પ્રકરણ છે. પહેલામાં સો

૫

અલંકારની ટૂંકી નોંધ છે. બીજામાં તેની સમજૂતી અને ત્રીજામાં બંને મિશ્રિત અને બીજી બાબતો છે. એ હસ્તલિખિત ગ્રંથમાં શરૂઆતમાં એક અને મધ્યમાં ઘણાં પૃષ્ઠો તૂટક છે. આ પ્રતમાં કુલ ૯૫ અલંકાર છે, અર્થાત્ ત્રીજું પ્રકરણ બિલકુલ નથી.

ગ્રંથકારે દરેક જગાએ પોતાને માટે "અજ્ઞાત" શબ્દ વાપર્યો છે, અને કોઇ જગાએ પોતાનું નામ ચોક્કસ લખ્યું નથી. જો એનું પરિશિષ્ટ હોત તો કદાચ એના નામનો પત્તો લાગત. પરંતુ અનુ-સંધાનોથી સાફ સાફ જણાઇ આવે છે કે તેનો કર્ત્તા ગુજરાતી નાગર છે. એ કિતાબ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં મોજૂદ છે. શરૂઆતમાં ગ્રંથકાર જણાવે છે કે મારા મર્હૂમ પિતાએ એક નિષ્ણાત ઉસ્તાદ પાસે મને કેળવણી અપાવી હતી, તે રોજગાર અને જીવનનિર્વાહ માટે જરૂરી છે (અર્થાત્ ફારસી કેળવણી). આગળ ચાલતાં તે જણાવે છે કે તે પછી તેણે હિંદી ભાખાની તાલિમ લીધી અને ભાખાભૂખણ જે ગ્વાલિયરની ભાષામાં હતું તેનો અભ્યાસ કર્યો. આ વિષયની કિતાબો અરબી ઝબાનમાં સંખ્યાબંધ છે, પરંતુ ગ્રંથકાર કોઇ પણ જગાએ અરબી દષ્ટાંત આપતો નથી. જો કર્ત્તા મુસલમાન હોત તો જરૂર એક બે ઉદાહરણ અરબી કિતાબોમાંથી અને ખાસ કરીને કુરાને શરીફમાંથી આપત. પોતાના પિતા વિશે લખે છે કે "રૌઝેએ રિઝવાન બઝમગાહશ બાદ" (અર્થાત્ સ્વર્ગનો બાગ તેને માટે આનંદ કરવાની જગા હજો.) જો તે મુસલમાન હોત તો અરબી ઝબાનનું જાણીતું વાક્ય લખત. ખરેખર તે ફારસી ભાષા સારી રીતે જાણતો હતો. ફારસી સાહિત્યનો પણ અતિ માહિતગાર હતો. ઉદાહરણ માટે પુષ્કળ ફારસી શેરોનો ઉપયોગ કરે છે, અને તે સમજાવે છે. હાંસિયા ઉપર હરેક વિષયોદ્દેશ સંસ્કૃતમાં લખ્યો છે.

૩૭ એક નાગરની ડાયરી જેમાં રૂકાત (પત્રો)નો સંગ્રહ છે. કર્ત્તા વડનગરનો રહેવાસી ન્યાતે નાગર હતો. તેનો ઇલકાબ મીર મોઝુક હતો, પરંતુ નામ વિશે કંઈ પણ માહિતી મળી નથી. ફારસી ઝબાન

ઉપર સારો કાબૂ હતો. પોતે શાએર પણ હતો. ઘણું કરીને તેની દીવાન પણ હશે, પરંતુ આજપર્યંત તે જોવામાં આવી નથી. તે અમદાવાદમાં રહેતો હતો. ગુજરાતના નાઝેમ (હાકેમ) નવાબ શુજાઅતખાન હિ. સ. ૧૦૯૬ (ઈ. સ. ૧૬૮૪)થી હિ. સ. ૧૧૧૩ (ઇ. સ. ૧૭૦૧) પર્યંતના જમાનામાં કોઈ હોદ્દા પર હતો. તેની એક ગઝલ તેની ડાયરીમાં મળી છે. તેની પહેલી શેર આ છે.

"માહ રા મરતબયે હુસ્ને તમામ અસ્ત ઇમશબ
નૂરબખ્શે હમા આફાક હુસામ અસ્ત ઇમશબ
અય ખુશા કસ કે બકફ સાગરો સાકી દર પીશ
સાહરૂયે નીમરોઝી લબે બામ અસ્ત ઇમશબ

(અર્થાત્ ચંદ્રની ખુબસૂરતી આજ રાત્રે સંપૂર્ણ છે. તરવાર (માશુકની આંખ) આખી પૃથ્વીને આજરાત્રે પ્રકાશ બક્ષે છે.

જે માણસની આગળ હાથમાં પ્યાલો લઈને સાકી હાજર છે તે કેવો સુખી છે!

મધ્યાહ્નના સૂર્યની જેમ ચળકાટ મારતી ચંદ્રમા જેવા મુખવાળી માશૂક આજે રાત્રે અગાશી ઉપર છે).

૩૮ ખાજા અબ્દુલ હમીદખાન જે હિ. સ. ૧૧૧૩ (ઈ.સ. ૧૭૦૧) થી હિ. સ. ૧૧૨૧ (ઇ, સ. ૧૭૦૯) પર્યંત અમદાવાદનો દીવાન હતો તે એક સદ્‌ગુણી શખ્સ હતો અને વિદ્વાન હતો. તે લાંબો સમય સુધી દીવાન રહ્યો હતો તેથી સંભવિત છે કે કોઈ નાગરને તેણે નુકસાન પહોંચાડયું પણ હોય. હિ. સ. ૧૧૧૮ (ઈ. સ. ૧૭૦૬) માં જ્યારે તે નાયબસૂબો થયો અને ધના માધવ મરાઠાએ એકલાખની ફોજ લઈ ગુજરાત ઉપર ચડાઈ કરી, ત્યારે દીવાને સિપાહસાલારની રાહ જોયા વગર પોતે જ કમાન્ડ (સરદારો) લઈ હુમલો કર્યો. દીવાન લડવૈયો ન હતો તેથી ફોજ હારી ગઇ અને પોતે ગિરફતાર થયો. બે ત્રણ લાખ રૂપિયા આપી તે છૂટયો. એક નાગર સદ્‌ગૃહસ્થે તેનો ઈતિહાસ લખ્યો છે જે નીચે પ્રમાણે છેઃ

"અઝમે દખ્ખન ચૂ શાહે આઝમ કર્દ
ખાજાજી રા બજાયે નાઝેમ કર્દ.
ખબર આમદ કે ફૌજે દખ્ખનિયાં
કારોબારે દિયાર બરહમ કર્દ.
ખાજાજી શુદ બઝજરો તૌબીખશ
ચૂં ખરે કોહ નમ્મની દુમ કર્દ.
જંગ ના કર્દા શુદ ગિરિફતારીશ
દિલ ઝે તારીખે ઊ તબસ્સુમ કર્દ.
ખાજા અબ્દુલ હમીદખાન દીવાન
વક્રો ઈઝઝે ખીશ્તન ગુમ કર્દ.
હિ. સ. ૧૧૧૮ (ઇ. સ. ૧૭૦૬)

(અર્થાત્ આઝમ નામના રાજાએ જ્યારે દખ્ખણ જીતવાનો વિચાર કર્યો ત્યારે ખાજાજીને નાઝેમ (હાકેમ) બનાવ્યો. (તે વખતે) એવી ખબર આવી કે દખ્ખણી ફોજે રાજના કારોબારમાં અંધાધૂંધી કરી. ખાજાજી (ખાજા અબ્દુલ હમીદખાન) તેમને શિક્ષા કરવાને ગયો અને પહાડી ગધેડાની જેમ પૂંછડું દબાવ્યું (દોડયો). લડતાં પહેલાં તેની ગિરફતારી થઈ. તેની સાલ કાઢતાં તે ઉપર દિલ હસ્યું (કે) ખાજા અબ્દુલહમીદખાને પોતાનાં વક્કર અને આબરૂ ગુમાવ્યાં).

અફસોસની વાત છે કે આ નાગરનું નામ જાણવાનું મળ્યું નથી, પરંતુ એમ ધારવામાં આવે છે કે ઘણું કરીને તેની ઑફિસમાંનો જ કોઇ નાગર હશે. આ શેરો પંક્તિઓ મેં એક નાગરની ડાયરીમાંથી લીધી છે, જે અમદાવાદનો વતની હતો, અને જેણે પોતાના કુટુંબનો ફારસી કિતાબોનો સંગ્રહ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને સોંપ્યો છે.

૩૯ તોહફતુલવિદાદઃ—આ સૂફીવાદના વિષય ઉપર એક રિસાલો છે. તેના કર્તાનું નામ પહેલા પૃષ્ઠ ઉપર ફક્ત "બરહમન"=બ્રાહ્મણ

લખ્યું છે. ઘણું કરીને તે ગુજરાતનો નાગરબ્રાહ્મણ હશે. તેની એક અપૂર્ણ હસ્તલિખિત કિતાબ રૂકાત અને રસિક વાતો ઉપર છે. આ સંગ્રહમાં પોતાના વિશેની મશહૂર બાબતો તેણે લખી છે. તે શાહજહાં અને ઔરંગઝેબના જમાનામાં થઇ ગયો. ફારસી ગદ્ય અને પદ્ય ઉપર તેનો સંપૂર્ણ કાબૂ હતો. તેની ઘણી નઝમો આ સંગ્રહમાં મોજૂદ છે.

સૌરવર્ષ અને ચાંદ્રવર્ષ પ્રમાણે જન્મ તારીખના દિવસે સોના, ચાંદી વગેરે સાથે પાદશાહનું વજન કરવામાં આવતું તે વિશે તેણે નઝ્મ લખી છે. એક જગાએ તેણે સાલ લખી છે, જે ઉપરથી ઔરંગઝેબના સમયમાં તે થઈ ગયો હતો એ બાબતની ખાત્રી થાય છે. અને ચંદ્રભાણ બરહમન હોય એ પણ બનવાજોગ છે. એ ફારસીનો મશહૂર મુન્શી અને દીવાનનો કર્ત્તા હતો. તેની મશહૂર શેર આ છેઃ—

"મરા દિલીસ્ત બકુફ્ર આશ્ના કે ચંદીન બાર
બકાબા બુર્દમો બાઝશ બરહમન કર્દમ."

(અર્થાત્ મારું દિલ કાફિરમત સાથે સંબંધ ધરાવે છે, જેને કેટલીએ વખત હું કાબામાં લઈ ગયો અને ફરીથી બ્રાહ્મણ તરીકે લાવ્યો.)

તારીખે અદબિયાતે ઉર્દૂમાં જણાવવામાં આવ્યું છે કે તે આગ્રામાં જન્મ્યો હતો, અને દિલ્હીમાં ઊછર્યો હતો. દારાશિકોહનો મીર મુન્શી હતો, પરંતુ હદીકતુલહિંદ (હસ્તલિખિત) જે (સૂરતના) બખ્શુમિયાંના કિતાબખાનામાં છે, તેમાં લખવામાં આવ્યું છે કે તેનું બરહમન તખલ્લુસ અને ચંદ્રભાણ નામ હતું. ગુજરાતમાં આવેલા જંબુસરનો એ વતની હતો. જંબુસર ભરૂચ જિલ્લાનો એક તાલુકો છે. સંભવિત છે કે તેનું ખાનદાન શાહજહાંના જમાનામાં દિલ્હી કે આગ્રા પાયતખ્તમાં રહેતું હોય.

ગુજરાતના મુસ્લિમ ગ્રંથકારો

૧. અહમદશાહ સુલતાનઃ— હિ. સ. ૭૯૩ (ઈ. સ. ૧૩૯૦) ના ઝિલ્‌હજ મહિનાની ૧૯ મી તારીખ ને શુક્રવારની રાત્રે દિલ્હીમાં તેનો જન્મ થયો હતો. તેનું નામ "અહમદખાન" રાખવામાં આવ્યું હતું. તેના બાપનું નામ મોહમ્મદશાહ તાતારખાન હતું. ગુજરાતની સલ્તનતનો સ્થાપનાર મુઝફ્ફરશાહ તેનો દાદો થતો હતો. તેનો બાપ દિલ્હીમાં મોહમ્મદશાહ બિન ફીરોઝશાહ તઘલખના દરબારના અમીરો-માંનો એક હતો. અહમદખાન પોતાનાં માતાપિતા પાસે દિલ્હીમાં જ ઊછર્યો હતો.

હિ. સ. ૮૦૦ (ઈ. સ. ૧૩૯૭) માં જ્યારે તેની ઉમર સાત વરસની હતી ત્યારે તેના પિતા સાથે તે ગુજરાતના પટ્ટણમાં આવ્યો, અને દાદા સાથે રહી તાલિમ હાસેલ કરવા લાગ્યોઃ વિદ્વાનો પાસેથી તેણે કેળવણી લીધી. જ્યારે તે ૧૭ વર્ષની વયનો થયો, ત્યારે તેને રાજનીતિ શીખવવા માટે જોગવાઇ કરવામાં આવી. હિ. સ. ૮૦૬ (ઈ. સ. ૧૪૦૩)માં તેનો બાપ તાતારખાન મરણ પામ્યો અને હિ. સ. ૮૧૩ (ઈ. સ. ૧૪૧૦) એનો દાદો મુઝફ્ફરશાહ પણ આ દુનિયા છોડી ગયો. તે સમયે તખ્તનશીન થઇ સલ્તનતના મામલામાં તે મશગૂલ થઇ ગયો.'

એ અહમદશાહ વિદ્વાનો, સૂફીઓ અને શાએરોને બહુ ચાહતો હતો. શાએરીનો તેને બહુ શોખ હતો. તેની કોઇ દીવાન હોય એ સંભવિત છે, જેમકે ગુજરાતના એક હસ્તલિખિત ઇતિહાસમાં છે. પરંતુ આજ પર્યંત કોઈ પણ કિતાબમાં એ વિશે જાણવાનું કંઈ પણ મળ્યું નથી. અલબત્ત, હઝરત કુત્બે આલમની પ્રશંસા તેણે એક કસીદામાં કરી છે જેની પહેલી શેર આ છેઃ

"કુત્બે ઝમાનયે મા બુરહાન અસ્ત મારા

---

૧. ફરિશ્તા

બુરહાને ઊ હમીશા ચૂં નામશ આશકારા."[1]

(અર્થાત્ અમારા જમાનાનો કુત્બ હમારી (આ સમયની) હસ્તી માટે સાબિતી છે, અને તેની સાબિતી તેના નામની જેમ જાહેર છે).

હિ. સ. ૮૪૬ (ઇ. સ. ૧૪૮૨)ના રબિઉલ અવ્વલ મહિનામાં અમદાવાદમાં તેનું અવસાન થયું, અને અમદાવાદમાં જુમામસ્જિદ પાસે આવેલા માણેકચોકમાં તેની દફનક્રિયા થઈ હતી.[2]

૨ **હઝરત ઉસ્માનઃ**—ઉસ્માન એમનું નામ હતું અને શમએ બુરહાની એમનો ઇલ્કાબ હતો. સાદાત ખાનદાનમાં એમનો જન્મ થયો હતો. બાળપણથી જ હઝરત કુત્બે આલમની ખિદમતમાં હાજર રહેતા. જાહેરી અને બાતિની બંને ઇલ્મો તેમણે તેમના હાથ નીચે હાસેલ કર્યા હતા. ધાર્મિક જ્ઞાન ઉપરાંત તસવ્વુફમાં પણ તે પારંગત હતા. પોતે હઝરત કુત્બે આલમના મશહૂર અને પ્રિય ખલીફાઓમાંના એક હતા. જ્યારે તે યુવાન અવસ્થાએ પહોંચ્યા ત્યારે તેમનાં લગ્ન પણ ત્યાં જ થયાં હતાં. તેમનો પરિવાર બહોળો હતો. તેમના પૌત્ર સૈયદ આલમનાં લગ્ન રૂકનુદ્દીન કાન શક્કર [ફરીદુદ્દીન કાન શક્કર–પાક પટ્ટણ, પંજાબ–ના પુત્રોમાંથી એક]ના પૌત્ર મખ્દૂમ શેખ દાઉદની પુત્રી સાથે થયાં હતાં.

હઝરત કુત્બે આલમે તેમને પોતાની હયાતીમાં જ લોકોને માર્ગોપદેશ કરવાની પરવાનગી આપી દીધી હતી. પરંતુ મુરશિદની હાજરીમાં વિનયશીલતા સાચવવાને કારણે આ કામ તેઓ અદા કરતા ન હતા, તેથી કુત્બે આલમે તેમને પોતાનો ખલીફા બનાવી બીજી જગાએ જવાની પરવાનગી આપી. પ્રથમ તેમણે "બહાઉદ્દીનપુર" (અમદાવાદ)માં મુકામ કર્યો. તે સમયનો બાદશાહ પણ તેમને માન આપતો હોવાથી અમીરઉમરાવો ઉપરાંત આમ લોકોનું એટલું મોટું ટોળું તેમના મકાન

૧. મિરાતે અહમદી, પરિશિષ્ટ, પૃ૦ ૪૩.

૨. મિરાતે સિકંદરી–મુંબઈ

આગળ જમા થતું કે રસ્તો પણ બંધ થઈ જતો હતો. આથી ગભરાઈ જઈને તેમણે પોતાનો તમામ અસ્બાબ ખુદાની રાહમાં લૂંટાવી દીધો, અને ખુદ પોતે એક સાધારણ તંબૂ લઈ સાબરમતી નદીને પેલે પાર જઈ ત્યાં મુકામ કર્યો, જ્યાં આજપર્યંત ઉસમાનપુરા મોજૂદ છે.[1] તેમણે એક વાણિયાને સમજાવી ત્યાં વસવાટ કરાવ્યો અને ત્યારપછી ઉસમાનપુરા નામથી એક મહોલ્લો ધીમે ધીમે ત્યાં વસ્યો, જે આજ પર્યંત મોજૂદ છે. હિ. સ. ૮૬૩ (ઈ. સ. ૧૪૫૮)ના જમાદિઉલ અવ્વલ મહિનાની ૧૫મી તારીખે તેમનું અવસાન થયું હતું અને તેમની દફનક્રિયા પણ ત્યાં જ કરવામાં આવી હતી. તેમની શાનદાર કબરની ઝિયારત કરવા માટે સામાન્ય તેમ જ ઉચ્ચ દરજ્જાના લોકો અદ્યાપિ આવે છે.[2]

તેમનું જ્ઞાન બહોળા પ્રકારનું હતું. ખાસ કરીને સૂફીવાદ ઉપર તેમણે વધુ પ્રમાણમાં કિતાબો લખી હતી. તેમાં મદારિજુલ મઆરિજ મશહૂર કિતાબ છે. તે ગ્રંથકાર હોવા ઉપરાંત કવિ હતા. ખચિત તેમની દીવાન હશે, પરંતુ દિલગીરીની વાત છે કે આજ પર્યંત તે જોવામાં આવી નથી. હાફિઝ શીરાઝીની ગઝલ ઉપર તેમણે એક ગઝલ લખી છે.

૩ **મૌલાના યૂસુફ**—તેમનું નામ યૂસુફ હતું અને તેમના પિતાનું નામ અહમદ હતું. તેમની વંશાવલી આ પ્રમાણે છે. યૂસુફ બિન અહમદ બિન મોહમ્મદ બિન ઉસ્માન. તે સયદ હતા, અને હઝરત ઉસ્માનના પૌત્રના પુત્ર હતા. પોતે પ્રખર વિદ્વાન હતા. ઘણું કરીને હઝરત ઉસ્માનના પછી તેમના પુત્ર મોહમ્મદે અહીં મહાન મદ્રેસા સ્થાપી હતી, જેમની વંશાવલી મૌલાના યૂસુફ પર્યંત પહોંચતી હતી, અહમદશાહ, મોહમ્મદશાહ અને મહમૂદશાહ અહીં આવ જા કરતા હતા. અને એ ખાનદાનને માટે બાદશાહ તરફથી વજીફો નક્કી કરવામાં

---

૧ ખાતમયે મિરાતે અહમદી, પૃ. ૪૮

૨ ઝફરૂલવાલા ભા. ૧, પૃ. ૩૨, લંડન

આવ્યો હતો. ખાસ મૌલાના યૂસુફનો વજીફો પણ મુકરર કરવામાં આવ્યો હતો, તેમને માટે ખાસ કરીને શાહી કુતુબખાનામાંથી કિતાબો આવી હતી. વળી જરૂરી વખતે શાહી કુતુબખાનાની કિતાબો તેમની મદ્રેસાના વિદ્યાર્થીઓના ઉપયોગ માટે પણ આવતી.

મૌલાના યૂસુફનો ઇલ્મી દરજ્જો અતિ ઊંચો હતો. જે પ્રમાણે પોતે અરબી ઝબાનમાં જાહેર અને મહાન સાહિત્યકાર હતા, તેજ પ્રમાણે ફારસી ઉપર પણ તેમનો સારો કાબૂ હતો. સુલતાન મહમૂદ આઝમે (અવસાન હિ. સ. ૯૧૭ ઇ. સ. ૧૫૧૧) તેમની વિદ્વત્તા અને કાબેલિયત જોઇ તેમને તારીખે ઇબ્ન ખલ્કાનનો ફારસીમાં તરજૂમો કરવાની ફરમાઈશ કરી, અને તેમણે હિ. સ. ૮૮૯ (ઈ. સ. ૧૪૮૪)માં તે ખતમ કર્યો, અને સુલતાન મહમૂદ આઝમે તેજ સાલ ચાંપાનેર ઉપર ફત્તેહ મેળવી. આ બનાવ વિશેનો મૌલાના યૂસુફે પોતાના દીબાચામાં ઉલ્લેખ કર્યો છે. અફસોસની વાત છે કે તેના અવસાનની સાલ મળતી નથી. મૌલાનાએ પોતાની કિતાબનું નામ "મન્ઝરૂલ અયાને ફી તરજુમતે ઈબ્ન ખલ્કાન" રાખ્યું છે; પરંતુ ઝફરૂલવાલામાં ભૂલથી તેનું નામ "મન્ઝરૂલ ઈન્સાન" લખ્યું છે. આ ભૂલ ગ્રંથકારે પોતે કરી છે કે છાપવામાં થઇ છે તે જણાતું નથી.

૪ મનસૂર બિન ચાંદ મોહમ્મદ બિન શેખ મોહમ્મદ મુનીર બિન મહામિદશાહઃ—અમદાવાદના વતની હતા. તેમની એક મહાન ખાનકાહ (મઠ) હતી, જે બાપદાદા તરફથી ચાલતી આવતી હતી. સૂફીઓમાં તે મશહૂર હતા. તેમના વંશજોનો એક ઈતિહાસ તેમણે લખ્યો હતો. તેનું નામ તેમણે તોહફતુલકારી રાખ્યું હતું. તેનાં ત્રણ પ્રકરણ છે. પહેલા પ્રકરણમાં હઝરત અબ્બાસ (હઝરત મોહમ્મદ પેગંબરના કાકા)નો ઉલ્લેખ છે. બીજા પ્રકરણમાં શાહ અલી સરમસ્ત અને હઝરત કુત્બ મહમૂદના સદ્‌ગુણોનું બયાન તેમણે કર્યું છે, અને ત્રીજામાં હઝરતશાહ આબીદ અને તેના ફરઝન્દોનો ઉલ્લેખ છે. તે

ગ્રંથ શાહઆલમ બહાદુરશાહના સમય (હિ. સ. ૧૧૧૯, ઈ. સ. ૧૭૦૭)માં રચવામાં આવ્યો હતો. કુલ પાંચસો પૃષ્ઠ તેમાં છે, તે છતાં પણ છેવટનો ભાગ અપૂર્ણ માલૂમ પડે છે. આ કિતાબમાંથી બીજા બનાવોનાં બયાનોમાંથી ઐતિહાસિક હકીકતો જાણવાની મળે છે. બહાદુરશાહ ગુજરાતીને તેના ભાઇ સિકંદરના પક્ષના ઉમરાવો, જેવા કે સદ્રે જહાન અને ચંગીઝખાન, કતલ કરવાની ઇચ્છા રાખતા હતા, તેથી તે ત્યાંથી ભાગી જઇ ઉત્તર હિંદુસ્તાનમાં ચાલ્યો ગયો. એ ઇતિહાસમાં તે ઉમરાવોનાં નામ નથી, અને આમ તવારીખોમાં કતલ કર્યાનો પણ ઉલ્લેખ નથી. તે આમાંથી મળે છે. એ હસ્તલિખિત ગ્રંથ હાલમાં હઝરત પીર મોહમ્મદશાહની દરગાહ (અમદાવાદ)ના કુતુબ-ખાનામાં છે. અફસોસની વાત છે કે ગ્રંથકારના અવસાનની સાલ મળી નહિ.

૫ મુલ્લા મલાલી—આ તેમનું તખલ્લુસ છે. નામ અને વતનનો પત્તો મળતો નથી. તે અમદાવાદમાં રહેતા હતા. સુન્ની મુસલમાન હતા. અરબી ઝબાન સારી રીતે જાણતા હતા. કુરાન અને હદીસ ઉપર પણ તેમનો સારો કાબૂ હતો. ખગોળવિદ્યા તરફ પણ તેમની દિલચસ્પી હતી. નસર તેમ જ નઝમમાં સારો મહારત હતો. સાહિત્ય પણ ખેડયું હતું. બીજા મુઝફ્ફરશાહ (હિ. સ. ૯૧૭, ઇ. સ. ૧૫૧૧–હિ. સ. ૯૩૧, ઇ. સ. ૧૫૨૩)ના દરબારી શાએરોમાં તેમની ગણત્રી થતી હતી. સુલતાનની ફરમાઈશથી તેમણે મુઝફ્ફરશાહી નામની એક કિતાબ લખી હતી, જેનો ગુજરાતી તરજુમો ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી અસલ ફારસી ઉપરથી આ સાલ (ઈ. સ. ૧૯૪૨) છપાવી બહાર પાડવામાં આવ્યો છે. ગ્રંથકાર મહાન વિદ્વાન હતા, તેથી એ કિતાબમાં ઇતિહાસ કરતાં સાહિત્યની ખૂબી વધારે માલૂમ પડે છે. ગ્રંથકારનું શાએરી તરફ વલણ વધારે છે. એ જ ગ્રંથનો અર્ધો જેટલો હિસ્સો નઝમથી પૂર છે. તેમાં ફસલ (પ્રકરણ) છે. હરેકનું નામ ગ્રંથકારે ગુફ્તાર (વ્યાખ્યાન) રાખ્યું છે. મુઝફ્ફરશાહ બીજાએ માળવાનું પાયતખ્ત

મેંડુ જીતી સુલતાન મહમૂદ ખલ્જીને સુપ્રત કર્યું તેની વિગતવાર હકીકતો તેમાં સુંદર રીતે પણ અતિશયોક્તિ કરી તેણે વર્ણવી છે. તે ઉપરાંત કેટલીક ઐતિહાસિક બાબતો અને બનાવો વિશે પણ તેમાંથી જાણવાનું મળે છે. અફસાસની વાત છે કે ગ્રંથકારના વફાતની સાલ મળી નહિ.

*૬ **અહમૂદ બિન સાદઃ**—કાલુપુર, અમદાવાદમાં રહેતા હતા. શેખ અહમદ ગંજબખ્શ ખટ્ટુના મુખ્લિસ મુરીદ હતા. તેમણે નોંધપોથી જેવો એક ટૂંક રિસાલો લખ્યો હતો, જેનું નામ તોહફતુલ મજાલિસ રાખ્યું હતું. તે કિતાબમાં શેખ અહમદના વિશેની હકીકતો પોતાના અનુભવ પ્રમાણે લખી છે. તે કિતાબનો ઉર્દૂ તરજુમો સૈયદ અબુઝફર નદવીએ ઈ. સ. ૧૯૩૯માં છપાવી પ્રસિદ્ધ કર્યો છે. શેખ મોહમ્મદ એક પવિત્ર મહાપુરુષ હતા. તેમનો તમામ વખત ખુદાની સ્તુતિમાં પસાર થતો હતો. અમદાવાદમાં તેમના સંખ્યાબંધ મુરીદો છે. તેમને ઘણા પુત્રો પણ હતા, જેમાંના વડાનું નામ મોહમ્મદ હતું. તેમના વંશજ આજ પર્યંત અમદાવાદમાં મોજૂદ છે. તેમની દરગાહ અમદાવાદમાં આવેલા ભંડેરી મહોલ્લામાં છે, જ્યાં લોકો ઝિયારત માટે જાય છે. તેમનો વાર્ષિક ઉર્સ રજબ મહિનાની ૧૦મી તારીખે પળાય છે.

શેખ મહમૂદ ગદ્ય તેમ જ પદ્ય ઉપર પણ કાબૂ ધરાવતા હતા, જે કે સંખ્યાબંધ નઝમો ઉપરની કિતાબમાં મોજુદ છે. વિષયો ખાસ કરીને ખુદા સંબંધી જ્ઞાનના છે. તસવ્વૂફ તરફ વલણ વધારે હોવાથી તેમણે બીજી કોઈ પણ બાબત તરફ ધ્યાન આપ્યું નથી. હિંદી પણ સારી રીતે જાણતા હતા. કેટલાક દોહા પણ પોતાની રચેલી કિતાબોમાં તેમણે લખ્યા છે. અરબીમાં પણ પારંગત હતા. ધાર્મિક જ્ઞાનથી અતિ વાકેફ હતા. હિ. સ. ૮૫૦ (ઈ. સ. ૧૪૪૬) પર્યંત હયાત હતા.[૧]

પોતે એક પ્રખર વિદ્વાન હતા, તેથી દીવાન તેમ જ બીજા ગ્રંથો

---

૧. તોહફતુલ મજાલિસ–મઆરિફ પ્રેસ (આઝમગઢ)

* જુઓ ૯ પૃષ્ઠ ૨૭

પણ તેમણે જરૂર રચ્યા હશે એમ અનુમાન થાય છે, પરંતુ કાળ સંજોગે તે કાયમ રહ્યા નથી.

૭ શેખ અબુલ કાસિમઃ—અમદાવાદ પાસે આવેલા સરખેજમાં રહેતા હતા. ફારસી ઉપરાંત અરબી પણ જાણતા હતા. કુરાને શરીફ, હદીસ, તફસીર, ફિકહ (ઇશ્વર સંબંધી શાસ્ત્ર) વગેરેનું તેમને ગાઢ જ્ઞાન હતું. શેખ અહમદ ખટ્ટુ પર તેને અતિશ્રદ્ધા હતી, અને શેખ અહમદ પણ તેમની કદર કરતા હતા, તે એટલે સુધી કે પોતાની મસ્જિદના ઇમામ તરીકે તેમણે એમની જ નિમણૂક કરી હતો, અને તે તેમની પાછળ નમાઝ પઢતા. અંત સમય પર્યંત તે તેમના ઉપર મહેરબાની દર્શાવતા રહ્યા હતા. અમદાવાદ બહારનું કોઇ પણ અગત્યનું કામ પડતું તો તે તેમને જ મોકલતા. શેખ અહમદના જનાઝાની નમાઝ સુલતાન મોહમ્મદશાહ બિન અહમદશાહની પરવાનગીથી તેમણે પોતે જ પઢાવી હતી. શેખ અહમદના અવસાન બાદ તેમણે તેમના જીવનવૃત્તાંતનો વિષય લઇ "રિસાલતુલ કબીર"નામની એક કિતાબ લખી હતી. ફૂલ્સકેપ સાઇઝનાં લગભગ ૧૫૦ જેટલાં પૃષ્ઠો તેમાં છે. તેમાં બાળપણથી માંડી આખર પર્યંતની હકીકતો છે. દાખલા તરીકે તાલિમ, સૂફીવાદ, જળપ્રવાસ, વાદવિવાદ, ચમત્કારો, તીરઅન્દાઝી, કુસ્તી વગેરે વિષયો જુદા જુદા પ્રકરણમાં બહુ સુંદર અને સાફ રીતે વર્ણવ્યા છે. આજ પર્યંત એ કિતાબ છપાઈ નથી. થોડા સમયમાં સૈયદ અબુઝફર નદવી એનો તરજુમો પ્રસિદ્ધ કરનાર છે. હઝરતપીર મોહમ્મદશાહની દરગાહના કુતુબખાનામાં તેની એક સુંદર હસ્તલિખિત નકલ છે.

શેખ અબુલકાસિમને પદ્ય ઉપરાંત ગદ્યનો પણ બહુ શોખ હતો. તેમણે શેખ અહમદ ખટ્ટુના સદ્ગુણોની પ્રશંસામાં એક કસીદા લખી છે. તોહફતુલમજાલિસના ગ્રંથકારે એ કસીદાની કેટલીક શેરોની નકલ કરી છે.[૧] હિ. સ. ૮૫૦ (ઈ. સ. ૧૪૪૬) પર્યંત તેઓ અમદાવાદમાં હયાત હતા. આજ પણ એમનું ખાનદાન

૧ રિસાલતુલ કબીર–હસ્તલિખિત કુતુબખાના, પીરમોહમ્મદશાહ

અમદાવાદમાં મોજૂદ છે. ઔરંગઝેબ પાદશાહના સમયપર્યંત તેમના વંશનાં માણસો ઉચ્ચદરજ્જો ભોગવતાં રહ્યાં. મરાઠાઓએ તેમની પડતી હાલત કરી નાખી.

૮ શેખ અહમદઃ—તેમનું અસલ નામ મલેક નસીરૂદ્દીન હતું. અમદાવાદના સ્થાપક સુલતાન અહમદની જેમ તેમની જન્મભૂમિ પણ દિલ્હી હતી. હિ. સ. ૭૩૭,–૭૩૮; (ઈ. સ. ૧૩૩૬–૧૩૩૭)માં તેમનો જન્મ થયો હતો.[૧] જ્યારે તેમની વય ચાર વરસની હતી ત્યારે તેમની આયા (ધાવ) તેમને લઈ ફરવા માટે બહાર નીકળી. તે વખતે વંટોળિયો એટલો સખત થઇ આવ્યો કે તમામ આસમાન કાળું થઈ ગયું. ટૂંકમાં આયા એક ગલીમાં જઈ પહોંચી અને ત્યાંથી દિલ્હીની સરહદ ઉપર પહોંચી. બીજે દિવસે એક કાફલા સાથે ડિડવાણા આવી અને ત્યાંથી મલેક નસીરૂદ્દીનને મૌલાના સદરૂદ્દીન ખટ્ટુએ લાવીને શેખ ઇસ્હાક મગ્રેબીને સોંપ્યો, તેમણે તેમનું નામ અહમદ રાખ્યું અને શારીરિક, માનસિક અને નીતિ સંબંધીની તાલિમ ઉચ્ચ કોટિની આપી. હિ. સ. ૭૭૬ (ઇ. સ. ૧૩૭૪)માં બાબુ ઇસ્હાકનું અવસાન થયું તેથી તે દિલ્હીમાં આવેલી ખાનજહાંનની મસ્જિદમાં આવ્યા. કેટલોક સમય ત્યાં ગાળી હિ. સ. ૮૦૨ (ઈ.સ. ૧૩૯૯)માં તે ગુજરાતના પટ્ટણમાં આવ્યા, અને ત્યાર પછી સરખેજમાં આવી વસ્યા. પોતે કુરાન, તફસીર, હદીસ અને ઈશ્વરોક્ત શાસ્ત્ર ઉપરાંત સંગીતશાસ્ત્ર, કુસ્તી, તીરઅન્દાઝીમાં પણ પારંગત હતા. વળી સૂફીવાદના મેદાનના તો પોતે શેર હતા.

અરબી અને ફારસીની માફક હિંદી ઝબાનથી પણ વાકેફ હતા, જે મહમૂદ બિન સાદે પોતાની કિતાબ તોહફતુલ મજાલિસમાં નકલ કરેલા દોહા ઉપરથી સાબિત થાય છે. પદ્ય ઉપરાંત ગદ્ય પર પણ સારો કાબૂ હતો. જેમકે સંખ્યાબંધ નઝમોનો તેમની તોહફા અને અલકબીરમાં ઉલ્લેખ છે. એ ફારસી શેરો અતિ રસમય છે. તેમાં

૧ આઇને અકબરી–કલકત્તા પૃ. ૨૬૦

ઇશ્કે ઇલાહી, પશ્ચાત્તાપ, નીતિ અને ગુણવૃદ્ધિ વિશે વધુ પ્રમાણમાં લખેલું છે. શેખ અહમદ ખટ્ટુના દત્તક પુત્ર સલાહુદ્દીને તેની શેરો જમા કરી હતી, પરંતુ હવે તે મળતી નથી. અલબત્ત તેમની બીજી રચના જે અરબી ઝબાનમાં લખેલી છે તે હઝરત પીર મોહમ્મદશાહની દરગાહના કુતુબખાના (અમદાવાદ)માં હસ્તલિખિત મોજૂદ છે. હિ. સ. ૮૪૯ (ઈ. સ. ૧૪૪૫)ના શવ્વાલ મહિનાની ૧૪ મી તારીખે તેમનું અવસાન થયું હતું અને સરખેજના રોજામાં તેમની દફનક્રિયા કરવામાં આવી હતી. અને અદ્યાપિ લોકો દરેક જુમેરાત (ગુરુવાર)ના દિવસે ફાતેહાખાની માટે ત્યાં જાય છે.[1]

***૯ મલેક અમીનઃ**—સુલતાન મહમૂદ આઝમના જમાનામાં એક રજપૂતના બે પુત્રો હતા. એકનું નામ સારંગ હતું અને બીજાનું નામ મૌલા. આ બંને વિદ્વાનોને સુલતાને સુંદર કેળવણી આપી હતી તેઓમાંનો પેહેલો મલેક સારંગ કહેવાયો, અને ત્યારપછી કિવામુલ મુલ્કનો ખિતાબ તેણે હાસેલ કર્યો જેથી તેની ગણત્રી ઉમરાવોમાં થવા લાગી. અમદાવાદમાં આવેલો સારંગપુર મેહોલ્લો એમણે જ વસાવ્યો હતો.

મૌલા અતિ બટકબોલો અને ગમતી હતો. તેનો જ પૌત્ર મલેક અમીન છે, જેને બચપણથી જ ઊલમા અને શાએરોની સોબતોનો લાભ મળ્યો હતો, બાપાદાદા તરફથી વારસામાં તલવાર મળી હતી, અને પોતાના જ બાહુબળથી હુન્નરકળા ઉપરાંત શાએરી અને દરબારીપદમાં પણ પારંગત થયો.[2]

તેનું નામ અમીન અને તખલ્લુસ કમાલ હતું, ખુદ અમદાવાદમાં જ તેનો જન્મ થયો હતો અને ત્યાં જ તેણે તાલિમ અને તરબિયત હાસેલ કરી. જ્યારે કેટલેક અંશે તે મશહૂર થયો ત્યારે

---

૧. તોહફતુલ મજાલિસ, મઆરિફ પ્રેસ (આઝમગઢ)

૨. મિરાતે સિકંદરી પૃ૦ ૧૩૪

* જુઓ ૫૮; પૃષ્ઠ ૩૭

બહાદુરશાહે પ્રથમ તો તેને દરબારીઓમાં દાખલ કર્યો. ત્યારપછી તેને મલેકનો ખિતાબ અર્પણ કરી ફોજનો અમલદાર બનાવ્યો. હિ. સ. ૯૩૬ (ઈ. સ. ૧૫૨૯)માં જ્યારે બહાદુરશાહે દક્ખણના નિઝામશાહ ઉપર ચડાઈ કરી ત્યારે પરિંદા ઉપર છાપો મારવાને તેણે મલેક અમીનને જ મોકલ્યો, જ્યાંથી ફતેહમંદ થઈ તે પાછો આવ્યો,[1]

હિ. સ. ૯૩૮ (ઇ. સ. ૧૫૩૧)માં રાયસેન (માળવા પાસે) તરફ તેને મોકલ્યો કે જેથી સલહદીના રાજાને તે દરબારમાં હાજર કરે, પરંતુ કામયાબ ન થયો. કેટલાક દિવસ પછી લાલચ આપી તેને લઈ આવ્યો.[2] હિ. સ. ૯૪૧ (ઈ. સ. ૧૫૩૪)માં બહાદુરશાહે જે આખરી ખત્ત હુમાયુનશાહ ઉપર લખ્યો હતો તે કાસિદ પાસેથી પાછો લેવાને મલેક અમીનને કહેવામાં આવ્યું હતું, અને ઘણું કરીને તે જ વખતે તેને રણથંભોરની હકૂમત સોંપવામાં આવી હતી, જે બહાદુરશાહની ઝિન્દગી પર્યંત રહી. મલેક અમીન, શાએરી ઉપરાંત હાજરજવાબીમાં પણ પારંગત હતો અને તેથી જ ઉમરાવો અને સુલતાનો તેની સોબત પસંદ કરતા હતા. ખચિત તેની દીવાન હશે, પરંતુ તે મારી નજરે આજ પર્યંત પડી નથી. તેમના અવસાનની સાલ પણ જાણવાને નથી મળી.

*૧૦ **શેખ રશીદુદ્દીન ચિશ્તી**—અમદાવાદના વતની હતા. વિજ્ઞાન અને હુન્નરકળા ઉપરાંત સૂફીવાદમાં પણ ઊંડા ઉતર્યા હતા. ચિશ્તીસાથે સંબંધ ધરાવતા હોવાથી પોતે ચિશ્તી નામથી ઓળખાતા હતા. અમદાવાદમાં એમનું સારું માન હતું. લોકો એમના તરફ કદરની દષ્ટિથી જોતા હતા. તેમણે મહાત્માઓ ઉપર એક કિતાબ લખી હતી, જેનું નામ મુખ્બિરૂલ્ ઔલિઆ છે. એ મોટા કદની કિતાબ છે. તેમાં ગુજરાતના ઘણાખરા મહાત્માઓનાં જીવનવૃત્તાંતો છે. શેખ રશીદ, મિરાતે અહમદીના ગ્રંથકારના સમકાલીન હતા.

---

૧. મિરાતે સિકંદરી પૃ૦ ૨૧૭   ૨. મિરાતે સિકંદરી પૃ૦ ૨૨૪-૫

* જુઓ ૫૩. પૃષ્ઠ ૩૬

તેથી તેમણે મિરાતે અહમદીની સંખ્યાબંધ ગલ્તીઓ સુધારી છે. તે નકલ આજ પર્યંત છપાઈ નથી. તેની બે હસ્તલિખિત નકલો વિશે મને માહિતી મળી છે. એક રોયલ એશિયાટિક સોસાયટી, મુંબઈના કિતાબખાનામાં છે, તે તૂટક છે. બીજી સંપૂર્ણ નકલ શાહપુર (અમદાવાદ)ના સજ્જાદાનશીન શેખ નસરૂદ્દીન મિયાં સાહેબ બિન શેખ ફરીદુદ્દીન સાહેબ પાસે છે.[1]

***૧૧ શાહ ખૂબમિયાં ચિશ્તી:**—મોહમ્મદ તેમનું અસલ નામ હતું અને ખૂબમિયા નામથી ઓળખાતા હતા. એક પરિપૂર્ણ દરવીશ અને વિદ્વાન કવિ હતા. અમદાવાદ તેમનું વતન હતું. તેમણે તમામ જિંદગી અમદાવાદમાં જ ગાળી હતી. "અમ્વાજે ખૂબી" અને "ખૂબ તરંગ" તેમની મશહૂર રચનાઓ છે. તેમણે "જામે જહાં નુમા" ની શરહ પણ લખી છે. એ સર્વ કિતાબો સૂફીવાદ ઉપર જ છે. ફક્ત સાહિત્યકારો જ તેને સમજી શકે છે. આ ત્રણેની હસ્તલિખિત નકલો હઝરત પીર મોહમ્મદશાહની દરગાહના કિતાબખાનામાં મોજૂદ છે. હિ. સ. ૧૦૨૩ (ઇ. સ. ૧૬૧૪)માં શવ્વાલ માસની ૨૪મી તારીખે તેમનું અવસાન થયું. તેમની કબર અમદાવાદમાં કારિન્જાની સામેના નાળા પાસે ફરહતુલમુલ્કની મસ્જિદ નજીક છે. ત્યાં દરેક સાલ ઉર્સ ઊજવાય છે. આજકાલ એ મસ્જિદ શાહખૂબની મસ્જિદથી ઓળખાય છે.[2] આજ પર્યંત એ મસ્જિદ અને કબર મોજૂદ છે. તેમના વંશજો મસ્જિદ અને કબરની વ્યવસ્થા કરે છે. તેમનું હિંદીનું લખાણ પણ મશહૂર છે.

તેમનું લગભગ સંપૂર્ણ જીવનવૃત્તાંત પ્રસિદ્ધ થનાર છે.

૧૨ હઝરત પીર મોહમ્મદશાહ:—તેમનું અસલ વતન બીજાપુર (દક્ખણ) હતું, પરંતુ ભરજુવાનીમાં હતા ત્યારથી જ તે અમદાવાદમાં

---

૧. મુખ્બિરૂલ ઓલિયા–હસ્તલિખિત

૨. ખાતિમ એ મિરાતે અહમદી – પૃ. ૧૨૧

* જુઓ ૨૧, પૃષ્ઠ ૩૦

આવી વસ્યા હતા. તેમની દફનક્રિયા પણ ત્યાં જ કરવામાં આવી હતી. તેમનો જન્મ હિ. સ. ૧૧૦૦ (ઈ. સ. ૧૬૮૮, વિ. સં. ૧૭૪૫)માં થયો હતો. નવ વરસની વય થતાં મક્કા ચાલ્યા ગયા હતા. થોડી સાલ બાદ અમદાવાદમાં આવી ત્યાં જ રહ્યા. તેમના કાકા અબ્દુર-રહેમાનના મુરીદ થયા અને તેમની દેખરેખ નીચે તેમનો મરતબો વધતો ગયો. પોતે તમામ ઉમર કુંવારા રહી લોકોને દોરવણી આપતા રહ્યા.

ફારસી ઝબાનમાં લખેલી તેમની ઘણી કિતાબો છે. તેમણે વધુ પ્રમાણમાં મુર્શિદો અને મુરીદોના સિલસિલા નઝમમાં લખ્યા છે. મિલાતે શરફ, મિલાતે સનદ, પીરનામા વગેરે હિ. સ. ૧૧૩૯ (ઇ. સ. ૧૭૨૬)માં લખાયેલા રિસાલા છે, અને તે તમામ એક સંગ્રહરૂપમાં પણ કરવામાં આવ્યા છે, જેનું નામ "નૂરૂશ્ શુયૂખ,' રાખવામાં આવ્યું છે. તે ગ્રંથ હિ. સ. ૧૧૪૦ (ઇ. સ. ૧૭૨૭)માં સંપૂર્ણ-પણે ખતમ થયો હતો. તેમની એક ફારસી દીવાન પણ છે, જેમાં ઇલ્હામ (પ્રેરણા), મુઅમ્મા (ભેદવચન) અને ગઝલ છે. ઉર્દૂ દીવાનમાં વધુ પ્રમાણમાં મરસિયા અને ગઝલ છે. અલબત્ત એક ખાસ કિતાબ "ઇશ્કુલ્લાહ" છે જે દક્ષિણી ઉર્દૂમાં છે. તમામ કિતાબ તસવ્વૂફ અને નસીહતોથી ભરપૂર છે. તેમના તમામ ગ્રંથો આજ પર્યંત હસ્તલિખિત સ્થતિમાં છે, અને મળી શકતા નથી. પરંતુ કેટલાક મુરીદો પાસે તમામ સંગ્રહ મોજૂદ છે. અફસોસની વાત છે કે એ લોકો કંજૂસ હોવાથી યા ગમે તે કારણથી તે છપાવતા નથી.

સંભવિત છે કે એ હસ્તલિખિત પ્રત પણ થોડાક સમય પછી મળશે નહિ. હિ. સ. ૧૧૬૩ (ઈ. સ. ૧૭૪૯)માં તેમનું અવસાન થયું અને સલાહુદ્દીનની હવેલી પાસે તેમની દફનક્રિયા કરવામાં આવી હતી. કેટલાક સમય પછી તેમના મુરીદોએ એક આલીશાન ઘૂમટવાળો મકબરો તૈયાર કરાવ્યો. ત્યાર પછી એક મસ્જિદ અને બગીચો પણ તૈયાર કરાવી તેમાં શામેલ કર્યાં. આજે તેમનો મકબરો તેમના મુરીદોની એક

કમિટીને સોંપવામાં આવેલો છે, જે તેની ઉત્તમ વ્યવસ્થા કરે છે. તેની સાથે એક કિતાબખાનું પણ છે, જેમાં હસ્તલિખિત કિતાબોનો સંગ્રહ છે.[1]

૧૩. મુઝફ્ફરશાહ બીજો:—તેમનું નામ ખલીલખાન હતું. અબુનસર કુનિયત અને શમ્સુદ્દ દુનિયા-વ-દ્દીન તેમનો ઇલ્કાબ હતો. તેમના પિતા મહમૂદ આઝમ બિન મોહમ્મદશાહ બીજા, બિન અહમદશાહ, અમદાવાદના સ્થાપક હતા. હિ. સ. ૮૮૦ (ઈ. સ. ૧૪૭૫)માં અમદાવાદમાં તેમનો જન્મ થયો હતો. મા મરી જવાથી તેની દાદી હાંસબાઈની દેખરેખ નીચે તેમણે કેળવણી હાસેલ કરી હતી તેમ જ ઊછર્યા હતા. તેમને શરૂઆતની સામાન્ય તાલીમ મળી હતી, પરંતુ ઉચ્ચ કેળવણી તે જમાનાના ઉત્તમ વિદ્વાનો મારફત આપવામાં આવી હતી. દાખલા તરીકે, કાઝી જમાલુદ્દીન મોહમ્મદ બહરક પાસેથી વ્યાકરણ, મુલ્લા મોહમ્મદ સિયાવશ શીરાઝી પાસેથી ખત્તાતી અને મુસ્નદે આલી ખુદાવંદખાન મજદુદ્દીન પાસેથી હદીસનું જ્ઞાન હાસેલ કર્યું. પોતે કુરાનના હાફિઝ પણ હતા. સંગીત અને શાએરીમાં રસ લેતા હતા. જ્યારે મન્ડુ (માળવાનું પાયતખ્ત) જીતી લેવામાં આવ્યું ત્યારે દરબારી શાએરોમાંથી સંખ્યાબંધ લોકોએ તેની સાલ લખી, પરંતુ એક શાએરે ફક્ત સાલ કાઢી અને સુલ્તાન મુઝફ્ફર આગળ પેશ કરી. સુલતાને સત્વર તે ઉપરથી એક રૂબાઈ બનાવી.

"મુઝફ્ફરશાહ કર્દા ફત્હે મન્ડુ કે અવ્વલ તખ્તગાહશ ધાર બાશદ,
અગર પુરસંદ અઝ તારીખે ફત્હશ પરીશાનીએ હમા કુફ્ફાર બાશદ."

(અર્થાત્ મુઝફ્ફરશાહે મન્ડુ ઉપર જીત મેળવી, જેનું પહેલું પાયતખ્ત ધાર હતું. જો તેની ફતેહની તારીખ પૂછવામાં આવે તો તે તમામ કાફિરોની પરીશાની ઉપરથી નીકળે છે). એવી રીતે મુલ્લા અયૂબે[2] એક રૂબાઇ કહી જે અફીણના ઉપયોગના ઉત્તેજન માટે હતી.

---

૧. તઝકિરએ અકદ્દસ-પ્રેસ મઆરિફ (આઝમગઢ).
૨. જુઓ ૪૦. પૃષ્ઠ ૧૦૩

કોઈએ બાદશાહને તે સંભળાવી. તેણે ફક્ત એક અક્ષર બદલી તેનો તમામ ભાવાર્થ બદલી નાખ્યો.

શાએરે નીચે પ્રમાણે લખ્યું હતું:—

"બુખૂર અયે ખાજા ઝર્રએ અફિયુન,
કે મુમિદત બ વક્ત હલ બાશદ.
ઉલમારા મુનાસિબ અસ્ત અફિયુન,
ઇલ્મ બાયદ કે બા અમલ બાશદ.

(અર્થાત્ ઓ ખાજા! અફીણની એક કણી ખા,
જેથી નિરાકરણ સત્વર તારી વહારે આવશે.
અફીણ વિદ્વાનો માટે યોગ્ય છે.
જ્ઞાન વ્યવહારુ હોવું જોઈએ.)

સુલતાને પહેલા મિસરાનો પહેલો લફઝ બદલી "મખૂર" કર્યો, જેનો ખાવા માટે મનાઇ કરતો અર્થ થયો, એટલે કે "ન ખા". આ ઉપરથી બાદશાહની ચાતુરી અને કવિત્વશક્તિનું માપ મળે છે. સુલતાન મુઝફ્ફરને રાજ્યવ્યવસ્થા કરતાં જ્ઞાન અને વિદ્યાનો વધારે શોખ હતો. આ ઉપરથી એમ જણાય છે કે જરૂર તેમણે કોઇ ગ્રંથ રચ્યો હશે, પરંતુ અફસોસની વાત છે કે મારા સુધી તે પહોંચ્યો નથી. હિ. સ. ૯૩૨ (ઇ. સ. ૧૫૨૫) જમાદિઉલ્ અવ્વલની ૨૨ મી તારીખને શુક્રવારે અમદાવાદમાં તેમનું અવસાન થયું, અને તેમના શબને તેમના બાપની કબર પાસે સરખેજમાં દફનાવવામાં આવ્યું.[1]

૧૪. સૈયદ મોહમ્મદ મીરઃ—તેમનું તખલ્લુસ સોઝ હતું. અમદાવાદમાં તે જન્મ્યા હતા. હઝરત શાહ કુત્બેઆલમના વંશજોમાંથી હતા. તેમનું નામ સૈયદ ઝિયાઉદ્દીન હતું. એ ચોક્કસ જાણવાનું ન મળ્યું કે તેમના પિતા અમદાવાદથી હિજરત કરી દિલ્હી કયારે ગયા હતા. તે વિદ્વાન હતા, અને દિલ્હીના તમામ લોકોમાં તેમનું માન હતું, ઉચ્ચ કોટિના લહિયા હતા ઘોડેસવાર તરીકે અને તીર

૧. મુઝફ્ફરશાહી-ઉર્દૂ હસ્તલિખિત.

અન્દાઝીમાં પરિપૂર્ણ હતા. હરેક શખ્સ તેમની કમાન ચડાવી ન શકતો હતો. સૂફીવાદને પોતે માનતા હતા. હિ. સ. ૧૧૯૧ (ઇ. સ. ૧૭૭૭)થી માંડી હિ. સ. ૧૨૧૩ (ઈ. સ. ૧૭૯૮) પર્યંત લખનૌમાં રહ્યા. તે દરમિયાન થોડા સમય માટે મુર્શિદાબાદ (બંગાળામાં) પણ ગયા હતા. લખનૌમાં આસફુદ્દૌલા (અયોધ્યાના ગવર્નર)ની સરકારમાં નોકર તરીકે રહ્યા હતા. હિ. સ. ૧૨૧૩માં (ઈ. સ. ૧૭૯૮) ત્યાં જ તેમનું અવસાન થયું. તીર અન્દાઝી (બાણવિદ્યા) ઉપર એક રિસાલો તેમણે લખ્યો હતો. સૂફીવાદ ઉપર પણ કેટલાક પત્રો છે. ઉર્દૂમાં તેમની એક દીવાન છે.[1]

૧૫. **શેખ ઇનાયતઃ**—બાપનું નામ શેખ દાકુ હતું. સૂરત કે મુંબઇના રહેવાસી હતા. તેમના ખાનદાનનો ધંધો વહાણવટાનો હોવાથી તે પણ તે જ ધંધામાં દાખલ થયા. તેમના જમાનામાં જહાઝો મુંબઇથી સૂરત, ભરૂચ, ખંભાત અને દીવ થઇ બસરા જતાં હતાં. દીવથી મોખ્ખા (યમન) જતાં હતાં. ઘણું કરીને શેખ ઇનાયતનાં વહાણો પણ એ જ માર્ગે જતાં હશે. જહાઝમાં તેમનો હોદ્દો મોઅલ્લિમનો હતો, અને તેમના પિતાનો પણ એ જ હોદ્દો હતો.

પુરાણા જમાનામાં સમુદ્ર અને તારાની પરિસ્થિતિથી વાકેફ આદમીને મોઅલ્લિમ કહેતા હતા. તે સમયે નિયમિત તાલીમ આ કાર્ય માટે આપવામાં આવતી હતી. તાલીમ હાસેલ કર્યા પછી શીખનારને અનુભવ આપવામાં આવતો. એ પ્રમાણે કેળવાયેલો શખ્સ જહાઝોના રસ્તાની દોરવણી આપતો, અને તેના જ હુકમથી જહાઝો એક રસ્તો છોડી બીજો લેતાં.

શેખ ઇનાયતે એક કિતાબ જહાઝરાની (વહાણવટા) ઉપર લખી છે, તે સંપૂર્ણ અને વિગતવાર છે. તેમાં સમુદ્રોની તથા તેના વાતાવરણની તથા તેમાં થતાં તોફાનોની કેફિયત, તેમ જ ગ્રહોના હલનચલન વગેરેનું વર્ણન

---

૧. તઝકિરએ મીર હસન–આબે હયાત.

છે. ઘણું કરીને આજ પર્યંત એ કિતાબ છપાઈ નથી. હિ. સ. ૧૧૯૬ (ઈ. સ. ૧૭૮૧)માં તેની કોઇ બીજી કિતાબમાંથી નકલ કરવામાં આવી હોય એમ જણાય છે, કારણ કે તે ક્રમ વગર શરૂ કરવામાં આવેલી છે, અને વચ્ચે વચ્ચે કોઈ કોઈની દૈનિક નોંધ પણ આવી જાય છે. કિતાબ મોટી અને નસ્ખ લખાણ છે, પણ તેના છેવટના ભાગમાં લખવામાં આવ્યું છે કેઃ—

"કાતિબ અને માલિક, નમ્ર તકસીરવાર મોઅલ્લિમ ઇનાયત બિન મોઅલ્લિમ શેખ દારૂ.—મુંબઇ બેટ—રજબ મહીનો."[1]

આ ઉપરથી એમ જણાય છે કે ખુદ ગ્રંથકારના હાથે આ કિતાબ લખાયેલી છે, અને ઘણું કરીને તે મુસદ્દો જ છે. જો કે છેવટના ભાગમાં સાલ આપવામાં આવી નથી તેમ છતાં આંતરિક પુરાવા ઉપરથી હિ. સ. ૧૧૯૬ (ઇ. સ. ૧૭૮૧) ની સાલ માલૂમ પડે છે.

[2]**૧૬. સૈયદ મોહમ્મદઃ**—તેનો ઈલ્કાબ મહમૂએ આલમ હતો. અબુલ મજદ એની કુનિયત હતી, તેના પિતાનું નામ સૈયદ જાફર બદ્રે આલમ હતું. (ઇ. સ. ૧૬૩૭) હિ. સ. ૧૦૪૬ની રબીઉલ અવ્વલની ૨૦ મી તારીખે અમદાવાદમાં તેનો જન્મ થયો હતો. તાલીમ અને તરબિયત તેણે પોતાના પિતા પાસેથી હાસેલ કરી હતી. કિતાબોના અભ્યાસ અને જ્ઞાનોપદેશથી ફારેગ થઈ બાકીનો સમય ખુદાની ઈબાદતમાં પોતે ગાળતો. શાહજહાં પાદશાહે વહીવટખત તેને પોતાના હસ્તથી લખી આપ્યું હતું. તેના રચેલા ગ્રંથોમાં ફારસીમાં લખેલી એક તફસીર મશહૂર છે. એ કિતાબની ખસુસિયત એ છે કે તેમાંની તમામ તફસીરોમાં મોહમ્મદ સલ૦ના કુટુંબ કબીલાના માણસોની કહેલી રિવાયતો છે. બાકીના ગ્રંથો તેણે અરબી ઝબાનમાં રચેલા

---

૧. રિસાલએ જહાઝરાની–હસ્તલિખિત–કુતુબખાના–જામે મસ્જિદ, મુંબઈ
૨. જુઓ ૧૩, પૃષ્ઠ ૨૮.

છે. તે અતિ સદ્‌ગુણી અને પવિત્ર શખ્સ હતો. તેના શાગિર્દોમાં મૌલાના શેખ નૂરૂદ્દીન હતા.

તેનું અવસાન હિ. સ. ૧૧૧૧ (ઇ. સ. ૧૬૯૯)ના જમાદીઉલ અવ્વલની ૧૯મી તારીખે થયું હતું. "મોહમ્મદ બૂદ સાની શાહઆલમ." (મોહમ્મદ બીજો શાહઆલમ હતો) ઉપરથી તેના મરણની સાલ નીકળે છે. કુબ્બએ મકબુલિઆમાં શાહઆલમની કબરની પૂર્વ તરફ તેના શબને દફનાવવામાં આવ્યું હતું.[1]

[2]૧૭. સૈયદ જાફરઃ—બદ્રેઆલમ તેમનો ઇલ્કાબ હતો. તેમના બાપનું નામ સૈયદ જલાલ હતું. હિ. સ. ૧૦૨૩ (ઇ. સ. ૧૬૧૪)-ના શાબાન મહિનાની ૧૨ મી તારીખે અમદાવાદમાં તેમનો જન્મ થયો હતો. તેમને કેળવણી આપવાનું તેમ જ ઉછેરવાનું કામ તેમના પિતાએ કર્યું હતું. તે ઉચ્ચ કોટિના વિદ્વાન હતા. હદીસ અને તફસીરના માહેર હતા. તેમણે બેશુમાર કિતાબો લખી હતી, પરંતુ સૌથી વધારે મશહૂર "રૌઝાતે શાહિયા" છે, જે વિસ્તીર્ણ છે અને જેના ચોવીસ ભાગો છે. વીસ ભાગોમાં મહાત્માઓનાં જીવનવૃત્તાંતો છે અને ચારમાં તફસીર, હદીસ અને બીજી પરચૂરણ બાબતો લખેલી છે. આજ પર્યંત એ કિતાબ છપાઇ નથી એ દિલગીરીની વાત છે. એના કેટલાક ટુકડા મેં જોયા છે. પોતે અતિ ત્વરાથી લખી શકતા હતા.—જેમકે અઢાર પહોરમાં (ચોપન કલાકમાં) તમામ કુરાને શરીફ લખી નાંખતા હતા. દુનિયાદારી તરફ તેમને નફરત હતી. ઇબાદત અને ધર્મોપદેશમાં વધુ વખત ગાળતા હતા. હઝરત પીર મોહમ્મદશાહની દરગાહના કુતુબ-ખાનામાં તેમના લખાણનો નમૂનો મોજૂદ છે. હિ. સ. ૧૦૮૫ (ઇ. સ. ૧૬૭૪)ના ઝિલહજ્જ મહિનાની નવમી તારીખે તેમણે બાકી દુનિયા તરફ પ્રયાણ કર્યું હતું. તેમની એક કિતાબ "આમાલે શાહિયા" હિ. સ. ૧૧૬૫ (ઇ. સ. ૧૭૫૧)ની સાલની લખેલી છે, જેની હસ્ત-

---

૧. ખાતેમએ મિરાતે અહમદી–ઉર્દૂ–પૃષ્ઠ ૬૨
૨. જુઓ ૧૨, પૃષ્ઠ ૨૮.

લિખિત નકલ ભરૂચના કાઝી સાહેબના કિતાબખાનામાં મોજૂદ છે.

[1]૧૮. **સૈયદ જલાલુદ્દીનઃ**—તેમનો ઈલ્કાબ મકસૂદે આલમ હતો. તેમના પિતાનું નામ સૈયદ મોહમ્મદ હતું. હિ. સ. ૧૦૦૩ (ઇ. સ. ૧૫૯૪)માં અમદાવાદમાં તેમનો જન્મ થયો હતો. મૌલાના હુસેન શયખાની પાસેથી સામાન્ય તાલીમ તેમણે હાસેલ કરી હતી, પરંતુ શેખ અબ્દુલ અઝીઝ પાસે રહી તેમણે તે ખતમ કરી. પોતાના પિતા પાસે સૂફીવાદ શીખ્યા–પોતે શાએર પણ હતા. તેમનું તખલ્લુસ "રઝા" હતું. "નાત" (મોહમ્મદ પયગમ્બરની પ્રશંસા) ઉપર લખેલી તેમની ઘણી રૂબાઇઓ મશહૂર છે સૂફીવાદ ઉપરની રૂબાઇમાં પોતાની મતલબ નીચે પ્રમાણે પ્રદર્શિત કરે છેઃ

"અઝ કસ્બે હુનર મુરાદ માલ અસ્ત અય દિલ,
વઝ ઇલ્મો અમલ ગરઝ કમાલ અસ્ત અય દિલ,
મતલૂબ ઝે આશકી વિસાલ અસ્ત અય દિલ,
મકસૂદ ઝે હસ્તીઅમ જલાલ અસ્ત અય દિલ.

[અર્થાત્ ઓ દિલ! હુનર હાસેલ કરવો એટલે દોલત મેળવવી. જ્ઞાન સંપાદન કરી તેનો અમલ કરવો એનો અર્થ પરાકાષ્ઠાએ પહોંચવું થાય છે. આશકીની મતલબ (ખુદા સાથે) મુલાકાત એ છે, અને આપણી હસ્તીનું ધ્યેય (ઈશ્વરી) પ્રકાશ (જલાલ)–શાએરનું નામ પણ–છે.]

જો કે તે પોતે શશહઝારી (૬૦૦૦ ઘોડેસવારોના સરદાર)નો હોદ્દો ભોગવતા હતા તે છતાં તેમનું દિલ એક ફકીરના જેવું હતું. ઘણું કરીને રાતે જાગ્રત રહી ખુદાની ઇબાદતમાં વખત પસાર કરતા હતા. તેમના હાથ કામમાં અને તેમનું દિલ યાદ (ખુદાની યાદ)માં ગૂંથાયેલું રહેતું હતું. તેમની રૂબાઈનો સંગ્રહ આજ પર્યંત છપાયેલો નથી.

---

૧. જુઓ ૧૧, પૃષ્ઠ ૨૮.

હિ. સ. ૧૦૫૯ (ઇ. સ. ૧૬૪૯)માં લાહોરમાં તેમનું અવસાન થયું હતું. તેમની લાશને અમદાવાદમાં લાવી દફનાવવામાં આવી હતી.[1]

[2]૩૧૯. **સૈયદ મોહમ્મદઃ**—મકબૂલે આલમ તેમનો ઇલ્કાબ હતો. તેમના પિતાનું નામ સૈયદ જમાલુદ્દીન હતું. તેમનો જન્મ હિ. સ. ૯૮૯ (ઈ. સ. ૧૫૮૧)માં થયો હતો. તેમણે તમામ તાલીમ અને તરબિયત તેમના પિતા પાસેથી સંપાદન કરી હતી. પોતે એક મહાન વિદ્વાન હતા. પોતાના પિતાના અવસાન પછી પોતે પંડે સજ્જાદાનશીન થયા અને પોતાની તમામ ઉમર લોકોને દોરવણી આપવામાં પસાર કરી. અકબરશાહના સમયના તમામ અમીરઉમરાવોનો તેમના પર વિશ્વાસ હતો અને તેમના તરફ તેઓ માનની દષ્ટિથી જોતા હતા. તેમણે બેશુમાર કિતાબો રચી હતી, પરંતુ તેમાં સૌથી મશહૂર "જમઆતે શાહિયા" છે. તેના સાત ભાગ છે. ખરેખર તે એક જાતનાં સૂત્રો છે. શાહ-આલમના જમાનાની જે વાતો હિદાયત માટે તેઓ કહેતા હતા તેનો એક જ ઠેકાણે સંગ્રહ કરવામાં આવ્યો છે, તે આજ પર્યંત છપાયો નથી, અને તે કિતાબ મળતી પણ નથી. તેના કેટલાક ટુકડા અમદાવાદમાં કેટલાક લોકો પાસે છે. તે હિ. સ. ૧૦૪૫ (ઈ. સ. ૧૬૪૫)માં આ દુનિયામાંથી કૂચ કરી ગયા. તેમના શબની દફનક્રિયા સૈફખાનના બંધાવેલા રોજામાં કરવામાં આવી હતી. તેમણે "લતાયફે શાહિયા" નામની બીજી કિતાબ પણ લખી હતી, જેમાં શાહઆલમની ઈબાદત માટેનાં સૂત્રોનો ઉલ્લેખ છે.

[3]૩૨૦. **શેખ નૂરૂદ્દીનઃ**—મખ્દૂમુલ આલમ એમનો ખિતાબ હતો અને ઉસ્તાદુલ્‌કુલ ઇલ્કાબ હતો. તેમના બાપનું નામ શેખ મોહમ્મદ સાલેહ હતું. તેમનો જન્મ હિ. સ. ૧૦૬૦ (ઇ. સ. ૧૬૫૦)માં અમદાવાદમાં થયો હતો. બાળપણથી જ તેમનામાં ખૂબ ચાલાકી

---

૧. ખાતેમએ મિરાતે અહમદી–ફર્દૂ.
૨. જુઓ ૧૦, પૃષ્ઠ ૨૭.
૩. જુઓ ૧૫, પૃષ્ઠ ૨૯.

હતી, તે એટલે સુધી કે ફક્ત સાત દિવસમાં જ (સાદી શીરાઝીની) ગુલિસ્તાન તેમણે ખતમ કરી દીધી હતી. તેમણે સામાન્ય વિષયોનું જ્ઞાન અહમદ બિન સુલેમાન કુર્દી (અમદાવાદી) પાસે હાસેલ કર્યું હતું. સૂફીવાદ, હદીસ અને બીજા ધાર્મિક વિષયો હઝરત મહમૂએ આલમ પાસે શીખ્યા હતા. પોતે પોતાના સમયના મહાન વિદ્વાન હતા. તેમનાથી અધિક વિદ્વત્તા ધરાવતો વિદ્વાન અમદાવાદમાં તે વખતે કોઈ ન હતો. શેખુલ ઈસ્લામ મોહમ્મદ ઈકરામુદ્દીને એકલાખ ચોવીસ હજાર રૂપિયાનો ખર્ચ કરી એક મદ્રેસા, બોર્ડિંગ, અને મસ્જિદ તૈયાર કરાવી તેમને સોંપ્યાં હતાં. આસ્ટોડિયામાં આજ પણ તેનાં ખંડિયેરો મોજૂદ છે. દરેક વિષય ઉપર તેમણે રચેલા ગ્રંથો જે મોજૂદ છે તેની સંખ્યા અત્યારે ૧૭૦ થી વધારે છે. તેમાં ફારસીના કરતાં અરબી ઝબાનની કિતાબો વધુ પ્રમાણમાં છે. પાઠ્યપુસ્તકો ઉપરાંત ખાસ સૂફીવાદ ઉપર સુંદર ગ્રંથો તેમણે રચેલા છે, પરંતુ સૌથી વધારે મશહૂર તેમની તફસીર છે. તે તમામ નથી પરંતુ ફક્ત સૂરએ ફાતિહા, પારએ અલેફ લામ મીમ (પહેલા પારા)ની તફસીર (વિવરણ) છે. પરંતુ તે ઘણી મોટી છે. તેમની મદ્રેસાની શોહરત એટલી બધી થઈ ગઈ હતી કે તેથી શાહ વજીહુદ્દીનની પુરાણી મદ્રેસાની કીમત ઓછી થઈ ગઈ. તેમણે શાહી વજીફાનો બિલકુલ સ્વીકાર ન કર્યો, તેમ જ કદી તેમણે સોના ચાંદીને પણ હાથ લગાડ્યો ન હતો. વાંચન તેમ જ ભણાવવામાંથી અને ગ્રંથો લખવામાંથી જે સમય બાકી રહેતો તે ખુદાની ઇબાદતમાં પસાર કરતા. ૯૦ વર્ષનું લાંબું આયુષ ભોગવી હિ. સ. ૧૧૫૫ (ઈ. સ. ૧૭૮૨)માં તેમનું અવસાન થયું હતું. અમદાવાદમાં આવેલા આસ્ટોડિયા મહોલ્લામાં મસ્જિદ અને મદ્રેસા નજીક તેમની દફનક્રિયા કરવામાં આવી હતી. તેમની કબર આજ પર્યંત મોજૂદ છે. લોકો ફાતેહાખાની માટે ત્યાં જાય છે,

[1]૨૧. કાઝી મોહમ્મદ નિઝામુદ્દીનખાનઃ—તેમના પિતાનું

---

૧. જુઓ ૧૬, પૃષ્ઠ ૨૯૦

નામ શેખ નૂરૂદ્દીન હતું. બચપણથી જ તેમને વિદ્યાનો શોખ હતો. કુરાને શરીફના હાફિઝ હતા. સામાન્ય તેમ જ કુરાન, હદીસ વગેરે વિષયોનો તેમણે અભ્યાસ કર્યો હતો. ગણિતશાસ્ત્ર પણ સારી રીતે જાણતા હતા. પોતે સાહિત્યકાર તેમ જ શાએર પણ હતા. હિ. સ. ૧૧૫૧ (ઈ. સ. ૧૭૩૮)માં અમદાવાદના કાઝી તરીકે તેમની નિમણૂક થઈ હતી. તેમના રચેલા ગ્રંથોમાં "રિસાલએ ફઝીલતે ઇલ્મ", 'મીઝાનુસ્સાઅત' અને "રિસાલએ કહવા" મશહૂર છે. કહવા (કોફી) મહાન અકબરના વખતમાં હિંદુસ્તાનમાં લાવવામાં આવી હતી. કાવો પીવો કે ન પીવો એ વિષય ઉપર વિદ્વાનોમાં ગરમાગરમ વાર્તાલાપ ચાલ્યો હતો, તેથી કાઝી તરીકે તેના ફાયદા અને ગેરફાયદા વિશેનો ફેસલો એમણે આપ્યો હતો. "રિસાલએ મીઝાન"માં વખત વિશે બિયાન છે. કલાક, ઘડી, પળનો હિસાબ કરી નમાઝનો વખત બતાવવામાં આવ્યો. હિ. સ. ૧૧૬૫ (ઈ. સ. ૧૭૫૧)માં અમદાવાદમાં જ તેમનું અવસાન થયું હતું. તેમના વૃદ્ધ બાપની કબર પાસે જ તેમના શબને દફનાવવામાં આવ્યું હતું. વિદ્વત્તાની દૃષ્ટિએ કાઝીસાહેબ ઊંચા દરજ્જાના વિદ્વાન હતા. લોકો તેમને બહુ માન આપતા હતા. તે સમયના સુલતાનનું પણ તેમના તરફ સુંદર વર્તન હતું. તે મોભ્ભાદાર શખ્સ હતા.

૨૨. શેખ હામિદ બિન શેખ અબ્દુલમજીદ બિન શેખ અહમદ, શેખ ઉસ્માનના ભાઈઃ—તેમનો જન્મ અમદાવાદમાં થયો હતો. શેખ ઉસ્માન હિ. સ. ૯૬૨ (ઇ.સ. ૧૫૫૪)માં ત્રીજા સુલતાન અહમદશાહ ગુજરાતીના દીવાન હતા, તેથી ઘરમાં પણ પોતે આનંદથી રહેતા. શેખ હામિદ સૂરત ચાલ્યા ગયા, અને હિ. સ. ૧૦૫૦ (ઇ. સ. ૧૬૪૦)થી ત્યાં રહેવાનું રાખ્યું. હિ. સ. ૧૦૫૩ (ઈ. સ. ૧૬૪૩)માં સૂરત શાહજહાનની પુત્રી જહાનઆરા બેગમને જાગીરમાં આપવામાં આવ્યું, ત્યારથી ત્યાંના વેપારીઓમાં શેખ હામિદ મશહૂર હતા. તેમની સુંદર ખિદમતની કદર તરીકે "ઉમ્દતુલ્તિજ્જાર"-

નો ઇલ્કાબ તેમને આપવામાં આવ્યો હતો. જવાહેરાતથી મઢેલું ખંજર, સોનેરી ફેંટો, ઝબ્બો, કલગી વગેરે ખિલતમાં આપવામાં આવ્યાં હતાં. એક લાખ રૂપિયાની જકાતની માફી આપવામાં આવી હતી. પુષ્કળ દોલત અને દુનિયાદારીનાં રોકાણો હોવા છતાં તેમનું વલણ વિદ્યા, હુન્નરકળા વગેરે તરફ પુષ્કળ હતું. તે પોતે મહાન વિદ્વાન હતા. તેમની લખેલી ઘણી કિતાબો છે પરંતુ "રિસાલએ હામિદિયા" નામનો એક ગ્રંથ સૂફીવાદ ઉપર જે તેમણે લખ્યો છે તે હાલમાં બખ્શુમિયાંના કિતાબખાના(સૂરત)માં મોજૂદ છે. તે ૧૦૭ વર્ષનું લાંબુ આયુષ ભોગવી હિ. સ. ૧૧૧૩ (ઈ. સ. ૧૭૦૧)માં મરણ પામ્યા હતા. તેમના શબને સૂરતમાં દફનાવવામાં આવ્યું હતું.[1]

૨૩. શેખ મોહમ્મદ ફાઝેલ:–શેખ "હામિદ ઉમ્દતુલ્તિજ્જાર"ના પુત્ર હતા. તેમનો જન્મ સૂરતમાં થયો હતો અને ત્યાં જ તેઓ ઊછર્યા હતા, તેમ જ તાલીમ હાસેલ કરી હતી. ઔરંગઝેબના જમાનાના છેવટના ભાગમાં "ઉમ્દતુલ્તિજ્જાર"ના ઈલ્કાબસહ બાપનો પૂરો વારસો ઔરંગઝેબના ફરમાનથી તેમને મળ્યો. ત્યાર પછી વેપારમાં એટલી હદ સુધી તેઓ વધ્યા કે હરેક સાલ ૬૦,૦૦૦ રૂપિયા જેટલી રકમ ઝકાત (ઈસ્લામ ધર્મ મુજબ સેંકડે અઢી ટકાની ખેરાત)માં વાપરતા હતા. પોતે મહાન વિદ્વાન હતા. પોતાના ઘરમાં ૪૦૦૦ કિતાબોનો સંગ્રહ કરી કિતાબખાનું બનાવ્યું હતું. કિતાબોના એવા શોખીન હતા કે દરેક મોટા શહેરમાં તેમનો એક એજન્ટ રહેતો હતો, જે કિતાબોની નકલ કરી કરીને તેમના ઉપર મોકલતો હતો. તેમણે શેખ ઝયનુલ આબેદીન અહમદાબાદી પાસે પોતાની તાલીમ પરાકાષ્ઠાએ પહોંચાડી. તેમણે ઘણી કિતાબો લખી હતી. "નસીહતુસ સિગાર" અને "હિદાયતુલ મિસ્કીન" સિવાયની તમામ કિતાબો અરબી ઝબાનમાં છે. દાખલા તરીકે મોઅર્રફતુલ ફઝાઈલ, શરહે શમાઇલ, હાશિયએ દુરર, હિઝબુલ મહઝૂબ વગેરે. પોતે શાએર

---

૧. હકીકતુસ્ સૂરત, પૃ૦ ૬૩.

પણ હતા. તેમનું તખલ્લુસ ફાઝેલ હતું. અરબી, ફારસી, ઉર્દૂ અને ગુજરાતીમાં તેમની શેરો મોજૂદ છે. હિ સ. ૧૧૨૮માં પોતે હજ માટે મક્કા ગયા. હિ. સ. ૧૧૨૯માં (ઈ. સ. ૧૬૧૯) પાછા ફર્યા; પછી અમદાવાદ આવતાં વડોદરા પાસે સૂરત બંદરના અમલદાર હૈદર કુલી ખાનના કહેવાથી અદાવતને લઇને કોળીઓએ તેમનું ખૂન કર્યું. તેમની દફનક્રિયા અમદાવાદમાં કરવામાં આવી હતી.

[1]૨૪. **શેખ અહમદ રઝીયુદ્દીનઃ**—બખ્શુમિયાંના નામથી પંકાયેલા હતા. ખાસ સૂરતના જ રહેવાસી હતા. ત્યાં જ તેમનો જન્મ થયો હતો. તાલીમ અને તરબિયત પણ ત્યાં જ હાસેલ કર્યા હતાં. પોતે આલેમ તેમ જ શાએર પણ હતા. બ્રિટિશ ગવર્નમેન્ટના મુન્સિફના હોદ્દા ઉપર તેમની નિમણૂક થઇ હતી. હિ. સ. ૧૨૬૫ (ઈ. સ. ૧૮૪૮)માં બારડોલીમાં એ જ હોદ્દા ઉપર કામ કરતા હતા–તે સમયે પેટમાં ચૂંકનો વ્યાધિ લાગુ પડવાથી મરણ પામ્યા.[2] તેમણે ૪૫ વર્ષનું આયુષ ભોગવ્યું હતું. આટલી નાની વયમાં સરકારી નોકરી કરતા હોવા છતાં તેમણે એવું તો સાહિત્યનું કામ કર્યું હતું કે તે જોઇ આદમી હેરતમંદ થઇ જાય છે. તેમણે ચારસો ચુમાલીસ (૪૪૪) મોતબર કિતાબોની મદદથી "હદીકએ અહમદી" નામે ત્રણ મોટા ભાગનો એક ગ્રંથ રચ્યો છે. પહેલા ભાગમાં તમામ દુનિયાનો ઇતિહાસ છે. બીજા ભાગમાં તમામ હિંદુસ્તાન અને ત્રીજામાં ખાસ ગુજરાતનો ઇતિહાસ છે. તે સાથે વિદ્વાનો, કવિઓ અને સાહિત્યકારો તેમ જ દરેક જાતના લોકોનાં ટૂંક જીવનવૃત્તાંતો તેમાં આપ્યાં છે. તે જ પ્રમાણે દરેક જાતના વિષયો ઉપર પણ એક ખાસ તરેહની ચર્ચા કરી છે. તે એન્સાઇ-ક્લોપિડિયા જેવી એક કિતાબ છે. આજ પર્યંત તે છપાઇ નથી, અને સૂરતમાં મોજૂદ છે. મેં એ કિતાબ જોઇ છે.

[3]૨૫. **શેખ બહાદુરઃ**—તે શેખુ મિયાંના નામથી જાણીતા હતા.

---

૧. જુઓ ૩, પૃષ્ઠ ૨૬. ૨. હકીકતુસ્ સૂરત, પૃ. ૭૯

૩. જુઓ ૭૬, પૃષ્ઠ ૪૦.

સૂરતમાં હિ. સ. ૧૨૪૬ (ઇ. સ. ૧૮૩૦)માં તેમનો જન્મ થયો હતો. ત્યાં જ તે ઊછર્યા હતા તેમ જ કેળવણી લીધી હતી. ઈસ્લામી ઝબાનો તેમ જ વિવિધ વિષયો ઉપરાંત અંગ્રેજી પણ જાણતા હતા. બ્રિટિશ ગવર્નમેન્ટમાં ૧૭ સાલ તેહસીલદારીનું કામ કર્યું. ત્યારપછી વડોદરા સ્ટેટમાં નાયબ સૂબા તરીકે પણ તેમની નિમણૂક થઇ હતી. હિ. સ. ૧૩૦૮ (ઈ. સ. ૧૮૯૦)માં ૬૦ વર્ષની વયે તેમનું અવસાન થયું. તેમણે પોતાના પિતાના કુતુબખાનાનો ઘણો લાભ મેળવ્યો હતો. તેમણે "હકીકતુસ્ સૂરત" નામની એક કિતાબ લખી હતી, જેમાં પોતાના બાપદાદાનાં જીવનવૃત્તાંતો લખ્યાં છે. તે ઉપરાંત સૂરતના રિફાઇ, ઇદ્રુસી, કાદરિયા અને અન્ય મહાત્માઓનાં જીવનચરિત્રો તે કિતાબમાં લખેલાં છે. અબ્દુલ મુનિમ બાઅકઝા, મુંબઇની જામે મસ્જિદના ખતીબે પોતે તે છપાવવાની વ્યવસ્થા કરી હતી; પરંતુ હાલમાં તે મળતી નથી. એ કિતાબમાં સૂરતના મહાત્માઓનો ઘણોખરો ઇતિહાસ મળે છે.[1]

૨૬. **મોહમ્મદ ઝહીરૂદ્દીનઃ**—તેમના પિતાનું નામ ગુલામ મુહિયુદ્દીન હતું. તેમનો જન્મ ભરૂચ જિલ્લામાં આવેલા અંકલેશ્વરમાં થયો હતો. તેમણે આધુનિક જમાના અનુસાર સુંદર કેળવણી લીધી હતી. પોતે કાઝીઓના ખાનદાનના હતા. આજ પર્યંત એ હોદ્દો તેમના ખાનદાનમાં ઊતરી આવ્યો છે. ફારસી ગદ્ય તેમ જ પદ્ય ઉપર પણ તેમનો સારો કાબૂ હતો. પોતાના જમાનાના એક મહાન શાએર હતા. જેમકે તેમણે બખ્શુમિયાં નામથી ઓળખાતા શેખ અહમદના અવસાનની સાલ એક રૂબાઈમાં લખી હતીઃ

"ચું શેખ અહમદ અઝીં દુનિયાયે ફાની,
બસૂયે દારે બાકી પા નિહાદન્દ.
નિદા ઝદ હાતિફે ગેબી બગૂશમ,
બરૂયે ઊ દરે જન્નત કુશાદન્દ."

---

૧. આ તમામ હકીકત હકીકતુસ્ સૂરતમાંથી લીધી છે, પૃ. ૮૦.

(અર્થાત્ જ્યારે શેખ અહમદે આ ફાની દુનિયામાંથી બાકી દુનિયા તરફ (જવાને) પગ ઉપાડયો ત્યારે એક ગેબી અવાજ મારા કાનને અથડાયો, એવો કે જન્નતનો દરવાજો તેમને માટે ખોલવામાં આવ્યો.)

આ શેર ઉપરથી તેમની લાયકાતનો અંદાજ મળે છે, તેમ જ તેમની બુદ્ધિને ઈન્સાફ આપી શકીએ છીએ. હિ. સ. ૧૨૬૫ (ઇ. સ. ૧૮૪૮) પર્યંત તે જીવતા હતા. તેમના અવસાનની સાલ મળી નથી. ઘણું કરીને તે અંકલેશ્વરમાં જ મરણ પામ્યા હતા, અને તેમના શબને ત્યાં જ દફનાવવામાં આવ્યું હતું.

૨૭. શેખ ફતહુલ્લાહ શત્તારી બિન મહમૂદઃ—તેમના બાપદાદાનું અસલ વતન કાશ્મીર હતું, પરંતુ તેમનો જન્મ સૂરત કે અમદાવાદમાં થયો હતો, અને તાલીમ તરબિયત પણ ત્યાં જ હાસેલ કરી હતી. તેઓ સૂફીવાદના શત્તારિયા પંથના હતા. શેખ પીર મોહમ્મદ ચાંપાનેરી જે તે સમયે ઉત્તમ આલેમ લેખાતા હતા, તેની પાસેથી તેમણે તરબિયત હાસેલ કરી હતી. મૌલાના મોહમ્મદ ગૌસ ગ્વાલિયરી નામના મશહૂર મહાત્મા જ્યારે ગુજરાતમાં આવ્યા ત્યારે તેમનું માહાત્મ્ય જોઈ તે તેમના મુરીદ થઇ ગયા. શેખ ફતહુલ્લાહે પોતાના મુર્શિદ શેખ પીર મોહમ્મદ સાહેબની ખિદમતમાં રાતદિવસ રહી તેમના આશીર્વાદનો લાભ મેળવ્યો. તેમણે "મોનિસુલ તાલેબીન" નામની એક કિતાબ લખી હતી, તેમાં તેમના મુર્શિદનું જીવનચરિત્ર અને ચમત્કાર તેમ જ સૂફીવાદની બીજી વાતો પણ લખી છે. પોતાના મુર્શિદના અવસાન પછી તેમના ખલીફા તરીકે તેમની નિમણુક થઇ, અને આખી જિંદગી પોતે લોકોને હિદાયત કરતા રહ્યા.

૨૮. સૈયદ અહમદુલ્લાહ બિન શાહ પીર મોહમ્મદઃ— હિ. સ. ૧૨૩૫ (ઇ. સ. ૧૮૧૯)માં સૂરતમાં એમનો જન્મ થયો હતો. અરબી અને ફારસી સારી રીતે જાણતા હતા. કુરાનના હાફિઝ હતા. સૂરત જિલ્લામાં આવેલા પારચોલ તાલુકામાં બ્રિટિશ સરકાર

તરફથી કાઝી તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી. તેમણે જુદા જુદા વિષયોનો અભ્યાસ પોતાના પિતા શેખ પીર મોહમ્મદ પાસે કર્યો હતો. તે બહુ હોશિયાર હતા. ગદ્ય ઉપરાંત પદ્ય ઉપર પણ બહુ કાબૂ ધરાવતા હતા. જેમકે મોહમ્મદ પેગમ્બર સલ૦ ઉપર નુકતા વિનાના અક્ષરોવાળો એક કસીદો લખ્યો હતો. ફારસી શાએરી અને અબ્જદ પદ્ધતિ પ્રમાણે સાલ કાઢવામાં મહારત ધરાવતા હતા. તેમના રચેલા ગ્રંથો અને તેમની દીવાન હાલમાં મળતાં નથી, પરંતુ સૂરતના બખ્શુમિયાંના કિતાબખાનામાં તેમની એક નઝમ જે તેમણે સૂરતના નવાબની પ્રશંસામાં લખી હતી, તે તથા એક અવસાનની તારીખ આજ પર્યંત મોજૂદ છે. નમૂના માટે બે શેર લખું છું, જેથી તેમની કાવ્યશક્તિને વિશે કંઇક જાણવાનું મળે.

" લિવાયે તહનિયતે ફત્હો શાન બાલા ઝન,
બજમએ લશ્કરે ઇકબાલે ઊ નવાઝી કૂસ.

અમીરે ઉમ્દયે ઝી ખાન્દાન અદાલત જાહ,
કબીરે બલ્દયે સૂરત મુખાતિબે નામૂસ.

(અર્થાત્ ફતેહ અને દબદબા માટે અભિનંદનનો ધ્વજ ઊંચો કર. તેના નસીબનું લશ્કર ભેગું કરવાને નગારું વગાડ. તે ઉમદા, ઇજ્જતદાર, ઇન્સાફી અમીર છે, અને સૂરતના સંમાન્ય ગૃહસ્થ છે.)

હિ. સ. ૧૩૦૯ (ઇ. સ. ૧૮૫૧)માં બલીસરમાં તેમનું અવસાન થયું હતું, અને તેમના શબને દરિયા કિનારે દફનાવવામાં આવ્યું હતું.[૧]

૨૯. સૈયદ મોહમ્મદઃ—તેમનો ખિતાબ સિરાજુદ્દીન અને ઇલ્કાબ શાહઆલમ હતો. તેમના પિતાનું નામ અબ્દુલ્લાહ હતું. તેમની માનું નામ અમિના સુલતાના ખાતૂન હતું, જે કરીમખાન બિન ઇમાદુદ્દીન ખુદાવન્દખાન (સુલતાન મોહમ્મદશાહ બીજાના જમાઇ) ની પુત્રી હતી. તેમનો જન્મ હિ. સ. ૮૧૭ (ઇ. સ. ૧૪૧૪)માં થયો હતો. તેમણે કેળવણી પોતાના પિતા પાસે લીધી હતી. પશ્ચિમની પદ્ધતિ તેમણે શેખ અહમદ ખટ્ટુ પાસેથી હાસેલ કરી હતી. તેઓ તેમના જમાનામાં

---

૧. આ તમામ બાબતો હકીકતુસ્ સૂરતમાંથી લીધેલી છે.

મહાન વિદ્વાન ગણાતા હતા, તેમ જ પવિત્ર પુરુષોમાંના એક હતા. તેમણે ઘણાં પુસ્તકો રચ્યાં હતાં, તેમ જ તેમનાં પુષ્કળ ખતો (પત્રો) છે. તેમાંનાં કેટલાંક અસલ પોતાના હાથથી લખાયેલાં મેં જોયાં છે. અરબી અને ફારસી સારી રીતે જાણતા હતા. મહાન વિદ્વાનો પણ તેમના જ્ઞાન અને અત્યંત અભ્યાસથી આશ્ચર્ય પામતા હતા. અફસોસની વાત એ છે કે આજ પર્યંત તેમનાં રચેલાં પુસ્તકો છપાયાં નથીઃ અરબીમાં વધારે છે અને ફારસીમાં કમ છે. કોઈ કોઈ વખત શાએરીનાં મોતી પણ પરોવતા હતા.

" હરકે બાશદ દર દો આલમ બખ્તયાર,
ઊ કુનદ ખિદમતે મોહમ્મદ ઇખ્તિયાર. "

(અર્થાત્ તેની બંને આલમમાં બખ્ત યારી કરે છે કે જે મોહમ્મદ પેગમ્બર સલ૦ ની ખિદમત ઇખ્તિયાર કરે છે.)

શાહેઆલમે અમદાવાદના મોહમ્મદ ઇખ્તિયારની તારીફમાં એક કવિતા લખી હતી તેમાંથી આ છે; એટલે જ આખરમાં મોહમ્મદ ઇખ્તિયાર લખે છે.

૬૩ વર્ષની પાકી વયે હિ. સ. ૮૮૦ (ઈ. સ. ૧૪૭૫)માં અમદાવાદમાં તેમનું અવસાન થયું અને તેમના મશહૂર રોજામાં તેમના શબને દફનાવવામાં આવ્યું હતું.

૩૦. સદ્રે જહાન ગુજરાતીઃ—તેમનું નામ કિતાબોમાં મળ્યું નથી. ફરિશ્તાએ પોતાની તારીખમાં તેમનું નામ વારંવાર લખ્યું છે. અલાઉદ્દીનના જમાનામાં કાઝી સદ્રુદ્દીન આરિફ સદ્રે જહાન હતા. કુત્બુદ્દીન ખલજીના જમાનામાં કાઝીખાન સદ્ર તરીકે હતા. ગિયાસુદ્દીન અને મોહમ્મદ તઘલખના દરબારમાં કમાલુદ્દીન મોહમ્મદ બિન બુરહાનુદ્દીન સદારતના હોદ્દા ઉપર હતા. ફીરોઝશાહ તઘલખના જમાનામાં સૈયદ જલાલુદ્દીન કિરમાની હતા. આ શખ્સોમાંથી કોઈ પણ ગુજરાતી નથી, તે ઉપરથી એમ અટકળ કરી શકાય છે કે બહુધા ગુજરાતના સુલતાનોના જમાનામાં કોઈ શખ્સ તો સદ્રેજહાન હશે, જેમણે તારીખે-હિંદ લખી હતી. એ તારીખ જહાંગીરના સમય પર્યંત મોજૂદ

હતી, કારણ કે તે સમયના ગ્રંથકારોએ તેનો હવાલો આપ્યો છે. ત્યાર પછીના ઇતિહાસોમાં તેનો ઉલ્લેખ ન આવવાથી એમ જણાય છે કે તેના તરફ કોઇએ ધ્યાન નહિ આપ્યું હોય, અને હાલમાં હિંદુસ્તાનના કોઈ પણ કિતાબખાનામાં આ કિતાબ નજરે પડતી નથી. સંભવિત છે કે યુરોપના કોઇ કિતાબખાનામાં એની કોઈ નકલ હોય.

૩૧. હિસામખાનઃ—તેમનો જન્મ અમદાવાદમાં થયો હતો અને ત્યાં જ તેમણે કેળવણી લીધી હતી. એમના દાદા પણ એક મશહૂર શખ્સ હતા. તેમનું નામ જમાલુદ્દીન મોહમ્મદ બિન મલેક શેખ હતું. મહમૂદ બેગડાએ એમને મોહાફિઝખાનનો ખિતાબ આપી અમદાવાદના ગવર્નર બનાવ્યા હતા, અને ત્યાર પછી વાઇસરૉયનો હોદ્દો તેમને અર્પણ કરવામાં આવ્યો હતો. તેમના તબેલામાં એક હજાર સાતસો ઘોડા હમેશાં રહેતા હતા.[૧] એમના દાદા રાજ્યના ઉમરાવોમાંના એક હતા, તેથી જ હિસામખાને સારી તાલીમ મેળવી હતી. ગુજરાતના ઉત્તમ તવારીખનવીસોમાં એમની ગણત્રી થાય છે. તેમણે "તબકાતે બહાદુરશાહી" નામની એક કિતાબ લખી છે, તેમાં હિંદુસ્તાનના ઇતિહાસ ઉપરાંત ખાસ કરીને સિન્ધના હાકેમો વિશેના બનાવો લખ્યા કે છે જે તેમણે નજરોનજર જોયા હતા. તે જ પ્રમાણે ગુજરાતી સુલતાનોનાં જીવનચરિત્રો પણ વિગતવાર અને સંપૂર્ણ રીતે લખ્યાં છે. બહાદુરશાહ પછી મહમૂદશાહ બીજાના સમય પર્યંત તે હયાત હતા. રાજ ઉપર દેખરેખ રાખનારાઓમાંના તે એક હતા. આથી હરેક જંગના મેદાનમાં તે હાજર હતા. પોતાના ઇતિહાસમાં હરેક જગાએ તેઓ લખે છે કે નજર આગળ બનેલા બનાવનું વર્ણન હું કરું છું. તેઓ તે જમાનાના પ્રખર વિદ્વાન હતા; તેથી જ તેમણે ઇતિહાસ પણ સાહિત્યની જેમ લખ્યો છે,[૨] જેમકે અબુલફઝલે આઇને અકબરી અને અકબરનામા લખ્યાં છે. ઝફરૂલવાલા અને મિરાતે સિકંદરીના ગ્રંથકારોએ એ જ કિતાબમાંથી હકીકતો લીધી છે. હાલમાં એ કિતાબ મળતી નથી,

૧. ઝફરૂલવાલા ભા. ૧, લંડન. ૨. મિરાતે સિકંદરી પૃ. ૨

પરંતુ જહાંગીરના જમાના સુધી તો એનો પત્તો મળે છે, કારણ કે તબકાતે-અકબરી અને તારીખે ફરિશ્તામાં ઉલ્લેખ માટે એના ઉપર જ આધાર રાખવામાં આવ્યો છે. હું વીસ વરસથી એ ગ્રંથની તલાશમાં છું, પરંતુ મેળવી શકયો નથી. હિંદુસ્તાનની કોઈ મશહૂર લાયબ્રેરીની ફેહરિસ્તમાં એ કિતાબ આજ પર્યંત જોવામાં આવી નથી. મેં ઉપર જે લખ્યું છે તેમાંના ઘણાખરા માટે મુઝફ્ફરવાલાની ઝફરૂલવાલા ઉપર આધાર રાખ્યો છે. તેનો ગ્રંથકાર મોહમ્મદ બિન ઉમર આસફી હિસામખાનનો સમકાલીન હતો. અને જ્યારે મોહમ્મદ આસફી મક્કાથી ખજાનો લઈ પાછો આવ્યો ત્યારે સુલતાન મોહમ્મદશાહ બીજાના સમયમાં બંને વચ્ચે મુલાકાત થઇ હોય તો તેમાં કંઇ હેરતમંદ થવા જેવું નથી.'

૩૨. **ફયઝુલ્લાહઃ**—મલેકુલકુઝાત તેમનો ખિતાબ હતો, પરંતુ વધુ પ્રમાણમાં સદ્રેજહાન નામથી મશહૂર હતા. તેમના પિતાનું નામ ઝયનુલઆબેદીન અને દાદાનું નામ હિસામુદ્દીન હતું. તેમના બાપદાદાનું અસલ વતન "બમ્બાન" હતું, જે ઉમાન પાસે યમામાના સૂબામાં આવેલું છે. (મોજમુલબુલ્દાન); પરંતુ સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે સિંધમાં પણ એ નામની એક જગા છે. હું ધારું છું કે એ ખાનદાન અરબસ્તાનથી સિંધ આવ્યું હતું અને લાંબા સમય બાદ સિંધથી ગુજરાત આવી વસ્યું. એ લોકો બગદાદના અબ્બાસી ખલીફાઓ હારૂનર્ રશીદ અને મામૂનર્ રશીદના વંશના હતા. ગુજરાતમાં પણ એ ખાનદાનનાં માણસો વઝારત, સદારત, અમીરૂલ ઉમરા વગેરે ઊંચા હોદ્દા ઉપર હતા. ફયઝુલ્લાહનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમણે કેળવણી પણ ત્યાં જ લીધી હતી અને ઉચ્ચ દરજ્જા ઉપર પહોંચ્યા હતા. તેમની મશહૂર કિતાબ મહમૂદશાહી છે, જેમાં શરૂઆતથી માંડી સુલતાન મહમૂદ હિ. સ. ૯૦૭ (ઈ. સ. ૧૫૦૨) પર્યંતના બનાવો લખ્યા છે. તેનાં ૧૨૮૦ પાનાં છે. તેના છેવટના ભાગમાં લખવામાં આવ્યું છે કે "આ ગ્રંથનો રચનાર ફયઝુલ્લાહ બિન ઝયનુલઆબેદીન બિન હિસામ બમ્બાની ખિતાબ મલેકુલકુઝાત સદ્રેજહાન. હિ. સ. ૯૦૭ ગુજરાતમાં મોહમ્મદાબાદ પાયતખ્તમાં

સાતમા પાદશાહ મેહમૂદશાહ બિન મોહમ્મદશાહ બિન અહમદશાહ બિન મોહમ્મદશાહ બિન મુઝફ્ફરશાહ સુલતાન (તેનાં મુલ્ક અને સલ્તનત યાવદ્દચંદ્રદિવાકરૌ રહો)ના હુકમથી."[1] આ ઉપરથી એમ જણાય છે કે આ કિતાબ ગુજરાતની રાજધાની ચાંપાનેરમાં (મહમૂદ આઝમના સમયમાં) લખવામાં આવી હતી. તે સમયે લોકો ગુજરાતને દક્ખણમાં ગણતા હતા, જેમકે હાલમાં હૈદરાબાદને ઉત્તર હિંદુસ્તાનના લોકો દક્ખણમાં સમજે છે. ફયઝુલ્લાહ આખરે સદ્રેજહાન થયા હતા; અર્થાત્ તમામ ગુજરાતના કાઝીઓને તેમની દેખરેખ નીચે કામ કરવાનું હતું, અને સુલતાન પછીની આખરી અપીલ એમની પાસે જતી હતી.

૩૩. રફિયુદ્દીન બિન સૈયદ જલાલ મોહમ્મદ બિન સૈયદ અહમદ શીરાઝીઃ—અસલ એમનું ખાનદાન શીરાઝથી આવી સિંધમાં વસ્યું. ત્યાર પછી થોડા સમય બાદ તેમના વંશજોએ અમદાવાદમાં મુકામ કર્યો. તે પછી એ ખાનદાનના લોકો ભરૂચ અને બીજી જગાએ પથરાઇ જઇ વસ્યા. રફિયુદ્દીનની વિલાદત ભરૂચમાં થઇ હતી. તેમણે તાલીમ પોતાના પિતાના હાથ નીચે હાસેલ કરી. તે એક મહાન આલેમ હતા. તેમણે એક કિતાબ "કુતૂહાતે અહમદી" નામની લખી છે. શરૂઆતમાં હઝરત મોહમ્મદ સલ૦ ના સમયથી માંડી પોતાના ખાનદાન પર્યંત સૈયદોનો હેવાલ લખ્યો છે. ઘણી જગાએ તે ટૂંકો છે. તેમણે પોતાના ખાનદાનના પૂર્વજોનાં વૃત્તાંતો તફસીલથી લખ્યાં છે અને ખાસ કરીને પોતાના સંબંધમાં તો ઘણાં પાનાં લખ્યાં છે. આ કિતાબ આત્મકથાનો નમૂનો છે. આજ પર્યંત તે છપાઇ નથી. અસલ હસ્તલિખિત કિતાબ ભરૂચના કાઝીસાહેબના કિતાબખાનામાં છે.

[2]૩૪. ગઝની બિન સુલેમાનઃ—તેમની જન્મભૂમિ કયાં હતી તે કંઇ જાણવાનું નથી મળ્યું. અલબત્ત તે ગુજરાતના જ રહેવાસી હતા. શાહઆલમ અને તેમના ખાનદાન વચ્ચે ગાઢ સંબંધ હતો. ઘણું કરીને તેમના પિતા પણ એક મહાન વિદ્વાન હતા અને તેમણે તેમના જ

---

૧. મહમૂદશાહી, હસ્તલિખિત–પેશાવર પ્રેસ ૨. જુઓ ૬૨, પૃ૦ ૩૮.

હાથ નીચે કેળવણી હાસેલ કરી હતી. ફારસી તેમ જ અરબી તરફ પણ એમનું ખાસ વલણ હતું. શાહઆલમનું એક મશહૂર નામ મંજલા કે મંજનમિયાં હતું. કોઈ શખ્સે તેમનું જીવનવૃત્તાંત લખ્યું હતું જેનું નામ તેમણે 'મન્જનશાહી' રાખ્યું હતું. મૌલાના ગઝનીને ઘણું કરીને એ કિતાબ બહુ પસંદ પડી. તેમણે તેની એક ટૂંકી નકલ તૈયાર કરી, જેનું નામ તેમણે "કુમ્ચી" રાખ્યું. એ ટૂંકી નકલ પણ કદમાં કમ નથી. એ કિતાબમાં અસલ હેવાલો ઓછા છે, પરંતુ શાહઆલમના ચમત્કાર વિશે વધુ પ્રમાણમાં ઉલ્લેખ છે. ભાષા તદ્દન સાફ અને સ્વચ્છ છે. આજ પર્યંત તે છપાઈ નથી. તેનો એક નુસ્ખો ભરૂચના કાઝી સાહેબના કુતુબખાનામાં લાંબા સમય ઉપર મેં જોયો હતો. એનો બીજો નુસ્ખો કોઇ બીજી જગાએ હોય એ સંભવિત છે.

[1]૩૫. **મોહમ્મદ કાસિમ બિન સૈયદ અબ્દુર્રેહમાન ચિશ્તી બુખારી:**—તેમનું અસલ વતન બોખારા હતું. તેમના બાપદાદા સિન્ધ થઈ ગુજરાતમાં આવ્યા હતા અને ત્યાં જ રહ્યા હતા. મોહમ્મદ કાસિમનો જન્મ અમદાવાદમાં બુખારીઓના મહોલ્લામાં થયો હતો, અને તાલીમ પણ તેમણે ત્યાં જ લીધી હતી. તેમની વિદ્વત્તા ઉચ્ચ કોટીની હતી. સૂફીવાદમાં તેમને બહુ રસ હતો. ચિશ્તી મહાત્માઓ સાથે તેમને સારો સંબંધ હતો. તેમણે "સફીનતુસ્ સાદાત" નામની કિતાબ લખી છે, તેમાં હઝરત મોહમ્મદ સલ૦ ના ચરિત્રથી શરૂઆત કરી છે. ત્યારપછી તેમના પરિવારનો હેવાલ છે. ત્યારપછી તેમણે શાહઆલમના ખાનદાનના વંશને લીધો છે. આખરના હિસ્સામાં કુત્બેઆલમ, શાહઆલમ અને તેમના ખાનદાનના હેવાલો તેમ જ બનાવો વર્ણવ્યા છે. એ કિતાબ આજ પર્યંત છપાઈ નથી. તેનો એક હિસ્સો ભરૂચના કાઝી સાહેબના કુતુબખાનામાં મેં જોયો હતો. હિ. સ. ૧૧૮૨ (ઇ. સ. ૧૭૬૮) માં એ કિતાબ લખવામાં આવી હતી. મુરીદની બૈઅત લેવાની રીત તેમ જ મુર્શિદ અને મુરીદોના સિલસિલાનું પણ તેમાં વર્ણન છે.

---

૧. જુઓ ૪૯, પૃષ્ઠ ૩૫ તથા ૬૬, પૃષ્ઠ ૩૯.

૩૬. **હાશિમ બિન કમાલુદ્દીન અકબરહુસન કરરારઃ**— બહુધા કરરાર સાહેબ કોઇ ખાતામાં ઓફિસર હતા, તેથી તેમના નામની સાથે મુત્સદ્દી (પોર્ટકમિશ્નર) શબ્દ આવે છે. ભરૂચ કે સૂરતના બંદરમાં કોઈ સમયે મુત્સદ્દી તરીકે કામ કર્યું હોય એ સંભવિત છે. ઘણું કરીને હાશિમસાહેબ ભરૂચમાં જન્મ્યા હતા. અને એ પણ બનવાજોગ છે કે તેમણે ત્યાં જ તાલીમ લીધી હતી. પરંતુ આ ફક્ત અટકળથી જ લખ્યું છે. તેમના વિશે કોઇ પણ કિતાબમાં કંઈ મળ્યું નથી. તેમણે એક કિતાબ "સહાયફુસસાદાત"[1] નામની લખી છે. તેના ત્રણ મોટા ભાગ છે. પહેલામાં દુનિયાની શરૂઆતથી માંડી હઝરતઅલી પર્યંતના બનાવોનું વર્ણન છે. બીજા ભાગમાં હઝરતઅલીથી માંડી ઈમામઅલી નકી પર્યંત અને ત્રીજામાં અલી નકીથી માંડી હઝરત મખ્દૂમે જહાંનિયાન જહાન ગસ્ત અને તેમના પરિવાર સુધી વંશપરંપરા વર્ણન કર્યું છે. આ કિતાબમાં બધી શાખાઓ લીધી છે. દાખલા તરીકે ઉચ્છ, મુલતાન, ગુજરાત (અમદાવાદ) વગેરે. આ કિતાબ હિ. સ. ૧૧૧૪ (ઈ. સ. ૧૭૦૨)માં લખેલી છે એ અસલ છે કે કોઈ નુસખામાંથી લખેલી છે તે માલૂમ પડતું નથી. તેનો સંપૂર્ણ નુસખો ભરૂચના કાઝી સાહેબ પાસે મેં જોયો છે.

[2]૩૭. **શેખ ફયઝ મોહમ્મદઃ**—અમદાવાદના વતની હતા. હિજરી દસમી સદીમાં સલ્તનતનો ઈન્કિલાબ હોવા છતાં અમદાવાદ આલેમો અને સૂફીઓથી ભરેલું હતું. શેખ ફયઝમોહમ્મદે ઘણું કરીને ત્યાં જ તાલીમ હાસેલ કરી હતી. તેમને સૂફીવાદમાં રસ પડતો હતો. તે જ સમયે શાહ અબુતુરાબ શીરાઝીને અકબર પાદશાહે હાજીઓના મીરહાજ (આગેવાન) બનાવી મક્કા મોઅઝમા મોકલ્યા હતા. પાછા ફરતાં મીરસાહેબ હઝરત મોહમ્મદ સલ્લ૦ના કદમનું નિશાન સાથે લાવ્યા હતા. પ્રથમ તો તે દિલ્હી લઇ ગયા અને કેટલાક સમય પર્યંત ત્યાંના લોકો તેની ઝિયારત કરતા રહ્યા. ત્યાર પછી અકબરની પરવાનગીથી હિ. સ. ૯૮૯ (ઈ. સ. ૧૫૮૧)માં તે અમદાવાદમાં લાવવામાં આવ્યું અને તે અસાવલમાં રાખવામાં આવ્યું.[3] શેખ ફયઝમોહમ્મદે

---

૧. જુઓ ૩૯, પૃષ્ઠ ૩૫ ૨. જુઓ ૬, પૃષ્ઠ ૨૭.

૩. ખાતેમએ મિરાતે અહમદી, ઉર્દૂ પૃ૦ ૪૧.

એક રિસાલો લખ્યો છે. તેમાં તે શરીફકદમનો તમામ હેવાલ અને તેની બરકતો વિશે લખ્યું છે. હિ. સ. ૧૧૮૪ (ઈ. સ. ૧૭૧૭) પર્યંત એ કિતાબ મળતી હતી, પરંતુ હવે મળતી નથી. રિસાલાનું નામ "રિસાલએ કદમિયા" છે.

૩૮. **ઇબ્ન અફ્રશઃ**—સુલતાન મહમૂદ આઝમના જમાનામાં તરજુમાનું એક ખાતું ખોલવામાં આવ્યું હતું. તે ખાતામાં જુદીજુદી જાતના વિદ્વાનોની નિમણૂક કરવામાં આવી હતી, જેથી કરીને તેઓ આમ વર્ગના લોકોના ફાયદા માટે અરબી અને ફારસી કિતાબોનો તરજુમો કરે. એક શખ્સને ઇબ્ન ખલ્કાનનો તરજુમો કરવાનું સોંપવામાં આવ્યું હતું, જેનું નામ મન્ઝરૂલઅયાન રાખવામાં આવ્યું હતું. ઇબ્ન અફ્રશ પણ એ જ શખ્સોમાંનો એક હતો. તે ઘણું કરીને યમની કે અમ્માની (અરબસ્તાનનો) હતો.

તેનું ખાનદાન શીરાઝી તેમ જ બોખારીઓના ખાનદાનની જેમ અત્રે આવી વસ્યું હતું. ઇબ્ન અફ્રશને "કિતાબે શિફા" નામની કિતાબનો તરજુમો કરવાનું સોંપવામાં આવ્યું હતું. કિતાબે શિફા હઝરત મોહમ્મદ સલ૦ ના જીવનવૃત્તાંત વિશે મશહૂર અને મોતબર કિતાબ છે. ઇબ્ન અફ્રશે એનો સુંદર રીતે તરજુમો કર્યો છે. પરંતુ ઇબ્ન અફ્રશનો તરજુમો આજ પર્યંત વાંચવાને મળ્યો નથી, અને ઇબ્ન અફ્રશ વિશે બીજું કંઈ જાણવાનું મળ્યું નથી.

૩૯. **આરામશાહ કાશ્મીરીઃ**—બુખારીઓની માફક એમના આપદાદા કાશ્મીરના હતા. મહમૂદ આઝમના જમાનામાં કાશ્મીરના સુલતાનની સાથે તેમનો સંબંધ ગાઢ થઇ ગયો હતો, અને એની કદરદાનીને લઈને વિદ્વાનો ગુજરાતમાં આવી વસ્યા હતા. આરામશાહનો જન્મ ઘણું કરીને મહમૂદાબાદમાં થયો હતો, કારણ આખરી જમાનામાં મહમૂદાબાદમાં મુબારકશાહના સર્વ સાથી રહેતા હતા. અફઘાન, કાશ્મીરી, સિંધી, બુખારી, વગેરે સૌ તેમની સાથે જમા થયા હતા. આખરી જમાનામાં ગુજરાતી સુલતાનના દરબારમાં તેમણે અમીરૂલ્ ઉમરાનો દરજ્જો હાસેલ કર્યો હતો. આરામશાહ કાશ્મીરીએ "તોહફતુસ

સાદાત" નામની એક કિતાબ લખી છે. તેમાં સૈયદ મુબારકના ખાનદાનનો હેવાલ લખી ખુદ તેમનું વૃત્તાંત તફસીલથી લખ્યું છે. ત્યારપછી તેના ચમત્કાર ગણાવ્યા છે. આ કિતાબમાંથી તે જમાનાની રાજ્યવ્યવસ્થા પણ માલૂમ પડે છે. વળી એમ પણ જણાય છે કે તે જમાનામાં એવા મહાન માણસો હતા કે જેઓ એક તરફ અમીરી ઠાઠ રાખતા હતા અને બીજી બાજૂ ફકીરી જીવન ગાળતા હતા.

[1]૪૦. **મુલ્લા અયૂબ**:—ગુજરાતનો વતની હતો. પોતે આલેમ તેમ જ શાએર હતો. શીઘ્રતામાં પ્રખર હતો. મુઝફ્ફરશાહ બીજાના દરબાર સાથે એનો સંબંધ હતો. આખરે તેમણે તેને પોતાના દરબારીઓમાં શામેલ કર્યો હતો. તે ઘણીવાર બાદશાહને પોતાની હાજરજવાબીથી ખુશ કરતો હતો. તેની ગણત્રી શાએરોમાં પણ થતી હતી, જેમકે એક વખતે તેણે અફીણ ખાવા તરફ વલણ દર્શાવતી એક કિતાબ લખી હતીઃ

"બુખૂર અય ખાજા ! ઝર્રએ અફિયુન
કે મુબિદત બ વક્ત હલ બાશદ.
ઉલ્મા રા મુનાસિબ અસ્ત અફિયુન
ઇલ્મ બાયદ કે બા અમલ બાશદ."

(અર્થાત્ ઓ ખાજા, અફીણની એક કણી ખા, જેથી નિરાકરણ સત્વર તારી વહારે આવશે.
અફીણ વિદ્વાનો માટે યોગ્ય છે.
જ્ઞાન વ્યવહારુ હોવું જોઈએ.)

મુલા અયૂબ ખુદ એક મહાન આલેમ હતા. મઝહબની ખિલાફ મુઝફ્ફરશાહ સામે બોલવું એ એક ખતરનાક કામ હતું, પરંતુ તે ગોઠિયો તેમ જ દરબારી હોવાથી ચાલાકોથી વાત કરતો રહેતો; આથી મુઝફ્ફરશાહ કંઇ સાંભળી જાય તો તેનો અર્થ પણ તે બદલી નાંખતો હતો. તેની દીવાન જરૂર હશે, પરંતુ આજ પર્યંત તેનો પત્તો લાગ્યો નથી.

---

૧. જુઓ ૪, પૃષ્ઠ ૨૬.

[1]૪૧. **હલવી શીરાઝીઃ**—તેમનું તખલ્લુસ હલવી હતું. તેમનું અસલ નામ જાણવાનું મળ્યું નથી. તેમનું ખાનદાન શીરાઝી હતું. તે આવી ગુજરાતમાં વસ્યું હતું, જેમકે બોખારી અને ઉરયઝી વગેરેનું થયું હતું તેમ. પહેલા સુલતાન અહમદશાહના દરબારમાં તે મશહૂર શાએરામાંના એક હતા. તેમણે અહમદશાહ પહેલાનો ઇતિહાસ કાવ્યમાં લખ્યો હતો, જેનું તેમણે "અહમદશાહી" નામ આપ્યું હતું. આ કિતાબ મહાન અકબરના જમાના પર્યંત ગુજરાતમાં મોજૂદ હતી. તબકાતે અકબરીના લેખકે એનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ હવે તેમના રચેલા ગ્રંથો "અહમદશાહી" તેમ જ "દીવાન" મળતા નથી. અહમદશાહીની કેટલીક શેઅરો મોલ્વી સિકંદરે પોતાના ઇતિહાસમાં લખી છે તેનાથી એમ મનાય છે કે એ મસ્નવીના છંદમાં છે, અને ફિરદુસીના શાહનામાની જેમ જ લખી છે. શેઅરો સુંદર છે. બયાન મધુર અને ઝબાન ફારસી છે. હિ. સ. ૮૭૮ (ઇ. સ. ૧૪૭૩) પર્યંત એ શાએર હયાત હતા. તેમના વર્ણનનો નમૂનો આ છે. તેમાં અમદાવાદની તારીફ છેઃ

હવાયશ મોઅમ્બર ચુ બાદે બહાર
નસીમશ મોઅત્તર ચુ મુશ્કે તતાર.
બસૂરત નમૂદારે બાગે બિહિશ્ત,
હમા ખાકે ઊ મુશ્કો અંબર સરિશ્ત.
શૂદા સીતે ઊ દર બસાતે ઝમીન.
ઝે મુલ્કે અરબ તા બ સરહદ્દે ચીન.[2]

(અર્થાત્ તેની હવા વસંતના પવનની જેમ અંબરવાળી છે. ત્યાંની પવનની લહેર તાર્તારનો કસ્તૂરીની જેમ ખુશ્બોદાર છે. દેખાવમાં બિહિશ્તના બાગનો નમૂનો છે. ત્યાંની તમામ જમીન કસ્તૂરી અને અંબર જેવી છે. તેની પ્રખ્યાતિ આખી દુનિયામાં અરબસ્તાનથી માંડી ચીનની સરહદ પર્યંત છે.)

---

૧. જુઓ પૃષ્ઠ ૮૩.
૨. મિરાતે સિકંદરી પૃ૦ ૨૯.